بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફ્યૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-જાન્યુઆરી-૨૦૧૧**

મુહર્રમુલ હરામ-સફરુલ મુઝફ્ફર

હિજરી સન : ૧૪૩૨

વર્ષ : ૦૮, અંક : ૦૧, સળંગ અંક : ૮૫

સ્થાપક અને પ્રકાશક

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**Web. :www.barkatekhwaja.net**

**Email : anjuman2006@hotmail.com**

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |

માનદ તંત્રી (B.Sc.)

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

## ● અનુક્રમણિકા ●

| | | |
|---|---|---|
| ૦૧ | મિ. ઝાકિર નાયકની ધોકબાજીની ભીતરમાં ડોકીયુ ! | ૦૨ |
| ૦૨ | એકતાના નામે ઈસ્લામ વિરુદ્ધ વર્તનારાઓને લાલબત્તી ! .......(તંત્રી લેખ) | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૦૮ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૦ |
| ૦૫ | શિફા શરીફ | ૧૨ |
| ૦૬ | હ઼દાઈકે બખ્શિશ | ૧૪ |
| ૦૭ | અવલિયા અલ્લાહની કરામતો | ૧૮ |
| ૦૮ | નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... | ૨૦ |
| ૦૯ | ૭૩માં એક કોણ ? | ૨૩ |
| ૧૦ | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત رحمۃ اللہ تعالیٰ علیہم اجمعین | ૩૦ |
| ૧૧ | આ'લા હઝરત ઈમામ અહમદરઝાખાં رحمۃ اللہ علیہ..... | ૩૧ |
| ૧૨ | ઈમામે અહલે સુન્નતનો હૈરતનાક ફિક઼્હી ઈલ્મી...... | ૩૪ |
| ૧૩ | ઈસ્લામનો નિષ્પક્ષ અભ્યાસ કરો !............ | ૪૦ |
| ૧૪ | આંતકવાદ વિશેની તા'લીમ ઈસ્લામ સ્વીકારવાનો..... | ૪૫ |
| ૧૫ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૭ |

## મન્કુબત : દર શાને ઈમામ હુસૈન رضی اللہ عنہ

તુમ્હારે ખૂં ને અતા કી હૈં ગર્મિયા શબ્બીર رضی اللہ عنہ
રગોંમેં દોળતી ફિરતી હૈં બિજલિયાં શબ્બીર رضی اللہ عنہ

શિગાફ સીનએ બાતિલમેં આપને દેકર
યઝીદિયતકી ઉળા દી હૈં ધજ્જિયાં શબ્બીર رضی اللہ عنہ

તુમ્હારે કઅ્બએ સર પર ઈક ઝમાનેમેં
તવાફ કરતી હૈં રહીં સરફરાઝિયાં શબ્બીર رضی اللہ عنہ

ચલે જહાંમેં જો કુર્બાનિયોંસે કતરાકર
ઉસે નસીબ કહાં કામયાબિયાં શબ્બીર رضی اللہ عنہ

વો શાને બંદાનવાઝી દિખાઈ કે તુમ કો
સલામ કરતી હૈં બંદાનવાઝિયાં શબ્બીર رضی اللہ عنہ

હયાત તુમ પે નિછાવર હૂઈ ઉધર કૂફી
રગળ રગળ કે મરે હૈં સબ એળિયાં શબ્બીર رضی اللہ عنہ

મહે તમામ સમઝતે હૈં લોગ **'અખ્તર'** કો
યહ આપ હી કી હૈં ઝર્રાનવાઝિયાં શબ્બીર رضی اللہ عنہ

*રજૂ. : હાજી અખ્તર અન્સારી ક઼ાદરી રિફાઈ-વડોદરા*

# મિ. ઝાકિર નાયકની ધોકબાજીની ભીતરમાં ડોકીયુ !

કાર્યાલય

છેલ્લા ત્રણ ચાર વરસોથી ''ઈસ્લામ તથા ઈત્તેહાદ''ના રૂડા રૂપાળા નામ સાથે થોડા ને ઘણા દસ દિવસ માટે ટાઈ કોટ પેન્ટવાળા મુબલ્લિગ મિ. નાયક મુંબઈમાં કોન્ફરન્સ કરે છે. મુંબઈમાં સર્વ અખ્બારોમાં તેની ફુલ પેઈજ જાહેરાત તેના મોટા ફોટા સાથે આવે છે. અને કોન્ફરન્સમાં સર્વ પ્રકારની આધુનિક સગવડો હાજરજનોને પૂરી પાડવામાં આવે છે અને આ મિ. પ્રચારના જાઈઝ નાજાઈઝ સર્વ તરીક઼ા અપનાવે છે જેથી દીની જ્ઞાનથી ઓછો વાકેફ એવો યુવાન તબક઼ો એના પ્રતિ આકર્ષાય છે. તેમના આકર્ષણનું કારણ ત્યાંની કરોડોના ખર્ચ થકી થતી ઝાકઝમાળ તૈયારી તથા આરામદાયક સગવડો છે. વળી છેલ્લી ઓકટો.–૧૦માં થયેલ કોન્ફરન્સમાં લોકોને આકર્ષવા હરમ શરીફ તથા મસ્જિદે નબવીના ઈમામને પણ દા'વત આપી અને તે આવ્યા અને કેટલા દિવસો સુધી મીડિયામાં એનો પ્રચાર સતત ચાલુ રહ્યો. લોકો જાણતા નથી કે આ સૌ ''અહલે હદીષ''ના પ્રચારમાં થઈ રહ્યું છે, કે એ સૌ વહાબી છે. આ બધા પાછળ કરોડોનો ખર્ચ થાય છે તો એ રૂપિયા આવે છે ક્યાંથી ? એ રૂપિયા ઊભા કરવા શી ચાલો ચાલવામાં આવે છે તેને સમજો.

આ કોન્ફરન્સમાં એક ડ્રામો એ પણ યોજાય છે કે ઘણા બધા ગૈર મુસ્લિમ ઈસ્લામ ક઼બૂલ કરી લે છે ! ગૈર મુસ્લિમો થકી ઈસ્લામ ક઼બૂલ કરવાનો ડ્રામો જે રચાય છે તે એટલો પુર કૈફ તથા અસરકારક હોય છે કે જોનારા મુસ્લિમોનો ઈમાની જઝબો તાજો થઈ જાય છે ! અમને આશ્ચર્ય છે કે દસ દિવસ કોન્ફરન્સમાં હાજર થઈને આ ગૈર મુસ્લિમો આપોઆપ કલમો પઢી લે છે ! યાદ રાખશો ! આ બધો ફ્રોડ (ધોકો) છે ! દિલચસ્પ વાત એ છે કે તેમને ત્યાં કોઈ ગૈર મુસ્લિમ ઈસ્લામ નથી લાવતો, બલ્કે એ જ લોકો કલ્મો પઢે છે જેઓ પહેલેથી કલમો પઢનારા છે ! પણ કેમ કે આ કોન્ફરન્સનો મક઼સદ લોકોને મુસલમાન બનાવવાનો નથી બલ્કે ''વહાબી'' બનાવવાનો છે એટલા માટે જે મુસલમાન પોતાની માજી સુન્ની માન્યતાઓથી વિમુખ થઈને તેમનો ધર્મ અપનાવી લે છે કેવળ તેને જ એ લોકો સાચા મુસલમાન સમજે છે, બાકી સૌને મુશ્રિક ગણે છે. સાંભળ્યું છે કે જ્યારે મસ્જિદે હરામના (વહાબી) ઈમામની મૌજૂદગીમાં તેમની દષ્ટિએ આ ''ઈમાન અફરોઝ'' (!) મન્ઝર ઉપસ્થિત થયો (ડ્રામો રચાયો) તો હરમના ઈમામે પ્રભાવિત થઈને (બે)ઈમાનીના જોશમાં ડૂબીને આ કોન્ફરન્સ તથા મિ. નાયક માટે અધિક સહાય કરાવવાની જાહેરાત પણ કરી હતી.

સમજદાર હઝરાત સમજી શકે છે કે આ કોન્ફરન્સને દુનિયાભરમાં લાઈવ દેખાડીને, આવા ડ્રામા કરીને તેમનો શો મક઼સદ હલ થાય છે અને કોના જોર પર આવા કરોડોના ખર્ચા થઈ રહ્યા છે. મીલાદુન્નબી ﷺ માટે ગલી કે સ્ટેજ સજાવો તો બિદઅત તથા ફુઝૂલ ખર્ચી જેમને દેખાય છે તેમના પોતાના પ્રચારના આ પ્રોગ્રામમાં કરોડોની સજાવટ બિદઅત તથા ફુઝૂલખર્ચી નહીં તો કઈ સુન્નત છે અને કઈ હદીષથી સાબિત છે ?! આ કરોડોના ડેકોરેશન તથા પબ્લિસીટી પાછળ થતો ખર્ચ તેમને ક્યાંથી અને શાથી મળે છે એ સમજી લો. વળી જે લોકો મિ. નાયકની તક઼રીરો સાંભળે છે તેઓ સારી પેઠે જાણે છે કે તેમની તક઼રીર બાદ જેઓ સવાલો કરે છે તેઓ પહેલેથી સેટ કરેલા હોય છે, તે એમના જ માણસો હોય છે. આ બધા નાટકો પાછળ પૈસા બનાવવાનો ખેલ હોય છે જેની પાછળ ઈન્ડિયાથી લઈને સઊદી અરબિયા સુધી ધોકાબાજીઓની એક જાળ બિછાયેલ છે.

કોન્ફરન્સમાં કલ્મો પઢી મુસલમાન થવાનો રોલ ભજવનારાઓને પણ ખિસ્સાં ગરમ કરી રાજી કરવા પડતા હોય છે એને એકાદ જણના ''ધર્મ પરિવર્તન'' પર હંગામો ખડો કરી દેનારાં કટ્ટરવાદી હિંદુ સગંઠનો બજરંગ દળ, વિહિપ વગેરે સાથે પણ એમણે ખાનગી સમજૂતી કરી લીધેલ જણાય છે, નહીં તો જાહેરમાં આટલા બધા ગૈર મુસ્લિમો મુસલમાન થવાનું એલાન કરે છે છતાં એઓ ચૂપ બેસે એ સમજાય તેવી વાત નથી ! પણ એ પણ સમજી ગયા છે કે આ તો કેવળ ડ્રામો છે કલ્મો પઢનારા અંદર ને અંદરના જ છે !

# એકતાના નામે ઈસ્લામ વિરુદ્ધ વર્તનારાઓને

## તંત્રી લેખ — લાલબત્તી !

આજનો લેખ શરૂ કરતાં પહેલાં જણાવી દઉં કે અમને ન કોઈ વ્યક્તિ કે ન કોઈ જાતિના કોઈ ખાસ માણસ કે માણસો સાથે અંગત વાંધો છે, ન કોઈ પર્સનલ દ્વેષ છે કે પૂર્વગ્રહ છે. અમો પણ ગૈર મુસ્લિમો સાથે શરીઅતના વર્તુળમાં રહીને મેળ મેળાપથી આપસમાં સહકારથી રહેવામાં માનીએ છીએ કે ઈસ્લામ તથા મુસ્લિમની સારી છાપ ઉભી થાય, પણ ''ક઼ોમી એકતા''ના નામે કુર્આન–હદીષના આદેશો વિરુદ્ધ જઈને ઈસ્લામમમાં હરામ તેમજ ઈસ્લામી વર્તુળથી પણ નીકળી જવાય એવાં સંબોધનો, પ્રવચનો, લખાણો તથા કામો કહેવાતા લીડરો કે પીરો કે પીરઝાદાઓ તથા મુજાવરો થકી થતાં હોય તો તેનાથી આમ મુસલમાનોને સાવધાન કરી ઈમાનની રક્ષા કરવા સમજાવવાનો હેતુ જ આ લેખનો છે. અને તેવા કહેવાતા મુસ્લિમ લીડરો, બાવાઓ, પીરો, સજ્જાદા તથા મુજાવરો પણ ઈમાન તથા ઈસ્લામનું મહત્વ સમજી તૌબા કરી રાહે રાસ્ત પર આવે એ જ અમારો ભલો આશય છે.

અત્યારે મારી સમક્ષ એક પોસ્ટર છે તેનું હેડિંગ છે ''ઉર્સમેળો'' આમંત્રણ પત્રિકા, તેમાં પાદરા (જિ. વડોદરા) પાસેના ગામમાં જે પીર સાહબનો ઉર્સ છે તેમના લખેલા એક પુસ્તકનું વિમોચન કરવા તથા આર્શિવચન આપવા હિંદુ કથાકાર મોરારી બાપુ ખાસ પધારવાના છે એવી જાહેરાત છે, અને તે કથાકારના નામ આગળ **''પરમ પૂજ્ય''** લખ્યું છે. છેવટમાં નિમંત્રક તરીકે ''લિ. દુઆગો'' લખીને જે તે સજ્જાદાનશીનનું નામ છે.

**★ અલ્લાહ સિવાય અન્યને ''પૂજ્ય'' કહેનાર ઈસ્લામમાં ન રહેશે ! ★**

હે મુસલમાનો ! વિચારો કે ઈસ્લામમમાં પ્રવેશનો કલમો જ છે ''લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ.'' એટલે કે ''અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને પાત્ર નથી એટલે કે અલ્લાહ સિવાય કોઈ ''પૂજ્ય, પૂજનીય, પૂજાને લાયક'' નથી અને મુહમ્મદ અલ્લાહના રસૂલ છે.'' (ﷺ) હવે જ્યારે કોઈ પોતાને મુસલમાન કહેવા છતાં અલ્લાહ સિવાય કોઈ બીજાને **પૂજ્ય, બલ્કે પરમ પૂજ્ય કે પૂજનીય કે પ.પૂ. કહી બેસે કે જાહેર કરે કે લખી બેસે તો તેણે જે કલ્મો પઢયો હતો કે અલ્લાહ સિવાય કોઈ પૂજાને લાયક નથી તેનો ઈન્કાર કરી દીધો !** અને એ ઈન્કાર થતાં જ તે ઈસ્લામી વર્તુળથી બહાર થઈ ગયો, પછી ભલે પોતાને મુસલમાન કહે કે અન્ય બહાનાં કાઢે. અરે ! વિચારો ! અલ્લાહ પછી મખ્લૂક઼માં સૌથી મહાન જેમનો મર્તબો છે તે મહબૂબે ખુદા મુહમ્મદુર્રસૂલુલ્લાહ (ﷺ)ને પણ ''પૂજ્ય'' નથી કહી શકાતુ ! તો કોઈ ગૈર મુસ્લિમને એક મુસલમાન કઈ રીતે ''પૂજ્ય'' કહી શકે ?!

હવે તેને ઈસ્લામમમાં નવેસરથી આવવાનો માર્ગ એ છે કે તેણે અલ્લાહ સિવાય જે બીજાને ''પૂજ્ય'' કહ્યું છે કે લખ્યું છે તો તેના માટે પોતાની ભૂલનો એક઼રાર કરે અને તેને રદિયો આપે અને તેના માટે **અલ્લાહ પાસે તૌબા કરે**, પછી **નવેસરથી કલ્મો પઢે** અને જો પત્નીવાળો હોય તો **ફરીથી નિકાહ પણ**

દોહરાવે. **જાહેરમાં ગુનોહ કર્યો તો જાહેરમાં તૌબા કરે,** એકાંતમાં કર્યો તો એકાંતમાં કરે, **મજમામાં ગુનો કર્યો તો મજમામાં તૌબા કરે** અને લખીને કે **છાપીને ગુનો કર્યો તો છાપીને** તૌબાની પ્રસિદ્ધિ કરે. *(હવાલો : આમ ફિક્હની કિતાબોના આધારે)*

હે પ્યારા દીની ભાઈઓ ! અલ્લાહ સિવાય કોઈને "પૂજ્ય, પ.પૂ., પૂજનીય" વગેરે કહેવા સંબંધે ઉપરનું તો ફક્ત એક દષ્ટાંત જ છે, એવું કહેનારા અન્ય જે પણ દુનિયાના જે પણ ખૂણામાં કહેવાતા મુસલમાનો હશે અથવા ભલે પીરઝાદા કે હસ્તીઓ કહેવાતા હશે પણ તે સૌ પર ઉપરોક્ત હુકમ ઈસ્લામી ક઼ાનૂન તથા કુર્આન હદીષની રૂએ લાગુ થશે, એમાં કોઈ ફિલોસોફી કે બહાનાં ચાલશે નહીં.

**★ દીની ઈસ્લામી જલસા જુલૂસોમાં ગૈરમુસ્લિમ સંતોનાં સન્માન ! ★**

મારી સમક્ષ વર્તમાન પત્ર "સાબર વિકાસ" તા. ૧૮–૬–૨૦૦૯ પાન નં. ૪ છે, જેમાં **હિંમતનગર**ના સમાચાર છે કે અલ્લાહના ત્રણ મહબૂબ બંદાઓ વલીઓની યાદમાં કોઈ પ્રોગ્રામ યોજાયો છે જેમાં **સુન્ની** મુસ્લિમોના કહેવાતા મોટા લક઼બોધારી ધર્મગુરૂ તથા સ્થાનિક હનુમાન મંદિરના મહંત (પૂજારી) સાથે સાથે સ્ટેજ પર ખુરશીઓ પર બેઠેલા છે, અન્ય મુસ્લિમ પબ્લિક જમીન પર બેઠેલી ફોટામાં જોવા મળે છે. તે ઉપરાંત **કરજણ** (જિ. વડોદરા) પાસેના એક ગામની દરગાહ પર દર વરસે "હિંદુ મુસ્લિમ સમૂહ લગ્ન" યોજાય છે અને દરગાહના ચોગાનમાં અલ્લાહના વલીના દરબારમાં એક તરફ હિંદુ શ્લોકો બોલાય છે તો બીજી બાજુ નિકાહ પઢવાય છે, જેમાં સ્ટેજ પર કહેવાતા પીર બાવાઓ સાથે ગૈર મુસ્લિમ સાધુ, સંતો, મંદિરના પૂજારીઓ બિરાજે છે અને તેમનાં સન્માનો થાય છે જેના સમાચારો વિવિધ સમાચાર પત્રોમાં છપાય છે. C.D. ઓ પણ જોવા મળે છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર કાઠિયાવાડમાં દરગાહો પર રામ કથાઓના પ્રોગ્રામો પણ અવાર નવાર થાય છે ! તો આ રીતે ધાર્મિક પ્રોગ્રામોમાં કે અલ્લાહના વલીના મઝાર શરીફ પર આ પ્રમાણે "ક઼ોમી એકતા"ના નામે કરવું કેવું છે ?

**જવાબ** : હનફી ફિક્હની વિશ્વાસપાત્ર કિતાબ "તબયીનુલ્ હક઼ાઈક઼, ભાગ–૧, પેજ–૧૩૪ પર છે : **قد وجب عليهم اهانته شرعاً** એટલે કે "શરીઅતની રૂએ મુસલમાનો પર ફાસિક઼ે મોઅલિન (ખુલ્લમ ખુલ્લા હરામ કામો કરનાર)ની તૌહીન વાજિબ છે." જેથી જ્યારે ફાસિક મુસલમાનની તૌહીન વાજિબ અને તેની તાઝીમ જાઈઝ નથી તો જણાવેલ ગૈર મુસ્લિમ શખ્સને જલસામાં બોલાવવો અને તેનું માન સન્માન કરવું એથી અધિક નાજાઈઝ છે. જે લોકોએ એવું કર્યું તેમના પર શરીઅતની રૂએ તૌબા લાઝિમ છે. *(**જવાબ લખનાર** : જલાલુદ્દીન અહમદ અમજદી, દારુલ ઈફતા અમજદિયા અર્શદુલ ઉલૂમ, ઓઝગંજ, બસ્તી, યુ.પી. બહવાલા : કન્ઝુલ ઈમાન ઉર્દૂ માસિક, દિલ્હી, જાન્યુઆરી–૨૦૦૫)*

તે ઉપરાંત જ્યાં જ્યાં આવા "ક઼ોમી એકતા"ના નામે પ્રોગ્રામો થાય છે ત્યાં મોટા ભાગે દીનથી બેપરવા રાજકરણીઓ તથા જાહિલ પીરો કે કહેવાતા મુસ્લિમ ગૈર મુસ્લિમ વક્તાઓ મોટાભાગે બોલતા હોય છે કે, "અલ્લાહ તથા ભગવાન, રામ તથા રહીમ એક જ છે." કોઈ કહે છે : "કૃષ્ણ પણ આપણા છે અને અલ્લાહ પણ આપણા છે.........." તો આવાં વાક્યો બોલનાર ઈસ્લામના વર્તુળથી બહાર નીકળી જાય છે અને સાંભળનાર જો એનાથી સહમતિ દર્શાવે કે તેમને તાળીઓથી વધાવે તો તે પણ ઈસ્લામથી ખારિજ થઈ જશે. તો સેંકડો કે હજારો મુસ્લિમોના મજમામાં કહેવાતા મુસ્લિમ ધર્મગુરૂઓની કે કહેવાતા રૂહાની પેશવાઓની હાજરીમાં આવાં વાક્યો વિના સંકોચે બોલાય, તો એનાથી મુસ્લિમોના ઈમાન અક઼ીદામાં અસર પણ નહીં આવે ?! આ બાબતે ગંભીરતાથી ક઼ૌમના અગ્રેસરોએ ચિંતકોએ વિચારવું જોઈએ. અન્ય

જાતિઓ સાથે મુસ્લિમો મેળમેળાપથી રહે, આપસમાં લડાઈ ઝઘડાને બદલે દુનિયવી કામોમાં સહકારથી રહે એ જુદી વાત છે, પણ ધાર્મિક માન્યતાઓમાં ભેળસેળ તથા એકબીજાના ધાર્મિક પ્રોગ્રામોમાં હાજરી આપી ઈસ્લામી માન્યતા વિરુદ્ધ વાતો તથા વર્તાવ કરવો એ ઈન્સાફની વાત નથી, મુસલમાન પોતાના અક઼ીદા તથા દીનને પીઠ પાછળ રાખીને ગૈર ક઼ોમો સાથે આવી એકતા કરે એવો કુર્આન હદીષમાં કોઈ હુકમ નથી. હે લોકો ! આવી કુફ્રી બોલી માન્ય રાખીને જ્યારે મુસલમાન દીનમાં રહેતો જ નથી તો પછી બીજા લાભો શા કામના ?! ક઼ાયમી જહન્નમના બદલામાં દુનિયામાં તે પણ ભ્રામક સુખ, ચૈન, શાંતિ પામવાની આ યોજનાઓ કેટલી ખતરનાક ગણાશે ?

### ★ અજમેરના શાહી ઈમામની પાલેજ રામકથામાં હાજરી ! ★

"સંદેશ" દૈનિક પત્ર–ભરૂચ નર્મદા પૂર્તિ, તા. ૫–૧૨–૨૦૧૦, પેજ નં. ૧૪ ઉપર સમાચાર છે કે તા. ૪–૧૨–૨૦૧૦ના રોજ પાલેજ (જિ. ભરૂચ) ખાતે યોજાયેલ રામકથામાં અમુક રાજકરણીઓ સાથે અજમેર શરીફની જામા મસ્જિદના "શાહી ઈમામ તથા શહેર ક઼ાઝી" એવા મૌલાના તૌસીફ અહમદ સિદ્દીક઼ીએ ઠેઠ અજમેર શરીફથી આવી હાજરી આપી કથામાં આવેલ અનુયાયીઓને સંબોધી ક઼ોમી એકતાનો સંદેશો પાઠવી કથાકારને પુષ્પગુચ્છ આપી તેમનું સન્માન કર્યું. તદ્ ઉપરાંત એ દૈનિકમાં એવું પણ છે કે, આ શાહી ઈમામે કહ્યું કે, "ખ્વાજા ગરીબ નવાઝ સર્વ ધર્મમાં માનનાર છે." *(સંદેશ, તા. ૫–૧૨–૨૦૧૦)*

અમે પણ કહીએ છીએ કે સર્વ જાતિના લોકો આપસમાં મેળમેળાપથી રહે અને મુસલમાનો શરીઅતના વર્તુળમાં રહીને આપસમાં સામાજિક કામોમાં એકબીજાને માટે સહકારની ભાવના કેળવે એ સારી વાત છે જેનાથી દેશમાં શાંતિ જળવાય અને દેશની તથા રાષ્ટ્રની પ્રગતિ થાય. પણ એના માટે દીનને વટાવી કાઢવાનો નથી ! અને **એવું જરૂરી પણ નથી કે તમે દીની બાબતોમાં ભેળસેળ કરો તો જ એકતા થાય !** વળી અજમેર શરીફના શાહી ઈમામનું આ કથન કે "ખ્વાજા સાહબ સર્વ ધર્મમાં માનનાર છે" એ જો ખરેખર એમના જ શબ્દો હોય તો એ હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ પર એક મહાન આક્ષેપ છે. અહીં એક પ્રસંગ વર્ણવું છું જે સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہની ઈસ્લામ પર અડગતાનું દષ્ટાંત છે તેને એ શાહી ઈમામ પણ જુએ અને ખ્વાજા સાહબના નામે ફક્ત ચરી ખાતા આવી પોલ ચલાવતા કહેવાતા જે તે સૂફીઓ પણ વાંચે, અને બોધ ગ્રહણ કરે :–

એક વાર એવો જ એક મર્દે ખુદા બગદાદની ગલીઓમાંથી પસાર થઈ રહ્યો છે. તેની નજર અગ્નિપૂજકો પર પડી. એ મર્દે હક્કે તે પૂજારીઓને બોલાવ્યા. તેમણે એ મર્દે હક્ક તરફ જોયું તો આપના ઈમાની પ્રભાવથી તેઓ ભયભીત થઈ ગયા અને આપના કદમોમાં ઝુકી પડયા. આપે પૂછયું, "નાદાનો ! અગ્નિને શા માટે પૂજો છો અને ખુદા પાકની પૂજા શા માટે નથી કરતા ?" તે લોકોએ જવાબ આપ્યો, "અમે દોઝખની આગથી ઘણો જ ભય અનુભવીએ છીએ, એના ડરથી જ અગ્નિને પૂજીએ છીએ." તે મર્દે હક્કે કહ્યું, "આગ તો અલ્લાહની તાબે છે, તેના હુકમ વિના કોઈને બાળી શક્તી નથી." તેમણે કહ્યું, "આપ ખુદાની ઈબાદત કરો છો તો શું આગ આપને બાળશે નહીં ?!" તે મર્દે હક્કે કહ્યું કે, "ખુદાના હુકમ વગર આગ મને તો શું મારી જુતીઓને પણ બાળી નથી શક્તી ! "આમ કહીને આપે જુતીઓ આગમાં ફેંકી દીધી અને ખુદાના હુકમથી આપની જુતીઓ પર આગની જરાય અસર ન થઈ ! તો આ ચમત્કાર (કરામત) જોઈને અગ્નિપૂજકો તૌબા કરીને મુસલમાન થઈ ગયા. જાણો છો એ બુઝુર્ગ કોણ હતા ? એ હતા સુલતાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ ! (رحمۃ اللہ علیہ) *(મસ્સાલિકુસ્સાલિકીન, ભાગ–૨, પેજ–૨૮૫)*

b આવા તો ઘણા બનાવો ખ્વાજા સાહબના લોકોને ઈસ્લામ પર લાવવાના છે, જ્યારે એથી ઉલ્ટુ આજે ધોળા દહાડે મુસલમાનોની આંખોમાં ધૂળ ઝોંકવામાં આવી રહી છે છતાં કોઈ તેમનાથી જવાબ માંગનાર નથી ! **અલ્લાહના આ સાચા વલીઓ જ્યાં જ્યાંથી પસાર થતા ત્યાં ઈસ્લામનો કલ્મો ગુંજી ઉઠતો** અને આજના તેમના નામને વટાવી ખાનારા આવા લોકો પોતે તો ઠીક પણ લોકોના ઈમાનને પણ ખરાબ કરવામાં લાગેલા છે એવું નથી લાગતુ ?!

### ★ તમારા માટે તમારો દીન છે મારા માટે મારો દીન ★

દીન બાબતે ભેળસેળ કરનારાઓ હુઝૂર ﷺનો આ પ્રસંગ વાંચી બોધ ગ્રહણ કરે. એકવાર આવી "એકતાની ફોર્મ્યુલા" કાફિરો થકી રજૂ થઈ કે, "એક વરસ તમે અમારા મઅબૂદો (લાત, ઉઝ્ઝા)ની અમારી સાથે બંદગી (પૂજા) કરો અને એક વરસ અમે તમારા મઅબૂદ અલ્લાહની તમારી સાથે મળીને બંદગી કરીએ જેથી ઝઘડો ન રહે. પણ તેના જવાબમાં અલ્લાહે "સૂરએ કાફિરૂન" નાઝિલ કરી જેમાં છેવટે છે કે, "તમારા માટે તમારો દીન છે મારા માટે મારો દીન." *(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૨/૨૧૦)* સારાંશ કે દીની મામલામાં ભેળસેળ શક્ય જ નથી. એટલે જ આપણા બુઝુર્ગોએ શું કર્યું તે જોઈ લો :–

### ★ હે મુજદ્દિદ અલ્ફેષાની ! رحمۃ اللہ علیہ આપની અડગતાને સલામ ! ★

ઈ.સ. ૧૭મી સદીમાં પોતાનું સામ્રાજ્ય વિસ્તારવા તથા મજબૂત કરવાના આશયથી રાજા અકબરે વિવિધ ધર્મોની તા'લીમ, રસ્મો રિવાજ તથા માન્યતાઓની ભેળસેળ કરીને એક નવા ધર્મ દીને ઈલાહીનો પાયો નાખ્યો હતો અને "**ધર્મોની એક્તા**"નું ગુમરાહ કરનાર તૂત ઉભુ કર્યું હતું. જેના પરિણામે કલમા તયબહની જગાએ "અકબર ખલીફતુલ્લાહ" પઢાવા લાગ્યું, સુવ્વર તથા કૂતરાંઓની તા'ઝીમ થવા લાગી, સન્માનના નામે અકબરને સિજદો થવા લાગ્યો, ગૈર ધર્મોમાં શાદી વિવાહ આમ થવા લાગ્યો, પર્દા ઉપર પાબંદી લાગી અને બેપર્દગી આમ થઈ ગઈ, દારૂપાન તથા જૂગારબાજીને ઉત્તેજન મળ્યું, હિંદુ મુસ્લિમ એકતાનો નારો લાગ્યો અને ઈસ્લામી નિશાનીઓની સરેઆમ મઝાક ઉડાવવામાં આવવા લાગી. રાજા તરફથી સર્વ ધર્મના તહેવારો મનાવવામાં આવવા લાગ્યા અને એ પબ્લિકમાં આમ થવા લાગ્યું.

આ કુફ્ર તથા અધર્મીપણાના પૂર સામે હઝરત ઈમામે રબ્બાની મુજદ્દિદ અલ્ફેષાની સરહિંદી رحمۃ اللہ علیہએ જો બંધ ન બાંધ્યો હોત તો મુસલમાનોની ધાર્મિક ખાસિયત ક્યારની દમ તોડી ચૂકી હોત. અલ્લાહ રહમતોની બૌછાર વરસાવે એમની કૃબ્રે અન્વર પર જેમના મુજાહિદાના કિરદારથી પ્રભાવિત થઈને ડો. ઈકબાલે કહેવું પડયું કે :–

**ગરદન ન ઝુકી જિસ્કી જહાંગીર કે આગે-જિસકે નફ્સે ગર્મસે હૈ ગર્મીએ અહરાર**
**વો હિંદમેં સરમાયાએ મિલ્લત કા નિગેહબાન-અલ્લાહને બર વક્ત કિયા જિસ્કો ખબરદાર**

### ★ મર્દે કલંદર મુફ્તીએ આ'ઝમ ! رحمۃ اللہ علیہ ઝિંદાબાદ ! ★

તેમજ પાછલી સદીમાં આપણી ખૂબ જ નજીકના ભૂતકાળમાં થનાર એક મર્દે કલંદર જેને આપણે હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ (رحمۃ اللہ علیہ) નામથી જાણીએ છીએ તેમનું જિગર મુસ્લિમોની ગુમરાહીથી કેટલું બેચૈન થતુ હતું. તે નીચેના પ્રસંગ પરથી સમજી લો :–

p હિંદુસ્તાનમાં એક ચળવળ શુદ્ધિ સંગઠન નામથી મુસલમાનોને હિંદુ બનાવવાની શરૂ થઈ હતી. એન q

માટે પૂરા માલ દૌલત તથા ધામધૂમ સાથે વાજા ત્રાંસા સાથે આયોજનપૂર્વક એક ટોળી બનાવી એક પીડર નીકળી પડયો હતો. એવા નાઝુક સમયે જયારે ઘણા વિસ્તારોમાં મુસલમાન ક્યાંક લાલચમાં તો ક્યાંક ડરના માર્યા ધર્મ બદલવા તૈયાર થઈ જતા હતા, ત્યારે મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મુસ્તફા રઝાખાં બરેલ્વી رحمۃ اللہ علیہની ગૈરતની રગ ભડકી ઉઠી અને, એ ફિત્નાને દફેઅ કરવા માટે આપે તેનો પીછો કર્યો અને ગામે ગામ જઈને આપ મુસલમાનોને દીન પર અડગતાથી રહેવાની શીખામણ આપતા. એકવાર ખબર મળી કે આગ્રાથી થોડેક દૂર કોઈ ગામમાં આ ચળવળ ચાલી રહી છે. આપે આપની સાથે શેરબે શએ અહલે સુન્નત હઝરત હશ્મત અલીખાં તથા અન્ય એક સાથીને સાથે લીધા અને જ્યાં સુધી ટ્રેન જતી હતી ત્યાં સુધી ટ્રેન થકી પછી પગપાળા કેટલાયે કિલોમિટર ચાલીને તે ગામમાં પહોંચ્યા. ત્યાં મોટી મોટી કઢાઈઓમાં પૂરીઓ તળાઈ રહી હતી અને કેટલાયે નાઈ અસ્તરા તથા કાતરો લઈને બેઠા હતા અને તખ્ત પર ફિત્નો પેદા કરનાર બેઠો હતો. જોયું કે આખુ મુસ્લિમ ગામ દીનથી ફરી જવા તૈયાર છે. આપ તરત જ મજમાને ચીરતા સ્ટેજ પર પહોંચી ગયા અને તેને કહ્યું કે, "આવો મુનાઝરો કરી લઈએ !" પણ તેણે ઈન્કાર કર્યો અને બોલ્યો કે આ લોકો ધર્મ પરિવર્તન માટે તૈયાર છે જેથી મુનાઝરાની કોઈ જરૂરત નથી. તો શેરબે શએ અહલે સુન્નતે ઈસ્લામની સચ્ચાઈ રજૂ કરી અને બુત પરસ્તીની રદ કરી પણ મજમા પર કોઈ અસર ન પડી. તો હઝરત મુફતીએ આ'ઝમની ગૈરત જોશમાં આવી અને પંડિતને કહ્યું કે જો તું સાચો છે મારી સાથે તારી આ સળગાવેલી આગમાં કૂદી પડ ! જે બચીને નીકળે તે સાચો ! પછી આગળ વધીને તેનો હાથ પકડયો અને કહ્યું કે ચાલ ! સત્યની પરખ કરી લઈએ ! તો સચ્ચાઈના ભયથી તે ધ્રુજવા લાગ્યો અને એકદમ ચુપ થઈ ગયો. આપે જોશભેર તેને ખેંચવાનું શરૂ કર્યું પણ તે એટલો જાડો હતો કે ટસથી મસ ન થયો. છેવટે એ ખેંચતાણમાં કેટલાક લોકો સ્ટેજ પાસે આવી ગયા અને કહેવા લાગ્યા કે, મોલ્વી સાહબ ! તેનો હાથ છોડી દો ! અમારી સમજમાં આવી ગયું કે સત્ય શું છે ! જો એ સાચો હોત તો આગમાં કૂદવા તૈયાર થઈ જાત ! પછી હુઝૂર મુફતીએ આ'ઝમના હાથ પર સૌએ તૌબા કરી કલ્મો પઢયો અને સાચા પાકા મુસલમાન બની ગયા. *(અન્વારે મુફતીએ આ'ઝમ, પેજ : ૨૮૦, ૨૮૧)*

આજે મુસલમાનોને કોમી એકતાના નામે ખુલ્લુ ધર્મ પરિવર્તન તો નહીં, પણ એ કેવળ નામનો ભેળસેળિયા ધર્મવાળો ફક્ત કહેવાનો મુસલમાન રહી જાય એવી ચળવળ ચાલતી જણાય રહી છે, **તો મુસલમાનો પોતાના ઈમાનની રક્ષાની કાળજી રાખે અને આવા ભેળસેળિયા પ્રોગ્રામોમાં ન જાય.** પણ સર્વના માટે સામાજિક અમન, સુખ, શાંતિ માટે અન્ય જાતિના લોકો સાથે સહકારની ભાવના જરૂર કેળવે અને એક સારા, ઈમાનદાર, સાચા, સુસંસ્કારી મુસલમાન રૂપે જીવે જેનાથી ઈસ્લામ તથા મુસ્લિમ કૌમની સારી છાપ બને. સુન્ની **ઉલમા** તથા **મશાઈખ** તેમજ **સુન્ની કાર્યકરો, ચિંતકો** આ બાબતે જાગૃત થાય અને આવા ભેળસેળિયા પ્રોગ્રામોનો વિરોધ જાહેરમાં નોંધાવે જેથી પબ્લિક ગુમરાહ થતી બચે.


## છે કોઈ હદીષોના પ્રચારનો ચાહક ?!

**નુઝહતુલ કારી શરહે બુખારી** એટલે **"બુખારી શરીફની શરહ (ભાગ-૩)"** હાલમાં છપાવવા માટે જઈ રહી છે. તો પોતાના મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે આ કામમાં કોણ છે જે અમારી મદદ કરે ?! અંદાજીત ખર્ચ **રૂા. ચાર લાખ** (૫૦૦૦ કોપી)નો ખર્ચ થશે. તો અમારા આ સાહસમાં અલ્લાહ વ રસૂલની મહોબ્બતને ખાતર કોણ છે જે અમને ટેકો કરે ?! **રૂા. ૩૦૦/- ભરી "અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા"**ના **મેમ્બર** થનારને આ કિતાબ તથા વરસભર છપાતી અન્ય કિતાબો ફ્રીમાં ઘેર બેઠાં મળશે.

**સંપર્ક કરો :-** તંત્રી બરકાતે ખ્વાજા, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ આલિ ઈમરાન તફસીર

وَاللّٰهُ شَدِيْدُ الْعِقَابِ ﴿١١﴾
قُلْ لِّلَّذِيْنَ كَفَرُوْا سَتُغْلَبُوْنَ وَ تُحْشَرُوْنَ اِلٰى
جَهَنَّمَ ؕ وَ بِئْسَ الْمِهَادُ ﴿١٢﴾ قَدْ كَانَ لَكُمْ اٰيَةٌ
فِىْ فِئَتَيْنِ الْتَقَتَا ؕ فِئَةٌ تُقَاتِلُ فِىْ سَبِيْلِ اللّٰهِ
وَ اُخْرٰى كَافِرَةٌ يَّرَوْنَهُمْ مِّثْلَيْهِمْ رَاْىَ الْعَيْنِ ؕ
وَاللّٰهُ يُؤَيِّدُ بِنَصْرِهٖ مَنْ يَّشَآءُ ؕ اِنَّ فِىْ ذٰلِكَ لَعِبْرَةً
لِّاُولِى الْاَبْصَارِ ﴿١٣﴾ زُيِّنَ لِلنَّاسِ حُبُّ الشَّهَوٰتِ
مِنَ النِّسَآءِ وَ الْبَنِيْنَ وَ الْقَنَاطِيْرِ الْمُقَنْطَرَةِ
مِنَ الذَّهَبِ وَ الْفِضَّةِ وَ الْخَيْلِ الْمُسَوَّمَةِ وَ
الْاَنْعَامِ وَ الْحَرْثِ ؕ ذٰلِكَ مَتَاعُ الْحَيٰوةِ الدُّنْيَا ۚ
وَ اللّٰهُ عِنْدَهٗ حُسْنُ الْمَاٰبِ ﴿١٤﴾

### ત.....ર્જુ.....મો.....

અને અલ્લાહ તઆલા સખ્ત અઝાબ આપનાર છે (હે મારા રસૂલ !) ફર્માવી દો એ લોકોને જેમણે કુફ્ર કર્યું કે નજીકમાં જ તમે વશ કરવામાં આવશો અને હાંકવામાં આવશો જહન્નમની તરફ[૧૧]. અને તે ઘણુ જ બુરુ ઠેકાણુ છે. બેશક ! હતું તમારા માટે (ઈબ્રતનું) નિશાન[૧૨]. (એ) બંનેવ ગિરોહોમાં જે મળ્યા હતા (બદરના મેદાનમાં) એક ગિરોહ લડતો હતો અલ્લાહની રાહમાં[૧૩] અને બીજો કાફિર હતો. જોઈ રહ્યા હતા (મુસલમાન) તેમને બમણા સમજે પોતાની આંખો વડે[૧૪] અને અલ્લાહ મદદ કરે છે પોતાની નુસ્રત (મદદ) વડે જેની ચાહે છે[૧૫]. યક઼ીનન ! આ બનાવ (બદર)માં ઘણો જ મહાન સબક઼ છે આંખોવાળાઓના માટે. શણગારવામાં આવી લોકોના માટે[૧૬] તે ખ્વાહિશોની મહોબ્બત એટલે સ્ત્રીઓ, તથા પુત્રો તથા ખજાના જમા કરવામાં આવેલા સોના તથા ચાંદીના તથા ઘોડા નિશાન લગાડેલા અને ચોપગાંઓ તથા ખેતી. આ સર્વ સમાન છે દુનિયવી જિંદગીનો, અને અલ્લાહ છે જેની પાસે સારુ ઠેકાણુ છે.

### તફસીર...............

**૧૧.** હુઝૂરે કરીમ ﷺએ બદરમાં ફતહ પામ્યા બાદ યહૂદીઓને ઈસ્લામની દા'વત આપી અને તેમને ફર્માવ્યું કે જો તમે ઈસ્લામ ન લાવ્યા તો તમારો અંજામ પણ મક્કાના કુરૈશ જેવો થશે. એના પર યહૂદી ગુસ્સાથી લાલ પીળા થઈને કહેવા લાગ્યા કે તમે અમુક બિન અનુભવી લોકોને હાર આપી છે, જો અમારાથી ટક્કર લીધી તો ખબર પડશે કે લડવૈયા આવા હોય છે ! તેમની આ ગુસ્તાખીમય વાતચીતના જવાબમાં આ આયત નાઝિલ થઈ અને અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબને હુકમ આપ્યો કે તે યહૂદીઓની હાર તથા બેઈજ્જતીનું એલાન કરી આપે.

**૧૨.** અહીં જંગે બદરનું ઝિક્ર છે જેમાં મુસલમાનોની સંખ્યા **૩૧૩** હતી, જેમાં કેવળ બખ્તરધારી હતા. શસ્ત્રો સામાનની એ સ્થિતિ હતી કે આખી ફોજમાં બે ઘોડા, સિત્તેર ઊંટો અને આઠ તલ્વારો હતી. તેના મુકાબલામાં કાફિરોના લશ્કરમાં **૯૫૦** માણસો હતા જેઓ દરેક રીતે સંપૂર્ણપણે શસ્ત્રોથી સજ્જ હતા. સવારીના માટે તેમની પાસે સો ઘોડા અને સાતસો

ઊંટો હતાં. અને નસીબનો હાલ એ હતો કે દરરોજ ઊંટ ઝબહ થઈ રહ્યાં હતાં ! આટલી અધિક સંખ્યાની ફોજનું આટલી ઓછી તથા શસ્ત્ર સરંજામ વિનાની ફોજ થકી હાર પામવું એ અલ્લાહની કુદરતની ઉઘાડી નિશાની છે.

**૧૩.** અહીં એક ચીજ વિચારવા જેવી છે. બે ગિરોહોનો ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે, પરંતુ જ્યારે એવું બતાવવાનો સમય આવ્યો કે તે બે ગિરોહ કોણ હતા ? તો પ્રથમ ગિરોહની ઓળખ આ શબ્દોમાં કરાવી : فِئَةٌ تُقَاتِلُ فِي سَبِيلِ اللّٰهِ "એક ગિરોહ લડતો હતો અલ્લાહની રાહમાં" અને બીજા ગિરોહની وَ اُخْرٰى كَافِرَةٌ "અને બીજો કાફિર હતો" વડે. આ વર્ણન શૈલી શા માટે અપનાવી ? અને એવું ન ફર્માવ્યું કે فِئَةٌ مُسْلِمَةٌ وَ اُخْرٰى كَافِرَةٌ કે "એક ગિરોહ મુસલમાન હતો બીજો કાફિર." મારા ખયાલમાં તો ગુલામાને મુસ્તફા ﷺની કમાલની લિલ્લાહિયત તથા ખુલૂસનો ઉલ્લેખ કરવાનો હેતુ હતો કે તેમની જંગ કેવળ અલ્લાહ તઆલાની રઝાના માટે હતી, એનાથી પોતાની અંગત કે પોતાની જમાઅતી કે કૌમી મહાનતાનો હેતુ ન હતો.

**૧૪.** કોણ કોને પોતાનાથી બમણા જોઈ રહ્યું હતું ? એમાં મુફસ્સિરોનાં વિવિધ કથનો છે. પરંતુ અલ્લામા ઈબ્ને જરીરે આ કૌલને પસંદ કર્યો છે કે يَرَوْنَનો કર્તા મુસલમાન છે અને هُمْનો મરજઅ કાફિરો છે. એટલે કે મુસલમાન કાફિરોને પોતાનાથી બમણા પોતાની આંખો વડે જોઈ રહ્યા હતા, પરંતુ તેમ છતાં પણ તેઓ અડગ રહ્યા અને અલ્લાહના સમર્થન તથા મદદ વડે કાફિરોને સખત હાર આપી જેમાં તેમના સિત્તેર સરદાર માર્યા ગયા, જેમાં અબૂ જહલ પણ હતો અને સિત્તેર કૈદી બનાવવામાં આવ્યા.

**૧૫.** એટલે ફતહ તથા કામયાબી ફોજની સંખ્યા તથા શસ્ત્ર સરંજામ પર આધારિત નથી બલ્કે અલ્લાહ તઆલાના ટેકા તથા મદદ પર આધારિત છે.

**૧૬.** અલ્લાહ તઆલાએ પોતાની કામિલ હિકમત વડે માણસના દિલમાં એ ચીજો સાથે સ્વભાવિક લગાવ તથા આકર્ષણ પેદા કરી આપ્યું. જો એવું ન હોત તો શાદીની કટુ જિમ્મેદારીઓને કોણ ઉઠાવતુ. અશક્ત ઔલાદના માટે કોણ લાંબી રાતો જાગીને ગુજારતુ અને એમના ઉછેરના માટે પોતાની રાહત તથા આસાનીને કોણ ત્યજતુ. જો એવું ન થાત તો માનવ વંશની સલામતી કઈ રીતે શક્ય થતી. એ જ પ્રમાણે સોના ચાંદી, ઉમદા ઘોડાઓ, પાલતુ પ્રાણીઓ તથા ખેતીવાડી સાથે સ્વભાવિક આકર્ષણ ન હોત તો દુનિયાની સર્વ રોનકો ખત્મ થઈને રહી જાત. પરંતુ આ સર્વ કાંઈ એટલા માટે નથી કે માણસ એની પાછળ રાત દિવસ ભાગતો રહે અને એની ચાહતમાં એવો ગુમ થઈ જાય કે પોતાના મૌલા તબારક વ તઆલાને પણ ભૂલી જાય, બલ્કે એ તો થોડા દિવસોની જિંદગીનો સામાન છે એનો ઉપયોગ કરો પણ પોતાના માલિકથી ગાફેલ ન થઈ જાવ.

## ★ ભાવનગરમાં બે દિવસીય સુન્ની ઈજતેમા યોજાશે ★

**ભાવનગર** મુકામે (કુંભારવાડા, લિયાકત અલી બાપુ દરગાહ કંપાઉન્ડ) તા. ૮, ૯ જાન્યુ. ૨૦૧૧ શનિ–રવિ બે દિવસ માટે **સુન્ની દાવતે ઈસ્લામી**નો અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા થશે. શનિવારે ૩.૦૦ વાગ્યાથી રાત્રે ૯.૩૦ સુધી બહેનો માટે, રવિવારે સવારે ૧૧.૦૦ વાગ્યાથી રાતના ૧૦.૦૦ સુધી ભાઈઓ માટે જેમાં મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા કમરુઝઝમાં આઝમી (સેક્રે. વર્લ્ડ ઈસ્લામિક મિશન) તેમજ અમીરે સુન્ની દાવતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી, બુલ બુલે બાગે મદીના અલ્હાજ કારી રિઝવાન સાહબ, હઝરત સૈયદ અમીનુદ્દીન કાદરી માલેગાંવી તેમજ અન્ય સાદાત, ઉલમા, મુબલ્લિગોના કાફલા તશરીફ લાવશે. આ સોનેરી અવસરે દીન શીખવા સૌને ભાવભર્યું આમંત્રણ છે.

*અદાઈ : સુન્ની દાવતે ઈસ્લામી–ભાવનગર શાખા*

## દર્સે હદીસે પાક

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત કાર્યાલય

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

હઝરત સમુરહ ઈબ્ને જુન્દુબ તથા મુગીરા ઈબ્ને શઅબાથી[૧] રિવાયત છે, ફર્માવે છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, જે મારા તરફથી એવી વાત નક્લ કરે જેને જૂઠી જાણે છે તો તે જૂઠાઓમાંથી એક છે[૨]. *(મુસ્લિમ)* હઝરત મુઆવિયાથી રિવાયત છે[૩] ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અલ્લાહ જેનું ભલુ ચાહે છે તેને દીનનો ફકીહ (મસાઈલનો જાણકાર નિષ્ણાત) બનાવી આપે છે[૪]. હું વહેંચનારો છું, અલ્લાહ આપે છે[૫]. *(બુખારી, મુસ્લિમ)* હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنهથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, લોકો સોના ચાંદીની ખાણોની જેમ વિવિધ ખાણો છે[૬] જે કુફ્રમાં ઉચ્ચ છે તે ઈસ્લામમાં પણ ઉચ્ચ છે જ્યારે આલિમ બની જાય[૭]. *(મુસ્લિમ)* હઝરત ઈબ્ને મસ્ઊદથી રિવાયત છે ફર્માવે છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, બે સિવાય કોઈનામાં રશ્ક જાઈઝ નથી[૮]. એક શખ્સ જેને અલ્લાહ માલ આપે તો તેને સારી જગાએ ખર્ચ કરશે, બીજો તે શખ્સ જેને અલ્લાહ ઈલ્મ આપે તો તે તેનાથી ફેંસલા કરે અને લોકોને શીખવાડે[૯]. *(મુસ્લિમ, બુખારી)*

### સ....મ....જૂ....તી....

**૧.** સમુરહ એ રયની નરાર કબીલાથી છે. અન્સારના હલીફ (સાથી) છે. ઘણી બધી હદીષોના હાફિઝ છે. હિ.સ. ૫૯માં બસરામાં વફાત પામ્યા. હઝરત મુગીરા એ બની ષકીફથી છે. ખંદકના વરસે ઈસ્લામ લાવ્યા. હિજરત કરીને મદીના તયબહ આવી ગયા. અમીર મુઆવિયહની તરફથી કૂફાના હાકિમ રહ્યા. સિત્તેર વરસની ઉમર થઈ. હિ.સ. ૫૦માં કૂફામાં વિસાલ થયો.

**૨.** એટલે કે હદીષ ઘડવી પણ ગુનોહ છે અને જાણીબુજીને બનાવટી હદીષ વર્ણન કરવી પણ ગુનોહ છે, બલ્કે જે હદીષના વિશે મૌઝૂઅ (બનાવટી) હોવાનું ગુમાન અધિક્તર હોય તેને પણ બયાન ન કરે, કેવળ મૌઝૂઅ હોવાનો વહેમ પૂરતો નથી. હા ! તેના મૌઝૂઅ હોવા વિશે દર્શાવીને વર્ણન કરવું જાઈઝ છે કે જેથી લોકો બચે.

**૩.** આપનું નામ શરીફ મુઆવિયહ ઈબ્ને અબૂ સુફયાન ઈબ્ને હરબ ઈબ્ને ઉમૈયા ઈબ્ને અબ્દુશશમ્સ ઈબ્ને અબ્દે મુનાફ છે. આપ પાંચમી પેઢીમાં એટલે અબ્દે મુનાફમાં હુઝૂરથી મળી જાય છે. આપના વાલિદા હિન્દ બિન્તે ઉત્બા રબીઆ ઈબ્ને અબ્દુશશમ્સ ઈબ્ને અબ્દે મુનાફ છે. આપ સુલહે હુદૈબિયાના વરસે ઈસ્લામ લાવ્યાં, પણ ફતહે મક્કાના દિવસે ઈસ્લામ જાહેર કર્યો. હુઝૂર ﷺના સાળા છે, વહી લખનાર કાતિબ છે. ફારૂકી યુગમાં શામ (સીરીયા)ના હાકિમ બન્યા. ચાલીસ વરસ ત્યાંના જ હાકિમ રહ્યા. ઈમામ હસન ઈબ્ને અલી رضي الله عنهماએ આપના હક્કમાં ખિલાફત જતી કરીને સુલહ કરી લીધી. આપનો વિસાલ ૪ રજબ હિ.સ. ૬૦માં લકવાની બીમારીમાં ૭૮ વરસની ઉમરામાં થયો. આપની પાસે હુઝૂર ﷺનું તેહબંદ, ચાદર શરીફ, કમીસ મુબારક તથા થોડાક વાળ મુબારક તેમજ નખો મુબારક હતા. વસિયત કરી હતી કે મને આ લિબાસ શરીફમાં કફન આપજો અને મારા મોં તથા નાકમાં નખો તથા બાલ શરીફ રાખી દેજો. આપના સંપૂર્ણ હાલાત શરીફ માટે અમારી કિતાબ "અમીર મુઆવિયહ્" رضي الله عنه જુઓ.

**૪.** એટલે કે તેને દીની ઈલ્મ દીની સમજ તથા દાનાઈ (શાણપણ) બખ્શવું છે. યાદ રાખશો કે ફિક્હ

જાહેરી શરીઅત છે અને બાતિની ફિક્‌હ તરીક્‌ત તથા હક્‌ીક્‌ત છે. આ હદીષમાં બંનેવનો સમાવેશ છે. આ હદીષથી બે મસ્અલા સાબિત થયા, એક એ કે કુર્આન હદીષમાં બંનેવનો તર્જુમો અને શબ્દો રટી લેવા એ ઈલ્મે દીન નથી, બલ્કે એને સમજવું ઈલ્મે દીન છે, એ જ મુશ્કેલ છે. એના માટે જ ફક્‌ીહોની તક્‌લીદ (અનુસરણ) કરવામાં આવે છે. એના જ કારણે સર્વ મુફસ્સિરો તથા મુહદ્દિષો (પણ) મુજતહિદ ઈમામોના મુક્‌લ્લિદ બન્યા. પોતાની હદીષોની જાણકારી પર ગર્વિષ્ઠ નથી થયા. રબ ફર્માવે છે :

مَنۡ يُّؤۡتَ الۡحِكۡمَةَ فَقَدۡ اُوۡتِىَ خَيۡرًا كَثِيۡرًا ત્યાં હિકમતથી મુરાદ ફિક્‌હ જ છે. કુર્આન હદીષના તર્જુમા તો અબૂ જહલ પણ જાણતો હતો. બીજુ એ કે હદીષ તથા કુર્આનનો ઈલ્મ કમાલ નથી, બલ્કે તેને સમજવું કમાલ છે. આલિમે દીન તે છે જેની જીભ પર અલ્લાહ વ રસૂલનું ફર્માન હોય અને દિલમાં એમનું ફય્ઝાન હોય. ફય્ઝાન વિના ફર્માન બેકાર છે, જેવી રીતે કે વીજળીના પાવર વગર ફિટિંગ બેકાર છે.


**૫.** એનાથી જણાયું કે દીન તથા દુનિયાની સર્વ નેઅમતો : ઈલ્મ, ઈમાન, માલ, ઔલાદ વગેરે અલ્લાહ આપે છે અને હુઝૂર વહેંચે છે. જેને જે કાંઈ મળ્યું તે હુઝૂર ﷺના હાથો વડે મળ્યું. કેમ કે અહીં ન અલ્લાહ દૈનમાં કોઈ કેદ (સીમા) છે ન હુઝૂર ﷺની વહેંચણીમાં, જેથી એ ખયાલ ગલત છે કે આપ કેવળ ઈલ્મ વહેંચે છે. નહીં તો પછી જરૂરી થશે કે ખુદા પણ કેવળ ઈલ્મ જ આપે છે ! યાદ રાખશો કે હુઝૂર ﷺની દૈન સમાન છે પણ લેવાવાળાઓમાં ફરક છે. વીજળીનો પાવર સરખો જ આવે છે પણ વિવિધ પાવરવાળા બલ્બ પાવર અનુસાર ખેંચે છે. પછી જેવો બલ્બનો કાચ એવો તેનો રંગ. હનફી, શાફઈ........ એ જ પ્રમાણે ક્‌ાદરી, ચિશ્તી વિવિધ રંગના છે પણ સૌમાં પાવર એક જ છે. એક સમુદ્રથી સર્વ નદીઓ બની પણ રસ્તાઓના લેહાઝથી તેમનાં નામો અલગ અલગ થઈ ગયાં. એ જ પ્રમાણે ક્‌ાદરી, ચિશ્તી વગેરે એ સીનાઓનાં નામ છે જેમાંથી ફય્ઝ આવી રહ્યો છે.

**૬.** એટલે કે ચહેરા મોહરા (સ્વરૂપ)માં સર્વ માનવો સરખા છે પણ સીરત (ચાલચલણ), અખ્લાક્‌ (સંસ્કાર) તથા ખૂબીઓ (ગુણો)માં વિવિધ હોય છે જેવી રીતે જાહેરી જમીન સરખી પણ એમાં વિવિધ ખાણો છે. નેકીથી નેકીઓ જાહેર થાય છે અને બુરીથી બુરાઈ જાહેર થાય છે.

**૭.** જેઓ કુફ્રના જમાનામાં ઉમદા અખ્લાક્‌ તથા બેહતરીન ગુણોના કારણે પોતાના ક્‌બીલાઓના સરદાર હતા, જો તેઓ મુસલમાન થઈને ઈલ્મ શીખી લે તો મુસલમાનોમાં સરદાર જ રહેશે. ઈસ્લામથી ઈજ્જત વધે છે, ઘટતી નથી. તે લોકો ઈસ્લામથી પહેલાં કીચડમાં ખરડાયેલ હીરા હતા અને મુસલમાન થઈને આલિમ બન્યા તો ધોવાઈને સાફ થઈ ગયા. એના પરથી જાણવા મળ્યું કે નવ મુસ્લિમોને હકીર (હલકા) જાણવું ખૂબ જ બુરુ છે અને કાફિરોનો સરદાર મુસલમાન થઈને મુસલમાનોનો સરદાર જ રહેશે, તેને નીચો પાડવામાં નહીં આવે.

**૮.** કોઈ નેઅમતવાળા પર જલવું અને તેની નેઅમત ઝુટવાઈ જાય અને પોતાને મળી જાય એવું ચાહવું "હસદ" (ઈર્ષા) છે, જે ઘણો જ ખરાબ અયબ છે. એના કારણે જ શૈતાન માર્યો ગયો, પણ અન્યો જેવી નેઅમત પોતાના માટે પણ ચાહવું એ "રશ્ક" છે. હસદ સદંતર હરામ છે અને "રશ્ક" બે જગાએ જાઈઝ છે અહીં હસદ રશ્કના અર્થમાં છે.

**૯.** એટલે કે માલદાર સખી જેને ખુદા સારાં કામોમાં ખર્ચ કરવાની તૌફીક્‌ આપે, એ જ પ્રમાણે બાફય્ઝ આલિમે દીન જેના ઈલ્મથી લોકો ફાયદો ઉઠાવે રશ્કને પાત્ર છે. સુબ્હાનલ્લાહ ! અમુક ઉલમાનો ઈલ્મ તથા અમુક સખીઓના માલ વડે લોકો ક્‌યામત સુધી ફાયદો ઉઠાવે છે. અલ્લાહ તઆલા ફક્‌ીર (લેખક)ની આ કિતાબથી મુસલમાનોને ફાયદો પહોંચાડે. (આમીન) યાદ રાખશો કે નેકીની તમન્ના કરનાર ઈન્શાઅલ્લાહુ તઆલા ક્‌યામતમાં નેકોની સાથે જ ઉઠશે.



# શિફા શરીફ

વિભાગ : ૨

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝૂલ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

ગુજરાતી અનુવાદક : ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાળા)

## શફાઅત અને મકામે મહ્મૂદ

ઉપરોક્ત હદીષની સમાનાર્થી હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે. જેમાં આપે ફર્માવ્યું કે આ સ્થળ નું નામ મકામે મહમૂદ છે જેનો અલ્લાહ તઆલાએ વાયદો કર્યો છે. હઝરત અનસ رضی اللہ عنہ અને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ વિગેરેની રિવાયતોમાં આ વાત મૌજૂદ છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે કિયામતના દિવસે અલ્લાહ તઆલા તમામ આગળ ના અને પાછળનાને એકઠા કરશે અને તેઓ ખૂબ જ પરેશાનીમાં હશે અને તેમના દિલોમાં એ વાત નાખવામાં આવશે કે કાશ ! કોઈ હસ્તી આજે અમારી શફાઅત કરે. (બીજી રિવાયતમાં છે કે લોકો એકબીજાથી કહેશે.)

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે સૂરજ એટલો નજીક હશે કે લોકો તેની ગરમીને સહન કરી શકશે નહીં અને સખત બેચેનીની હાલતમાં એકબીજાથી કહેશે કે શું તમને કોઈ એવી હસ્તી નજર આવે છે જે આજે આપણી શફાઅત કરે ?! આ જ હેતુથી તેઓ હઝરત આદમ علیہ السلامની ખિદમતમાં હાજર થશે અને અરજ કરશે કે અબુલ બશર ! અલ્લાહ તઆલાએ આપને પોતાના દસ્તે કુદરત વડે બનાવ્યા, પોતાના તરફથી આપમાં રૂહ ફૂંકી, આપને જન્નતમાં રાખ્યા, ફરિશ્તાઓથી આપને સજદો કરાવ્યો અને આપને તમામ વસ્તુઓનાં નામ શિખડાવ્યાં. આપ અમારી શફાઅત કરો જેથી જે મુસીબતમાં અમે સપડાયેલા છીએ તેમાંથી છૂટકારો પ્રાપ્ત થાય અને ચેનનો શ્વાસ લેવાનું નસીબ થાય.

તેઓ ફર્માવશે કે આજે મારા રબ્બે ગઝબ પ્રગટ કરેલ છે કે ન એનાથી પહેલાં ક્યારેય કર્યો અને ન ભવિષ્યમાં કરશે. અલ્લાહ તઆલાનો હુકમ બજાવી લાવવામાં મારાથી લગઝિશ થઈ ગઈ હતી એટલા માટે મને પોતાને પોતાના જીવનો ભય છે ! હું તો પોતે ભય પામી રહ્યો છું ! તમે શફાઅતના માટે કોઈ બીજાના પાસે જાવ ! તેઓ પૂછશે આપ અમોને કોના પાસે મોકલો છો ? ફર્માવશે, હઝરત નૂહ علیہ السلامના પાસે ચાલ્યા જાવ.

લોકો હઝરત નૂહ علیہ السلامના પાસે હાજર થઈ અરજ કરશે કે હુઝૂર ! આપ જમીનવાળાઓની તરફથી સૌ પ્રથમ રસૂલ છો અને અલ્લાહ તઆલાએ આપને શુક્ર ગુઝાર બંદા ગણ્યા છે. શું આપ જોતા નથી કે અમે કઈ મુસીબતમાં સપડાયેલા છીએ ? શું આપ જોતા નથી કે અમે કઈ આફતમાં જકડાયેલા છીએ ? આપ અમારી શફાઅત કેમ કરતા નથી ?! તે ફર્માવશે કે આજે મારા રબ્બે ગઝબ એવો પ્રગટ કર્યો છે કે આનાથી પહેલાં ક્યારેય આવો થયો, ન તેના પછી ક્યારેય થશે. મને પોતાને મારી જાનની ફિકર છે. મને મારી પોતાની પડી છે. હઝરત અનસ رضی اللہ عنہની રિવાયતમાં છે કે મારાથી એક લગઝિશ થઈ ગઈ હતી કે જાણકારી સિવાય બારગાહે ખુદાવંદીમાં એક સવાલ કરી બેઠો હતો. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે મારું એક નિમંત્રણ મંજૂર હતું જે હું પોતાની કૌમ માટે કરી ચૂક્યો છું. તમે બીજા કોઈના પાસે જાવ. હઝરત ઈબ્રાહીમ علیہ السلامના પાસે જાવ.

લોકો હઝરત ઈબ્રાહીમ علیہ السلامના પાસે જશે અને અરજ કરશે કે, અય અલ્લાહના નબી ! આપ જમીનવાળામાંથી અલ્લાહના ખલીલ છો, આપ અમારી શફાઅત કરો ! શું આપ જોતા નથી કે અમે

કઈ મુસીબતમાં સપડાયેલા છીએ ? તે ફર્માવશે, આજે મારા રબ્બે ગઝબનું એવું પ્રગટીકરણ કરેલ છે કે પહેલાં ક્યારેય આવું બન્યું ન હતું ન ભવિષ્યમાં થશે. પછી એ ત્રણ વાતોનું ઝિક્ર કરશે જે (તૌરિયહ રૂપે) આપથી થઈ હતી અને ફર્માવશે કે મને પોતાને મારી જાનની ફિકર છે, મને પોતાને પોતાની પડી છે, હું શફાઅતને પાત્ર નથી, તમે હઝરત મૂસા عليه السلامના પાસે (શફાઅત કરવાવાળાના ઉદ્દેશથી) ચાલ્યા જાવ કેમ કે તેઓ કલીમુલ્લાહ છે. એક રિવાયતમાં છે કે અલ્લાહ તઆલાએ તેમને તૌરેત અર્પણ કરી, સરગોશીના માટે પોતાની નજીકતા બખ્શી છે.

લોકો હઝરત મૂસા عليه السلامની બારગાહમાં હાજર થઈ ઉદ્દેશ અરજ કરશે તો તે ફર્માવશે કે તેને પાત્ર હું નથી અને તે લગઝિશનું ઝિક્ર કરશે જે એક કિબ્તીના કારણે થઈ હતી. અને ફર્માવશે કે મને પોતાને પોતાની જાનનો ભય છે, મને પોતાને તો મારી જ પડી છે ! તમે હઝરત ઈસા عليه السلام પાસે ચાલ્યા જાવ, તેઓ અલ્લાહની રૂહ અને તેમનો કલ્મો છે.

લોકો હઝરત ઈસા عليه السلامની બારગાહમાં હાજર થશે. તે ફર્માવશે કે શફાઅતને પાત્ર હું નથી, તમે આખરુઝ્ઝમાં સૈયદના મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺનો દામન પકડો, કેમ કે અલ્લાહ તઆલાએ તેમને તમામ આગળની અને પાછળની લગઝિશોથી મેહફૂઝ કરી દીધા છે. ત્યારે તેઓ આપની બારગાહમાં આવી ઈચ્છા જાહેર કરશે. આપ ફર્માવશે, હા ! આ કામ માટે તો હું છું[૧] રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે પછી હું શફાઅત કરવા માટે જઈશ અને પોતાના રબ્બની પરવાનગી માગીશ. ત્યાં મને શફાઅત કરવાની પરવાનગી આપવામાં આવશે. તે સમયે હું મારા રબ્બને જોઈને તેના હુઝૂર સજદો કરીશ. બીજી રિવાયતમાં છે કે હું અર્શના નીચે પહોંચીને સજદામાં માથું મૂકી દઈશ. એક રિવાયતમાં છે કે હું તેના હુઝૂર ઉભો રહીને એવી હમ્દો ષના બયાન કરીશ જેના પર આજે શક્તિમાન નથી. તે સમયે અલ્લાહ તઆલા મારા પર વહી ફર્માવશે. બીજી રિવાયતમાં છે કે અલ્લાહ તઆલા પોતાની એવી કિર્તીઓ પ્રગટ કરશે જે બીજા કોઈ પર પ્રગટ કરવામાં આવી નહીં હોય.

ફત્વા વિભાગ

**સવાલ** : શું ફર્માવે છે ઉલમાએ દીન તથા શરીઅતના મુફતીઓ નીચે દર્શાવેલ મસ્અલામાં કે એક શખ્સને પાંચ પુત્રો તથા બે પુત્રીઓ છે. એક પુત્રનો ઈન્તેકાલ થઈ ચૂક્યો છે એનાં બીવી બચ્ચાં મૌજૂદ છે. ઝયદ પોતાની જાયદાદ પોતાની ઔલાદ વચ્ચે વહેંચવા ચાહે છે તો કઈ રીતે વહેંચે ? જે પુત્ર ગુજરી ગયો છે તેનાં બીવી બચ્ચાંને આપવું બેહતર છે કે નહીં ? –(પ્રશ્નકર્તા) : **પટેલ શબ્બીર અલી રઝવી**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ **અલ્જવાબ** : જણાવેલ વ્યક્તિ પોતાની જાયદાદ જો પોતાની અવલાદના દરમ્યાન વહેંચવા ચાહે છે તો અફઝલ એ જ છે કે સર્વ છોકરા તથા છોકરીઓને સરખુ સરખુ આપે, એમાં વધારે ઓછું ન કરે. જો કોઈ પુત્ર કે પુત્રીને મેહરૂમ કરી આપશે તો ગુનેહગાર થશે. અને જે પુત્ર ઈન્તેકાલ કરી ગયો છે એની પત્ની તથા બાળકોને આપવું બેહતર છે, જેટલુ ચાહે તેમને આપે. દુર્રે મુખ્તારમાં છે : (ભાવાર્થ) : ''ખાનિયામાં છે, મહોબ્બતમાં ઔલાદને એક બીજા પર ફઝીલત આપવામાં કોઈ વાંધો નથી. કારણ કે મહોબ્બત દિલનો અમલ છે. એ જ રીતે કાંઈક (વસ્તુ વગેરે) આપવામાં જો નુકસાન પહોંચાડવાનો ઈરાદો ન હોય તો (કાંઈ વાંધો નથી) પરંતુ નુકસાન પહોંચાડવાનો ઈરાદો હોય તો બરાબર બરાબર આપવામાં આવશે. હઝરત ઈમામ અબૂ યૂસુફના નઝદીક પુત્રીને પુત્રની જેમ આપવામાં આવશે. અને આના પર જ ફતવો છે. અને જો સંપૂર્ણ માલ પુત્રને આપી દે તો પણ દુરુસ્ત છે, પરંતુ (આવું કરનાર) ગુનેહગાર થશે. રદ્દુલ મોહતારમાં છે, એના પર જ ફતવો છે એનો મતલબ છે, ઈમામ અબૂ યૂસુફના કથન પર (ફત્વો છે) એટલે કે પુત્ર અને પુત્રીને એક સરખુ આપવું, એ તષ્લીષ (પુત્રીને ત્રીજો ભાગ આપવા)થી ઉત્તમ છે જે (તષ્લીષ) ઈમામ મુહમ્મદનું કથન છે. (ભાગ–૪, પેજ–૫૧૩) અલ્લાહ બેહતર જાણનાર છે. **લખનાર** : (મુફતી) **મુહમ્મદ નસીમ** *(જામિઆ અશ્રફિયા–મુબારકપુર, આઝમગઢ)* ૧૩–રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૩૧

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા
મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
અનુવાદક તથા રૂપાંતરકર્તા
મૌલાના સાદિક સાબરી દહેગામી

*મુહમ્મદ ﷺ મઝહરે કામિલ હૈ હક્ક કી શાને ઈઝ્ઝત કા*
*નઝર આતા હૈ ઈસ કષરત મેં કુછ અંદાઝ વહ્દત કા*

**અર્થ** : હુઝૂર ﷺ અલ્લાહ તઆલા ﷻની શાને ઈઝ્ઝતના સંપૂર્ણ મઝહર છે. મઝહર એટલે જાહેર થવાની જગ્યા, જેનાથી જાહેર થાય. અલ્લાહ તઆલાની શાન હુઝૂર ﷺ થી જાહેર થાય છે. હદીષે કુદ્સીમાં છે કે અલ્લાહ તઆલા ફર્માવે છે, હું ગુપ્ત ખજાનો હતો, ઈચ્છા કરી કે ઓળખાઈ જાઉં એટલે હુઝૂર ﷺને પોતાના મઝહર બનાવ્યા. જેવું કે બીજી હદીષે કુદ્સીમાં છે કે, અય મહબૂબ ! જો હું તમને પેદા ન કરત તો મારું રબ હોવું પણ જાહેર ન કરત. આટલી બધી કષરતથી (વધુ પ્રમાણમાં) ખૂબીઓ હોવામાં રસૂલ એકલા જ દેખાય છે. આપ બેમિષ્લો બેમિષાલ (અજોડ) છે.

*યહી હૈ અસ્લે આલમ માદ્દા ઈજાદે ખલ્કત કા*
*યહાં વહદત મેં બરપા હૈ અજબ હંગામા કષરત કા*
(માદ્દા = મૂળ, બુનિયાદ, આલમ = દુનિયા, અજબ = અનોખુ)

**અર્થ** : આપણા આકા ﷺ દુનિયાની અસ્લ છે. આપની જાત તમામ મખ્લૂકની બુનિયાદ છે અને આપના એકલાપણામાં કષરતની ધૂમ મચેલ છે. હદીષ શરીફમાં છે કે સર્વ પ્રથમ ખુદા પાકે મારા નૂરને પોતાના નૂરથી પેદા કર્યું અને પછી સર્વ મખ્લૂકને મારા નૂરથી પેદા કરી. *(તફસીરે રૂહુલ બયાન, પેજ-૫૪૮, મદારિજુન્નબુવ્વત-ફારસી, ભાગ-૨, પેજ-૨)* જેથી સાબિત થયું કે દુનિયા અને તમામ મખ્લૂકની પેદાઈશનો માદ્દો (મૂળ) હુઝૂર ﷺની ઝાત છે.

*ગદા ભી મુન્તઝિર હૈ ખુલ્દ મેં નેકોં કી દઅવત કા*
*ખુદા દિન ખૈર સે લાએ સખી કે ઘર ઝિયાફત કા*
(મુન્તઝિર = રાહ જોનાર, ઉમ્મીદવાર, ખુલ્દ = હમેશાં રહેવાની જગ્યા, જન્નત, ઝિયાફત = મહેમાની)

**અર્થ** : ગદાથી આ'લા હઝરતે પોતાને મુરાદ લીધા છે એટલે કે હું અહમદ રઝા પણ જન્નતમાં નેક લોકો અંબિયા, ઔલિયાની દા'વતની રાહ જોઈ રહ્યો છું, ખુદા સખીના ઘરની દા'વતનો દિવસ સલામતી સાથે લાવે.

*ગુનાહ મગફૂર, દિલ રોશન, ખુન્ક આંખેં, જિગર ઠંડા*
*તઆલલ્લાહ, માહે તયબાહ આલમ તેરી તલ્અત કા*
(મગફૂર = બખ્શિશ કરેલ, ખુન્ક = ઠંડક, માહે તયબાહ = મદીના શરીફનો ચાંદ, તલ્અત = દીદાર)

**અર્થ** : અય મદીનાના ચાંદ ! ﷺ સુબ્હાનલ્લાહ ! આપના દીદારની રોનક એટલી સુંદર છે કે જેનાથી ગુનાહ માફ થાય, દિલ રોશન, પ્રકાશિત થાય છે, આંખોને ઠંડક અને જિગરને સુકૂન નસીબ થાય છે.

*ન રખી ગુલ કે જોશે હુસ્નને ગુલશનમેં જા બાકી*
*ચટકતા ફિર કહાં, ગુન્ચા કોઈ બાગે રિસાલત કા*
*(જોશે હુસ્ન = અતિ સુંદરતા, ગુલ = ફૂલ, ગુલશન = બાગ, બગીચો, ચટકવુ = ફૂલ ખિલવું, ગુન્ચા = ફૂલની કળી, જા = જગ્યા)*

**અર્થ** : નબુવ્વત અને રિસાલતના બાગમાં લગભગ એક લાખ ચોવીસ હજાર કળીઓ નબી અને રસૂલોના રૂપમાં ખીલતી રહી જેની મહકથી દુનિયા સુગંધિત થતી રહી, પરંતુ જ્યારે આ નબુવ્વત અને રિસાલતના બાગમાં આખરી ફૂલ મુહમ્મદ મુસ્તફા ﷺની સૂરતમાં ખીલ્યું તો તેની અતિ સુંદરતાના કારણે બાગમાં બીજી કોઈ કળીને ખીલવાની જગ્યા બાકી ન રહી. આ'લા હઝરતે આ શેઅરમાં ખત્મે નબુવ્વતનો અકીદો જાહેર કર્યો છે કે હુઝૂર સરાપા નૂર ﷺના આગમનથી દુનિયા રોશન થઈ ગઈ, હવે કોઈ બીજો નબી કેવી રીતે આવે ?! હુઝૂર આખરી નબી છે, આપના પછી કોઈ નબી આવ્યો નથી અને આવશે પણ નહીં, જે કુર્આન અને હદીષોથી

સ્પષ્ટપણે સાબિત છે.

*બઢ્હા યે સિલસિલા રહમત કા દૌર ઝુલ્ફેવાલા મેં*
*તસલસુલ કાલે કોસોં રહ ગયા ઈસ્યાં કી ઝુલમત કા*

*(બઢ્હા = વધ્યુ, તસલસુલ = લગાતાર, કાલેકોસોં = ખૂશ્બુદાર, વરસોનો રસ્તો, ઈસ્યાં= ગુનાહ, ઝુલ્મત= અંધકાર)*

**અર્થ** : હુઝૂરે અકરમ ﷺની આલીશાન ઝુલ્ફો (લાંબાવાળ)માં રહમતનો સિલસિલો એવો વધ્યો એટલે કે હુઝૂર ﷺની મહેરબાનીઓ પોતાની ઉમ્મત પર એટલી વધી કે સતત ગુનાહોનો અંધકાર હુઝૂરેવાલાની કાળી ઝુલ્ફોની સુંદરતાથી ઘણો દૂર થઈ ગયો. હુઝૂર ﷺની ઝુલ્ફોની કસમ ! કુર્આને યાદ ફર્માવી છે :–

**وَالَّيْلِ اِذَا سَجٰى** "આપની ઝુલ્ફોની કસમ ! જ્યારે તે છવાય જાય." *(કુર્આન : પારા–૩૦, આ. ૨, તફસીરે રૂહુલ બયાન)*

*સફે માતમ ઉઠે, ખાલી હો ઝિન્દાં, ટૂટેં ઝંજીરેં*
*ગુનાહગારો ચલો મૌલાને દર ખોલા હૈ જન્નત કા*

(સફે માતમ ઉઠે = માતમ ખતમ થઈ ગઈ,
ઝિંદાં = જેલ, દર = દરવાજા)

**અર્થ** : હે ગુનેહગારો ! હવે ગમનું માતમ ખતમ કરો ! કારણ કે ખુદા પાકે દુનિયામાં જ તમારા માટે જન્નતના દરવાજા ખોલી દીધા છે અને હુઝૂર શાફએ યૌમુન્નુશૂર ﷺની ચોખટ છે ગુનાહની કેદમાંથી છૂટકારો મળ્યો, અઝાબની ઝંજીરો તૂટી અને છૂટકારો મળ્યો. આ શેઅરમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہએ શફાઅતે મુસ્તફા તરફ ઈશારો કર્યો છે. કુર્આનમાં છે, જો તેઓ પોતાની જાન પર જુલ્મ કરી બેસે, તો હે મહબૂબ ! તમારી બારગાહમાં હાજરી આપે, પછી ખુદાથી માફી માંગે અને રસૂલ તેમના માટે શફાઅત ફર્માવે તો જરૂર અલ્લાહને તૌબા કૂબૂલ કરનાર, મહેરબાન પામશે. *(પારા–૫, રૂકૂઅ–૫)* અને હદીષોમાં ઘણી જગ્યાએ શફાઅતનો ઉલ્લેખ છે. જેનું બયાન પાછળ ગુજર્યુ.

*સિખાયા હૈ કિસ ગુસ્તાખને આઈના કો યા રબ !*
*નઝારા રૂએ જાનાં કા બહાના કર કે હૈરત કા*

**અર્થ** : શાયરો આઈનાને હેરત (આશ્ચર્ય) દર્શાવે છે. આ'લા હઝરતે તેનો એ'તેબાર કરીને અજીબો ગરીબ મઝમૂન (લખાણ) પેદા કર્યુ કે નબીએ કરીમ ﷺની ઝિયારત આઈનો હેરતનું બહાનુ બનાવીને કરી રહ્યો છે આ વાત કયા ચાલાકે શીખવાડી ?!

**હુઝૂર ﷺના આઈનાનો કમાલ** : હુઝૂર ﷺના આઈનાને હુઝૂરની ઝિયારતનો શર્ફ મળ્યો તો એવું ઈનામ મળ્યું કે હુઝૂર ﷺ સિવાય કોઈની પણ સૂરત તેમાં દેખાતી નથી. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ખ્વાબમાં હુઝૂર ﷺની ઝિયારત કરી તો આ હદીષ ખયાલમાં આવી, જેણે મને ખ્વાબમાં જોયો તો નિકટમાં મને જાગૃતાવસ્થામાં જોશે, તેથી તેમને ગમ થયો કે ન જાણે મને જાગૃતાવસ્થામાં ઝિયારત થશે કે નહીં ? આ ખયાલમાં ગુમ થઈ બીબી મયમૂનહ رضی اللہ عنہا પાસે ગયા અને હકીકત બતાવી તો તેમણે હુઝૂર ﷺનો આઈનો કાઢયો. હઝરત ઈબ્ને અબ્બાસ ફર્માવે છે કે મેં હુઝૂર ﷺના આઈનામાં જોયું તો હુઝૂર ﷺની સૂરત મુબારક દેખાઈ અને મારી સૂરત નજર ન આવી. *(અલ્ હાદી લિલ્ ફતાવા, ભાગ–૨, પેજ–૪૪૯)*

*ઈધર ઉમ્મત કી હસરત પર ઉધર ખાલિક કી રહમત પર*
*નિરાલા તૌર હોગા ગરદિશે ચશ્મે શફાઅત કા*

**અર્થ** : કયામતના દિવસે હુઝૂર ﷺની નિગાહે શફાઅતનો અનોખો તરીકો હશે, ક્યારેક ઉમ્મતની હસરત–આરઝૂઓ પર નજર હશે અને ક્યારેક ખુદાની રહમતની તરફ જોશે. અંતમાં ખુદા عزوجلની રહમત હુઝૂર ﷺની શફાઅતના સદકામાં ઉમ્મતને નજાત આપશે.

*બઢ્હી ઈસ દરજા મૌજેં કષરતે અફઝાલે વાલા કી*
*કનારા મિલ ગયા ઈસ નહર સે દરયાએ વૈહદત કા*

*(બઢ્હી = વધી, ઈસ દરજા = એટલી હદે, અફઝાલ = ફઝલનું બહુવચન, મહેરબાનીઓ, વાલા = ઊંચો, નહર = નદી)*

**અર્થ** : હુઝૂર ﷺની મહેરબાનીઓનાં મોજાંઓ એટલી હદે વધ્યાં કે હુઝૂર ﷺની રહમતભરી નદીનો કિનારો ખુદાની રહમતના દરિયામાં સમાય ગયો. આ શેઅરમાં બુખારી શરીફની હદીષે કુદ્સી તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે અલ્લાહ તઆલા ફર્માવે છે, જ્યારે કોઈ બંદો મારી નિકટ આવી જાય છે ત્યારે તેને હું મેહબૂબ બનાવી લઉં છું અને તેના કાન બની જાઉં છું જેનાથી તે

સાંભળે છે, અને તેના હાથ બની જાઉં છું જેનાથી તે પકડે છે, અને તેના પગ થઈ જાઉં છું જેનાથી તે ચાલે છે, અને તે મારાથી જે કાંઈ માંગે છે હું જરૂર આપુ છું. (બુખારી શરીફ, ભાગ-૨, પેજ-૯૬૩)

*ખમે ઝુલ્ફે નબી સાજિદ હૈ મેહરાબે દો અબરૂમેં*
*કે યા રબ તૂ હી વાલી હૈ, સિયાકારાને ઉમ્મત કા*

*(ખમે ઝુલ્ફે નબી = નબીની ઝુલ્ફોના વળાંક, સાજિદ હૈ = સજદો કરે છે, દો અબરૂ = બે ભવાં, વાલી = માલિક, સિયાકારાને ઉમ્મત = ઉમ્મતના ગુનેહગાર લોકો)*

**અર્થ** : જયારે હુઝૂર ﷺ સજદામાં જઈ ઉમ્મત માટે દુઆ માંગતા તો આપની ઘુંઘરાલુ ઝુલ્ફ મેહરાબ જેવી દેખાતી બંનેવ ભ્વાં પર આવી જતી હતી, જાણે કે તે પણ સજદો કરીને દુઆ માંગી રહી છે કે મૌલા ! તું જ ઉમ્મતના ગુનેહગારોનો માલિક છે, તેમને માફ કરી દે.

*મદદ અય જોશિશે ગિરયા, બહા દે કોહ ઔર સહરા*
*નઝર આ જાએ જલ્વા બેહિજાબ ઉસ પાક તુરબત કા*

*(જોશિશ = જોશ, જુસ્સો, ગિરયા = રડવું, કોહ = પહાડ, સહરા = જંગલ, બેહિજાબ = બેપર્દા, તુર્બત = કૃબ્ર)*

**અર્થ** : હે મારા ઈશ્કે રસૂલના જોશ ! મારી મદદ કર ! હુઝૂર ﷺની ઝિયારતની તડ઼પમાં એટલા આંસૂંઓ વહાવી દે કે મારા અને મદીના શરીફના દરમિયાન જેટલા પહાડો અને રૂકાવટો છે તે દૂર થઈ જાય અને હું રોઝએ અક્દસ ﷺનો બેપર્દા દીદાર કરી લઉં.

*હુએ કમ ખ્વાબીએ હિજરાં મેં સાતોં પર્દે કમખ્વાબી*
*તસવ્વુર ખૂબ બાંધા આંખોંને અસ્તારે તુર્બત કા*

*(કમખ્વાબી = ઓછુ સૂવું, ઉજાગરો, કમખ્વાબી અથવા કિમખ્વાબી = મોંઘું, સોનાના તારથી બનાવવામાં આવેલ કાપડ, હિજરાં = જુદાઈ, સાતોં પર્દે = આંખોના સાત પર્દા, અસ્તારે તુર્બત = કૃબ્રના પર્દા)*

**અર્થ** : હુઝૂર ﷺની જુદાઈમાં આંખોએ નબીએ કરીમ ﷺની કૃબ્રે અન્વરનો એવો સારો તસવ્વુર, ખ્યાલ જમાવ્યો કે આંખોના સાતેય પર્દા પર નક્શો દોરાઈ ગયો એટલા માટે મારી આંખોના સાતેય પર્દા ઘણા કિંમતી તથા મોંઘા થઈ ગયા.

*યકીં હૈ વક્તે જલ્વહ્ લગઝિશેં પાએ નિગાહ પાએ*
*મિલે જોશે સફાએ જિસ્મ સે પાબોસ હઝરત કા*

*(લગઝિશ = લપસવું, સફાએ જિસ્મ = શરીરની પાકીઝગી, પા બોસ = પગ ચૂમનાર)*

**અર્થ** : જયારે હુઝૂર ﷺનો જલ્વો નજર આવે તો તે વખતે આપના જિસ્મની પાકીઝગીના કારણે નિગાહોના પગ લપસે અને હુઝૂર ﷺના મુબારક પગોનો બોસો નસીબ થઈ જાય.

*યહાં છિળકા નમક, વાં મરહમે કાફૂર હાથ આયા*
*દિલે ઝખ્મી નમક પરવરદા હૈ કિસ કી મલાહત કા*

*(મરહમ = ઘા પર લગાડવામાં આવતી દવા, કાફૂર = કપુર જે ઠંડક આપે છે, હાથ આયા = મેહસૂસ થયું, નમક પરવરદહ = ગુલામ, મલાહત = સુંદરતા, વાં = ત્યાં)*

**અર્થ** : આ ઝખ્મી દિલ કયા હુસ્નનો ગુલામ છે કે અહીંયાં દુનિયામાં ઝખ્મો પર ઈશ્કૃનો નમક (મીઠુ) નાખ્યું તો ત્યાં આખેરતમાં કાફૂરની ઠંડક (હુઝૂર ﷺના દીદારથી) મરહમ ઝખ્મો પર લગાડવા મળી.

*ઈલાહી મુન્તઝિર હૂં વો ખરામે નાઝ ફર્માએ*
*બિછા રખા હૈ ફર્શ આંખોંને કમ ખ્વાબે બસારત કા*

*(મુન્તઝિર = રાહ જોનાર, ખરામે નાઝ ફર્માએ = શાનો શૌકતથી તશરીફ લાવે, ફર્શ = પાથરણુ, ગાલીચો, કમખ્વાબ = કિંમતી, બસારત = આંખો)*

**અર્થ** : હે મારા મઅબૂદ ! હું રાહ જોઈ રહ્યો છું કે ક્યારે મારા ગરીબખાના પર તશરીફ લાવે, મારી આંખોંએ બસારતનો કિંમતી ગાલીચો બિછાવી રાખ્યો છે.

*ન હો આકૃા કો સજદહ, આદમો યૂસુફ કો સજદહ હો*
*મગર સદ્દે ઝરાએ દાબ હૈ અપની શરીઅત કા*

*(આકૃા = સરદાર આપણા નબી, ઝરાએ = સબબો, સદ્દ = રૂકાવટ, દાબ = તરીકો)*

**અર્થ** : સજદાહ બે પ્રકારના હોય છે : એક સજદએ દઆબ્બુદી એટલે **ઈબાદતનો સજદો** જે ખુદા સિવાય બીજા માટે કરવો **કુફ્ર** છે. બીજો **તા'ઝીમી સજદો** એટલે ઈજ્જત કરવા માટે જે પહેલી શરીઅતમાં જાઈઝ હતો જેવું કે કુર્આનમાં છે કે ફરિશ્તાઓએ હઝરત આદમ عليه السلامને સજદો કર્યો અને હઝરત યૂસુફ عليه السلامને તેમના

ભાઈઓએ સજદો કર્યો. પરંતુ આપણા નબી ﷺની શરીઅતમાં આ સજદો **હરામ** કરી દેવામાં આવ્યો. (વધુ વિગત માટે જુઓ આ'લા હઝરતની કિતાબ "અઝ : ઝુબદતુઝ્ ઝકિય્યહ્ તહરીમે સુજુદિત્તહિય્યહ્ અને મૌલાના યૂનુસ મિસ્બાહી વાગરાવાલા (હાલ : લેસ્ટર, યુ.કે.)ની ગુજરાતી કિતાબ "તોહફાએ નજાત" ભાગ–૧૨) આ શેઅરનો અર્થ એ છે કે ઈશ્ક઼ તો કહે છે કે જ્યારે હઝરત યૂસુફ علیہ السلام અને હઝરત આદમ علیہ السلامને સજદો કરવામાં આવ્યો તો પછી આપણા આક઼ાને કેમ નહીં ?! પરંતુ આપણી શરીઅત આપણને અનુમતિ નથી આપતી. હદીષે પાકમાં છે એક ઊંટ જ્યારે હુઝૂર ﷺની બારગાહમાં સજદો કરે છે તો અમે સજદો કરવાના વધારે હક્ક઼દાર છીએ ! *(ખસાઈસે કુબ્રા, ભાગ–૧, પેજ–૫૨)* પરંતુ **હુઝૂરે સજદો કરવાની મનાઈ ફર્માવી દીધી.**

*ઝબાને ખાર કિસ કિસ દર્દ સે ઉનકો સુનાતી હૈ*
*તળપના દશ્તે તયબાહ મેં જિગર અફગારે ફુર્કત કા*

*(ખાર = કાંટો, દશ્તે તયબાહ = મદીનાનો જંગલ, જિગર અફગાર = ઝખ્મી કાળજુ, ફુર્કત = જુદાઈ)*

**અર્થ** : મદીના શરીફના કાંટા હુઝૂર ﷺની જુદાઈમાં તડપનાર આશિક઼ અને ઝખ્મી દિલોનું દર્દ કેવા કેવા અંદાઝમાં હુઝૂર ﷺને સંભળાવે છે.

*સિરહાને ઉનકે બિસ્મિલ કે યે બેતાબી કા માતમ હૈ*
*શહે કૌષર તરહહુમ, તિશ્ના જાતા હૈ ઝિયારત કા*

*(બિસ્મિલ = બેચેન, તડપનાર, બેતાબી = બેક઼રારી, શહે કૌષર = કૌષરના માલિક, તરહહુમ = રહમ કરો, તિશ્ના = તરસ્યો, પ્યાસો)*

**અર્થ** : આપની મહોબ્બતમાં તડપનારની સામે બેક઼રારી ખૂદ માતમ કરી રહી છે અને અર્ઝ કરી રહી છે કે હે કૌષરના માલિક ! મહેરબાની કરો કે આપના દીદારનો પ્યાસો તરસ્યો જ જઈ રહ્યો છે, તેની પ્યાસ બુજાવો.

*જિન્હેં મરકદમેં તા હશ્ર ઉમ્મતી કેહકર પુકારોગે*
*હમેં ભી યાદ કર લો ઉનમેં સદક઼ા અપની રહ્મત કા*

(મરકદ = સૂવાની જગા, ક઼બ્ર, તાહશ્ર = હશ્ર સુધી)

**અર્થ** : યા રસૂલલ્લાહ ! ﷺ આપ ક઼બ્ર અન્વરમાં હશ્ર સુધી જે મુક઼દસ લોકોને ઉમ્મતી ! ઉમ્મતી ! કહીને પુકારશો તે ખુશનસીબ લોકોમાં અમોને પણ યાદ કરી લો ! સામેલ કરી લો, આપને આપની રહ્મતનો વાસ્તો !

*વો ચમકે બિજલિયાં યા રબ તજલ્લીહાએ જાનાંસે*
*કે ચશ્મે તૂર કા સુરમા હો દિલ મુશ્તાક઼ રૂયત કા*

*(તજલ્લી = ચમકર, જાનાં = મહબૂબ, ચશ્મેતૂર = તૂર પહાડની આંખ, દિલે મુશ્તાક઼ = આતૂર દિલ, રૂયત = દીદાર, જોવું)*

**અર્થ** : યા ઈલાહી ! મહબૂબની ચમકની વીજળીઓ જ્યારે ચમકવા લાગે ત્યારે હુઝૂર ﷺના દીદારનું આતૂર દિલ તૂર પહાડની આંખોનો સુરમો બની જાય. એટલે કે જેવી રીતે તૂર પહાડ તજલ્લિયાતે ઈલાહીની તાબ ન લાવી શક્યો અને બળીને સુરમો બની ગયો, એવી જ રીતે મારું આરઝૂમંદ દિલ પોતાના મહબૂબની રોશનીઓની ચમકની તાબ નથી રાખતું પરંતુ મારું દિલ હુઝૂર ﷺની ઝિયારતની આતૂરતામાં શહીદ થવાનો ઈરાદો રાખે છે જેથી કોહે તૂરની આંખો માટે હમેશાં હમેશ માટે મારું મુશ્તાક઼ દિલ સુરમો બની જાય.

*"**રઝા**"એ ખસ્તા જોશે લહરે ઈસ્યાં સે ન ગભરાના*
*કભી તો હાથ આ જાએગા દામન ઉનકી રહ્મત કા*

*(રઝા = મૌલાના અહમદ રઝા આ'લા હઝરત رحمۃ اللہ علیہનું ઉપનામ, ખસ્તા = ઝખ્મી, જોશે બહરે ઈસ્યાં = ગુનાહના દરિયાનો જોશ, કભી તો હાથ આ જાએગા = ક્યારેક હાથમાં આવી જશે)*

**અર્થ** : હે ગમગીન રઝા ! ગુનાહોના સમંદરના જોશ અને ઉભારથી ગભરાશો નહીં ! રહ્મતુલ્ લિલ્ આલમીન ﷺનો રહ્મત ભરેલ દામન એક દિવસ હાથ આવી જશે અને દરેક બલાથી છૂટકારો મળી જશે.


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ ગ્લેઝ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# વલિયા અલ્લાહની કરામતો

અઝ : અબુલ કાસિમ અબ્દુલકરીમ બિન હવાઝિન કુશૈરી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી
તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

### ★ ઈબ્ને ઉમરે સિંહને હાંકી કાઢયો ★

એકવાર ઈબ્ને ઉમર رضی اللہ عنہما સફરમાં જઈ રહ્યા હતા. રસ્તામાં તેમને કેટલાક લોકો મળ્યા જેઓ સિંહના ડરથી માર્ગમાં રોકાઈ ગયા હતા. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماએ સિંહને રસ્તામાંથી હાંકી કાઢયો અને ફર્માવ્યું, માણસ પર તે ચીજોને સવાર કરવામાં આવે છે જેનાથી તે ડરે છે. જો તે અલ્લાહ તઆલા સિવાય કોઈનાથી ન ડરે તો તેના પર કોઈ ચીજ સવાર ન થાય. આ એક મશ્હૂર રિવાયત છે.

### ★ સમુદ્રના પાણી પર ચાલીને પાર નીકળી ગયા ! ★

રિવાયત કરવામાં આવી છે કે આં હઝરત ﷺએ અલાઅ્ બિન હુઝરમી رحمۃ اللہ علیہ (૧૨૮૫)ને એક જંગના માટે રવાના કર્યા. રસ્તામાં સમુદ્રનો એક હિસ્સો આવી ગયો. અલાએ ઈસ્મે આ'ઝમના વસીલાથી દુઆ કરી અને પાણી પર ચાલીને પાર થઈ ગયા.

### ★ લાકડીના છેડામાંથી પ્રકાશ વેરાયો ! ★

રિવાયત છે કે એતાબ બિન બુશ્ર અને ઉસૈદ બિન હઝીર રસૂલુલ્લાહ ﷺની પાસેથી નીકળીને રાતના અંધકારમાં રવાના થયા તો રસ્તામાં તેમની લાઠીની ટોચ ચિરાગ જેમ પ્રકાશ વેરવા માંડી.

### ★ પ્યાલાએ અલ્લાહની તસ્બીહ પઢી ! ★

રિવાયત કરવામાં આવી છે કે હઝરત સલ્માન તથા હઝરત અબૂ દરદા رضی اللہ عنہની સામે એક પ્યાલો હતો જેણે અલ્લાહની તસ્બીહ બયાન કરવાનું શરૂ કરી આપ્યું અને તે બંનેવે એને સાંભળ્યું.

એ પણ રિવાયતમાં આવ્યું છે કે નબી ﷺએ ફર્માવ્યું, ઘણા વેર વિખેર વાળો તથા ધૂળવાળા શરીરવાળા લોકો જેમણે ચિથરાં પહેરી રાખ્યાં છે અને જેમને લોકો કોઈ ગણનામાં નથી લેતા (તુચ્છ સમજે છે), એવા હોવા છતાં જો તેઓ કસમ ખાઈને કોઈ વાત કહી આપે તો અલ્લાહ તઆલા તેને પૂરી કરી આપશે.

### ★ વાદળાંમાંથી ગયબી અવાજ આવ્યો ! ★

અમને અલી ઈબ્ને અહમદ બિન અબ્દાને કહ્યું કે તેમને અહમદ બિન ઓબૈદુસ્સફારે વર્ણન કર્યું કે અબૂ મુસ્લિમે તેમને કહ્યું કે અમ્ર બિન મરઝૂકે તેમને કહ્યું કે અબ્દુલ અઝીઝ બિન અબી સલ્મા અલ્માજશૂને તેમને કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એકવાર એક શખ્સે કોઈ વાત કહી તો તેને વાદળોની ગર્જના સંભળાયી અને વાદળોથી એક અવાજ સંભળાયો કે, ''ફલાણા શખ્સના બાગને તૃપ્ત કરો !'' જેથી એ વાદળ એક ખુલ્લા મેદાનમાં જઈને વરસ્યું. એ શખ્સ વાદળોની પાછળ પાછળ થઈ ગયો. શું જુએ છે કે એક શખ્સ ઉભો રહીને બાગમાં નમાઝ પઢી રહ્યો છે. તેણે પૂછયું, તમારું નામ શું છે ? તેણે બતાવ્યું કે મારું નામ ફલાણુ છે, અને પોતાનુ સાચુ નામ બતાવ્યું. તે શખ્સે ફરી સવાલ કર્યો કે જ્યારે તું બાગનું ફળ કાપે છે તો શું કરે છે ? તેણે કહ્યું કે તું આ સવાલ શા માટે કરે છે ? તેણે જવાબ આપ્યો કે મેં વાદળોમાંથી કોઈને એવું કહેતાં સાંભળ્યો હતો કે ફલાણા શખ્સના બાગમાં પાણી આપો. તેના પર તેણે કહ્યું, હવે જ્યારે તેં આ વાત બતાવી છે તો સાંભળી લે કે હું આ બાગની ફસલના ત્રણ ભાગ પાડુ છું એમાંથી ૧/૩ મારા માટે તથા મારાં બાળ બચ્ચાં માટે રાખુ છું, ૧/૩ બાગના માટે અને ૧/૩ મિસ્કીનો તથા મુસાફરો માટે.

### ★ જંગલી જાનવરોની ઝિયાફત ! ★

મેં અબૂ હાતિમ સુબ્હસ્તાનીને ફર્માવતાં સાંભળ્યા કે તેમણે અબૂ નસ્ર સિરાજથી સાંભળ્યું. ફર્માવતા હતા, અમે તુસ્તર ગયા અને ત્યાં સહલ બિન અબ્દુલ્લાહના મહલમાં એક મકાન અમે જોયું જેને લોકો ''દરિન્દાઓનું ઘર'' કહ્યા કરતા હતા. (દરિન્દા : ફાડી ખાનાર જંગલી જાનવર) અમે જ્યારે એના વિશે પૂછયું તો લોકોએ બતાવ્યું કે જંગલી જાનવરો સહલની પાસે આવ્યા કરતાં હતાં અને તે એમને ઘરમાં લાવીને તેમની ઝિયાફત ગોશ્ત વડે કરતા અને પછી તેને છોડી મૂક્તા. અબૂ નસ્ર ફર્માવે છે કે આ બનાવની સચ્ચાઈ માટે સર્વ તુસ્તરવાસીઓની એકમતિ છે અને કોઈ પણ એનાથી ઈન્કાર કરતો ન હતો, જ્યારે કે તેઓ ઘણી મોટી સંખ્યામાં છે.

### ★ દિલનો ઈરાદો જાણી લીધો ! ★

મેં મુહમ્મદ બિન અહમદ બિન મુહમ્મદ તમીમીથી સાંભળ્યું કે અબ્દુલ્લાહ બિન અલી સૂફીએ તેમને કહ્યું કે હમ્ઝા બિન અબ્દુલ્લાહ અલ્વી ફર્માવતા હતા કે હું અબુલ ખૈર તૈનાતીની ખિદમતમાં હાજર થયો અને મેં દિલમાં એ ઈરાદો કરી રાખ્યો હતો કે હું કેવળ સલામ કરીને ચાલ્યો આવીશ અને તેમને ત્યાં ખાવા ખાઈશ નહીં. જ્યારે હું એમની પાસેથી ચાલ્યો અને હજી થોડુક જ ચાલ્યો. હોઈશ તો શું જોઉં છું કે તે મારી પાછળ ખાણાની તબાક઼ લઈને આવી રહ્યા છે. ફર્માવ્યું, હવે જ્યારે તમે તમારો ઈરાદો પૂરો કરી ચૂક્યા છો તો ખાવા ખાઈ લો ! અબુલ ખૈર તૈનાતી કરામત જાહેર કરવામાં મશ્હૂર છે.

### ★ સિંહને ધમકાવતાં તે ચાલ્યો ગયો ! ★

ઈબ્રાહીમ રક઼ી બયાન કરે છે કે હું સલામ કરવાના માટે તેમની પાસે ગયો. આપે મગરિબની નમાઝ અદા કરી, પણ સૂરએ ફાતિહા પણ સહીહ રીતે અદા ન કરી શક્યા. (કોઈ તકલીફ રહી હશે) મેં દિલમાં કહ્યું કે આખી સફર બેકાર થઈ ગઈ. જ્યારે મેં સલામ ફેરવી તો હું કુદરતી હાજત માટે નીકળ્યો. એક સિંહ મારી તરફ લપક્યો તો હું તેમની પાસે પરત ચાલ્યો આવ્યો અને અર્ઝ કરી કે એક સિંહ મારા તરફ આવી રહ્યો છે. આપે બહાર નીકળીને સિંહને અવાજ આપ્યો અને કહ્યું, શું મેં તને એવું નથી કહી રાખ્યું કે મારા મહેમાનોને છેડયા ન કર ? ! આ સાંભળીને સિંહ ચાલ્યો ગયો અને મેં હાજતથી ફરાગત મેળવી લીધી. જ્યારે એમની પાસે આવ્યો તો ફર્માવ્યું, તમે લોકો તમારા જાહેરને દુરુસ્ત કરવામાં મશ્ગૂલ છો જેથી તમે સિંહથી ડરો છો અને અમે અમારાં દિલોને દુરુસ્ત કરવામાં મશ્ગૂલ હોઈએ છીએ જેથી સિંહ અમારાથી ડરે છે.

### ★ નદીમાં ખોવાયેલ નગીનો મળી ગયો ! ★

કહે છે કે જઅફર ખુલ્દીની પાસે એક નગીનો હતો. એક દિવસ એ નગીનો દજલા નદીમાં પડી ગયો. એમને એક દુઆ યાદ હતી જે ખોવાયેલી ચીજને પરત કરવામાં અનુભવાયેલી હતી. તેમણે દુઆ પઢી તો છેવટે વરકો શોધતાં શોધતાં નગીનો તેમને મળી ગયો.

મેં અબૂ હાતિમ સુબ્હસ્તાનીને ફર્માવતાં સાંભળ્યાં, તે કહેતા હતા કે મેં અબૂ નસ્ર સિરાજને ફર્માવતાં સાંભળ્યું કે તે દુઆ આ છે :–

**يَاجَامِعَ النَّاسِ لِيَوُمٍ لَا رَيُبَ فِيُهِ اِجُمَعَ عَلَىَّ ضَالَّتِى**

''હે ખુદા ! જે લોકોને તે દિવસે ભેગા કરીશ જે દિવસ આવવામાં કોઈ શંકા નથી, મારી ખોવાયેલી ચીજ મને આપી દે.'' ...........*(ક્રમશઃ)*


## લેખ હરીફાઈમાં ભાગ લો

**કરજ લેનાર તથા આપનાર અને ઈસ્લામી શરીઅત**


વર્તમાનકાળમાં સામાન્યતઃ લોકો કરજ ઉધાર–ઉછીના લઈને આપનારને પરત કરતા નથી. તો આમ કરવું શરીઅતની રૂએ કેવું છે ? સાથોસાથ કરજ આપવાની ફઝીલત શું છે ? તથા કરજદારને મોહલત આપનાર તથા માફ કરનાર માટે શી ફઝીલતો છે ? તથા કરજ લઈને ખોટા કરનાર પર શરીઅતનો શું હુકમ લાગે છે તેની વિગતો સાથે લેખ મોકલવો.

**તા. ૧૦–૦૧–૨૦૧૧ સુધીમાં આ વિષયે લેખ મોકલી આપવો.** –*તંત્રી*

(ક્રમશઃ)

મુનાફિક્ત તે આનુ નામ !

# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!



**કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !**



*દેવબંદી ધર્મની પાયાની કિતાબ 'તક્વિયતુલ ઈમાન' જેને તેઓ જાણે કુર્આનના સ્થાને રાખે છે. તેમાં નબી વલી માટે ઈલ્મે ગયબ, હાઝિર નાઝિર માનવું, મદદ માંગવી–પુકારવું, મદદ કરવા તસર્રુફ (પહોંચ)નું માનવું, ઈખ્તિયાર હોવું.....વગેરે બાબતો* ***અલ્લાહના અતા કરવાથી પણ*** *માનવું* ***શિર્ક*** *દર્શાવ્યું છે. પણ એ જ શિર્કની માન્યતા જ્યારે પોતાના મોલ્વીની પ્રશંસામાં ગુણગાન લખવા બેસે છે ત્યારે પોતાના બુઝુર્ગની મહોબ્બતના નશામાં આ* ***તૌહીદના ઠેકેદારો*** *ભૂલી જાય છે ! તેમની* ***દોરંગી પોલીસી****ની દાસ્તાન લોકો સમક્ષ જાહેર કરી તેમના ધોકાથી મુસ્લિમોને બચાવવા અત્રે આ પ્રકરણ શરૂ કર્યું છે જેનો અભ્યાસ કરો અને વહાબિયત દેવબંદિયતની અસલિયતને ઓળખો અને તેમની પાસે જવાબ માંગો ! (નોંધ : અહીં મોટાભાગની મેટર કિતાબ ઝલઝલા, લે. હઝરત અલ્લામા અર્શદુલ કાદરી رحمة الله عليه, અનુવાદક : મર્હૂમ અબ્દુલગફ્ફાર ચોલા જામનગરીમાંથી છે.) –તંત્રી બરકાતે ખ્વાજા*

## દેવબંદી મોલ્વીઓના ઈલ્મે ગયબની અજબની કહાની !!!

મુફતી અતીકુર્રહમાન સાહબ દહેલ્વી જે ''દેવબંદી–વર્તુલ''ના મઝહબી પેશ્વા અને દારુલ ઉલૂમ (દેવબંદ)ની ''સલાહકાર સમિતિ''ના સભ્ય હતા, તેમણે બુરહાન માસિક (દિલ્હી)ના એડિટર મોલ્વી સઈદ અહમદ અકબરાબાદી (ફાઝિલ દેવબંદ)ના પિતાશ્રીના મૃત્યુ પર ''બુરહાન અખ્બાર''માં એક ''શોક લેખ'' લખ્યો છે, જે મરનારના જીવન સંબંધે છે, બનાવોના રાવી (કથનકાર) ખૂદ મોલ્વી સઈદ અહમદ છે, કલમ મુફતી અતીકુર્રહમાન સાહબની છે, પોતાના જન્મ સંબંધે મોલ્વી સઈદ અહમદનું આ ''મીલાદ નામુ'' ખાસ વાંચવા જેવું છે, તેમણે લખ્યું છે કે :–

*''મારાથી પહેલાં મારા પિતાજીને એક પુત્રી પેદા થયાં હતાં જેમનું બચપણમાં જ અવસાન થઈ ગયું હતું, ત્યાર પછી સત્તર વરસ સુધી તેમને ત્યાં કોઈ અવલાદ થઈ નહીં, એટલે તેમણે નોકરી છોડીને હિજરત કરવાનો નિર્ણય કરી લીધો, (ત્યારે તે આગ્રાની લોહામંડીની સરકારી હોસ્પિટલમાં નોકરી કરતા હતા) પરંતુ કાઝી અબ્દુલગની સાહબ (જેઓ પિતાજીના પીરો મુર્શિદ હતા)ને ખબર પડતાં તેમણે મના લખી મોકલી અને તેની સાથે સાથે* ***એ ખુશખબરી પણ આપી કે, ''તેમને ત્યાં પુત્ર જન્મ થશે'' એ ''બશારત''ના થોડાક વરસો પછી રમઝાનની ૭ તારીખે ''સુબ્હ સાદિક''ના સમયે હું (મોલ્વી સઈદ અહમદ) પેદા થયો.*** *મારો* ***જન્મ થયો તેના બે કલાક અગાઉ*** *મારા પિતાજીએ ખ્વાબમાં હઝરત* ***મૌલાના ગંગોહી*** *અને હઝરત* ***મૌલાના નાનોત્વી****ને જોયા,* ***તેઓ બંને લોહામંડીની હોસ્પિટલમાં પધાર્યા*** *અને ફર્માવ્યું કે, ''ડોકટર ! પુત્ર મુબારક ! તેમનું નામ સઈદ રાખજો !'' મારા પિતાજીએ તેમના* ***ઈર્શાદ પર અમલ કર્યો*** *અને એ જ સમયે નિર્ણય કરી લીધો કે, બાળકને દેવબંદ મોકલાવીને આલિમ બનાવીશ.'' (માહનામા ''બુરહાન'' દિલ્હી, ઓગષ્ટ ૧૯૫૨, પેજ–૬૮)*

થોડીવાર મગજને શાંત રાખીને એક ઘડીના માટે વિચારો કે, મોલ્વી સઈદ અહમદ સાહબના પિતાશ્રીના

પીર કાઝી અબ્દુલ ગની સાહબે થોડાક વરસો પહેલાં એમ જાણી લીધું કે, મુરીદને ત્યાં ફરઝંદ પધારી રહ્યા છે, જેની તેમને બશારત પણ આપી દીધી અને બશારત પ્રમાણે ૭ રમઝાનુલ મુબારકના રોજ મોલ્વી અહમદ સઈદ આ ફાની જગતમાં પધાર્યા.

વિચારવાની વાત એ છે કે, ગર્ભ (હમલ)ના દિવસોમાં જો તેમણે આ પ્રકારની અગાઉથી ખબર આપી હોત તો એમ કહી શકાયું હોત કે, તેમણે "ડોકટરી સાધનો" દ્વારા અનુમાન કર્યું હશે, પરંતુ વરસો પહેલાં એ જાણી લેવાનું સાધન તેના સિવાય શું હોઈ શકે કે તેમને "ગયબનો ઈલ્મ" હતો અને વળી મોલ્વી કાસિમ સાહબ નાનોત્વી અને મોલ્વી રશીદ અહમદ ગંગોહીની "ગયબદાની"નું તો શું કહેવું ?! એ શ્રીમાનો બરાબર જન્મના સમયના બે કલાક પહેલાં પોતપોતાની કબ્રોમાંથી નીકળીને સીધા મોલ્વી અહમદ સઈદ સાહબના પિતાશ્રીને ત્યાં પહોંચી ગયા અને તેમને પુત્રના આગમનની અગાઉથી મુબારકબાદી આપી અને નામ સુદ્ધાં પણ બતાવી દીધું ! અને તેમણે પણ એ ખ્વાબને "એક હકીકત"ની જેમ માની પણ લીધું.

**ઈન્સાફ કરો !** એક તરફ "ઘરના બુઝુર્ગો"ના ઈલ્મે ગયબ સંબંધે દિલોની માન્યતા આ છે, અને બીજી તરફ રસૂલે ખુદા ﷺને "ગયબનો ઈલ્મ" હોવાનો ખુલ્લો ઈન્કાર કરીને "બુખારી શરીફ"ની આ હદીષ દેવબંદી ઉલ્માની કલમની ઝબાન પર હર સમયે રહી છે કે :–

*"સહીહ બુખારી શરીફમાં હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, "મફાતિહુલ ગયબ" (ગયબની ચાવીઓ) જેને ખુદા સિવાય કોઈ જાણતું નથી એ પાંચ વસ્તુઓ છે, જે કુર્આને પાકમાં "સૂરએ લુકમાન"ની આખરી આયતમાં છે, તે એ છે કયામતનો ચોક્કસ સમય, વરસાદનું નિયત સમયે વરસવું, માફિલ અરહમાન એટલે* ***સ્ત્રીના પેટમાં છોકરો છે કે છોકરી,*** *ભવિષ્યના બનાવો, અને મૌતનો ચોક્કસ સમય અને સ્થળ." (ફતહે બરેલી કા દિલકશ નઝારહ્, પેજ–૮૫)*

કુર્આની આયત પણ બરહક્ક અને હદીષ પણ દિલો જાનથી માન્ય, પરંતુ એટલું કહેવાની જરૂર રજા ચાહું છું કે, મઝકૂર આયત અને હદીષ જો રસૂલે મુજતબા ﷺની બાબતમાં "ઈલ્મે માફિલ અરહામ" (એટલે કે તેની ખબર કે ઔરતના પેટમાં શું છે ?!)ના ઈન્કારની દલીલ બની શકે છે, તો **ઈલ્મ અને દયાનતની હુઝૂરમાં એ સવાલનો જવાબ આપવામાં આવે કે એ જ કુર્આની "આયત" અને "હદીષ" દેવબંદી ઉલ્માને સંબંધે, કાઝી અબ્દુલગની, મોલ્વી કાસિમ નાનોત્વી સાહબ, મોલ્વી રશીદ અહમદ સાહબને સંબંધે "માફિલ અરહામ" (માતાના પેટમાં શું છે ?)ના એઅતેકાદની વચ્ચે કેમ ન આવી ? અને જો પોતાના બુઝુર્ગોના હક્કમાં ઉપરોક્ત "આયત" અને "હદીષ"નો "બીજો અર્થ" શોધી લેવામાં આવ્યો હતો તો પછી એવો જ અર્થ અલ્લાહના રસૂલના બાબતમાં શા માટે જાઈઝ રાખવામાં ન આવ્યો ?** એક જ પ્રકારના "મસ્અલા"માં બે પ્રકારની માન્યતા રાખવાનું કારણ એ સિવાય શું હોય શકે કે જેને પોતાના માનવામાં આવ્યા તેના કમાલાત (મહાનતા)ની જાહેરાતને માટે કોઈ ગુંજાઈશ ન હતી છતાં એટલી ગુંજાઈશ કાઢી લેવામાં આવી અને જેના માટે દિલની અંદરના કોઈ ખૂણા સુધી અકીદત જેવું મૌજૂદ ન હતું તેના "ફઝાઈલે હકીકી"ના એકરારમાં ગુંજાઈશ મૌજૂદ હોવા છતાં તેને જાહેર કરવામાં "કંજૂસાઈ" કરવામાં આવી હતી !

જો દેવબંદી વહાબીઓ અલ્લાહ સિવાય કોઈનામાં અલ્લાહની અતાથી પણ "ઈલ્મે ગયબ" હોવાનું માનવાને ખરેખર શિર્ક જ જાણે છે તો પછી ઉપરોક્ત ઈલ્મે ગયબ જાણી જઈને દર્શાવનારા દેવબંદી મોલ્વી કાઝી અબ્દુલ ગનીને પણ મુશ્રિક જાહેર કરે ! અને આ મોલ્વી અતીકુર્રહમાન દેવબંદી તથા મોલ્વી સઈદ અહમદ દેવબંદી તથા તેમના પિતાજીને પણ એ ઈલ્મે ગયબને માની લેવા પર મુશ્રિક જાહેર કરે ! કેમ કે દેવબંદી

અક઼ીદાની આધારભૂત કિતાબમાં કોઈ આયતનું મન માન્યુ અર્થઘટન કરી લખ્યું :–

*"આ આયતથી સ્પષ્ટ થયું કે જો કોઈ માણસ એવો દાવો કરે છે કે હું એવું ઈલ્મ જાણું છું જેના વડે ગયબની વાતો માલૂમ કરી લઉં છું અને ભૂતકાળ તથા ભવિષ્યકાળની વાતો બતાવી શકુ છું તો **તે સાવ જૂઠો** અને **ખુદાઈનો દાવેદાર** છે. **જો કોઈ માણસ કોઈ નબીને કે વલીને.............આ પ્રકારનાં (ઈલ્મે ગયબ જાણનાર) માને તો એવો માણસ મુશ્રિક થઈ જાય છે** અને **આ આયતનો મુન્કિર** બની જાય છે." (તક઼વિયતુલ ઈમાન ગુજરાતીમાં, પેજ : ૬૭–૬૮, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, જિ. ભરૂચ)*

તેમજ દેવબંદી પેશ્વા મોલ્વી રશીદ અહમદ ગંગોહી લખે છે :–

*"ખુદા તઆલા સિવાય ગૈરના માટે ગયબનો ઈલ્મ હોવાનું સાબિત કરવું **શિર્ક** છે."*
*(ફતાવા રશીદિયહ્, ભાગ–૩, પેજ–૧૭, બહવાલા ઝલઝલા)*

તેમજ દેવબંદી પેશ્વા અશરફ અલી થાનવી લખે છે :–

*"રસૂલે ખુદા ﷺને ગયબનો ઈલ્મ હતો એવું અમે માનતા નથી અને તેવું માને છે તેમને અમે મના કરીએ છીએ." (નુસ્રતે ઈમાની, પેજ–૩૭, બહવાલા ઝલઝલા)*

એ જ થાનવી મહાશય એક ઠેકાણે હનફી ઈમામો પર જૂઠો આક્ષેપ મૂકી એટલે સુધી લખે છે :–

*"હન્ફી ઈમામોએ તેમની ફિક઼્હની કિતાબોમાં એવા માનવીને "કાફિર" લખેલ છે જેનો એવો અક઼ીદો હોય કે નબી ગયબ જાણતા હતા." (તોહફાએ લાષાની, પેજ–૩૮, બહવાલા ઝલઝલા)*

હવે વાંચકો ઈન્સાફ કરે કે નબી તથા વલી માટે કોઈ રીતે પણ ઈલ્મે ગયબ હોવાનું માનનાર દેવબંદી ધર્મની રૂએ મુશ્રિક તથા કાફિર ઠરે છે, તો પછી ઉપરોક્ત બનાવમાં ઈલ્મે ગયબ દર્શાવતા તેમના મોલ્વીઓ તથા તેને મહાનતા સમજીને તેને સાચુ માનીને છાપીને તેને પ્રસિદ્ધ કરનારા દેવબંદી મોલ્વીઓ કેમ મુશ્રિક તથા કાફિર ન થયા ?! આ ડબલ પોલીસી શા માટે ? એટલા માટે કે જેમનાથી દિલમાં મહોબ્બત છે તેમના માટે બધું જ માની લીધું અને જેમનાથી અદાવત છે તેમના માટે આ મનઘડત ક઼ાયદા દર્શાવાય છે !!

## ★ વારસા વિશે પેચીદા પ્રશ્નોના જવાબ ★

**સવાલ** : ઝયદનો ઈન્તેકાલ થઈ ગયો. તેની પાછળ એક બહેન, એક પત્ની, બે પુત્રીઓ તથા ઝયદના પિતા હયાત છે. તો ઝયદની મિલ્કતમાંથી કોને કેટલુ મળશે ?

**જવાબ** : ઝયદની મિલ્કતના ૨૪ હિસ્સા થશે. ઝયદની બહેનને કાંઈ નહીં મળે. પત્નીને ૩ હિસ્સા, બંને પુત્રીઓને ૮–૮ હિસ્સા, બાકી બચે તે ઝયદના બાપને એટલે ૫ હિસ્સા મળશે. આમ કુલ ૨૪ હિસ્સા થયા.

**સવાલ** : હવે ઝયદના બાપનો ઝયદના મૃત્યુ પછી સાત વરસ પછી ઈન્તેકાલ થઈ ગયો તો આ બાપની મિલ્કતમાંથી કોને કેટલું મળશે ?

**જવાબ** : ઝયદના બાપની મિલ્કતના ૮ હિસ્સા થશે. ઝયદની પત્નીને કાંઈ નહીં મળે . ઝયદની બહેનને ૬ હિસ્સા મળશે અને બંને પૌત્રીઓ (ઝયદની પુત્રીઓ)ને એક–એક હિસ્સો મળશે. આમ કુલ આઠ હિસ્સા થયા.

*અઝ : મુફ્તી નસીમ મિસ્બાહી (દારુલ ઈફતા : જામિઆ અશરફિયા–મુબારકપુર)*

હપ્તો : ૨

# ૭૩માં એક કોણ ?


અઝ : મોહક્કિકે મસાઈલે જદીદા **હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી** (સદર મુફ્તી : જામિઆ અશરફિયા–મુબારકપુર)

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી**

*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*


*તા. ૧૭–૧–૨૦૧૦ (૧૨ સફર, હિ.સ. ૧૪૩૧) મંગળવારે તેહરીકે* **"સુન્ની દા'વતે ઈસ્લામી"***ના હેઠળ મુંબઈમાં યોજાયેલ "જલ્સાએ દઅવતો ઈર્શાદ" બનામે "તોત્તેરમાં એક કોણ ?"માં મુફ્તી સાહબ ક઼િબ્લાએ મઝકૂર વિષય હેઠળ સવા કલાક અતિશય આલિમાના તથા મોહક્કિક઼ાના બયાન કર્યું જે અહીં હિદાયતના તાલિબોની સેવામાં રજૂ કરીએ છીએ, જે અહલે સુન્નત અવામના ઈમાનને મજબૂત કરશે અને જેઓ અજાણતામાં ગલત ફિર્ક઼ા પાછળ દોરાતા હશે તેમના માટે પણ હિદાયતનો સબબ બનશે. ઈન્શાઅલ્લાહ !*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ સુન્નીઓના અક઼ીદા શું છે ? ★

કેટલાક અક઼ીદા સાંભળો ! અક઼ીદાઓની રોશનીમાં ફેંસલો થશે કે કોણ હક્ક઼ પર છે અને કોણ નાહક્ક઼ પર ? અને ૭૩માં એક કોણ છે ? અને કોણ બોત્તેરમાંથી છે ? એકવાર એક સાહબ કહેવા લાગ્યા, સાહબ ! તમે લોકો અમને જહન્નમી કહો છો, અને (તે વહાબી હતો) તો બતાવો ! અમને જહન્નમમાં મોકલનારા તમે કોણ છો ?! અને અમે એકલા જઈશું ? તમો પણ જશો ! મેં કહ્યું, હું કોણ જહન્નમમાં મોકલનારો છું ?! અલ્લાહ તબારક વ તઆલાએ જહન્નમ પેદા કરી છે અને તમે જહન્નમમાં જવાનું કામ કર્યું જેથી અલ્લાહ તઆલા મોકલશે. હા ! તમે ન ગભરાવો કે તમે એકલા જશો ! એકલા તો અમે છીએ, એકલા જનારા તો અમો લોકો છીએ પણ જન્નતમાં ! અહલે સુન્નત વ જમાઅત ! અને તમે લોકો (જહન્નમમાં જનારા) એક નહીં, બે નહીં બોત્તેર છો !

*લેસ તન્હા હૈં બયાબાન ઈસે જાને દો*
*ખૂબ ગુઝરેગી જો મિલ બૈઠેંગે દીવાને દો*

બે નહીં ! બોત્તેર ! કેટલાક અક઼ીદા આપણા સાંભળો. અમો અહલે સુન્નત વ જમાઅતનો અક઼ીદો છે કે, **"હુઝૂર ﷺ ગયબદાં (ગયબ જાણનાર) નબી છે."** એક અક઼ીદો અમારા લોકોનો એ છે કે, **"હુઝૂર ﷺ હાઝિર નાઝિર નબી છે."** એટલે કે પોતાના રોઝાએ અક઼દસમાં રહેવા છતાં પણ હુઝૂર ﷺ આખા જગતના હાલાત એ પ્રમાણે જોઈ રહ્યા છે જેમ કે આપ ત્યાં હાજર હોય, મૌજૂદ હોય. અમારા લોકોમાં અક઼ીદો છે કે આપણા હુઝૂર જાને નૂર ﷺને અલ્લાહ તઆલાનો વાયદો પૂરો કરવાના માટે કેવળ એક ક્ષણના માટે મૌત આવ્યું હતું અને પછી આપ હમેશાં માટે જીવતા કરી દેવામાં આવ્યા.

*તૂં ઝિંદા હૈ વલ્લાહ ! તૂ ઝિંદા હૈ વલ્લાહ !*
*મેરી ચશ્મે આલમસે છુપ જાનેવાલે*

## ★ વહાબી દેવબંદીઓના અક઼ીદા ★

આ રીતે અન્ય પણ અમારા અક઼ીદા છે. આ અમુક અક઼ીદા તમે યાદ રાખો. એનાથી ઉલ્ટુ **વહાબી ફિર્કાનો અક઼ીદો** શું છે કે, "હુઝૂર ﷺને ગયબદાં (ગયબ જાણનાર) નબી માનવું **શિર્ક** છે." તેમનો અક઼ીદો છે કે "હુઝૂર ﷺને હાઝિર નાઝિર માનવા **શિર્ક** છે." તેમનો અક઼ીદો છે કે, "નમાઝમાં હુઝૂર ﷺની તાઝીમ થઈ જશે તો એ પણ શિર્ક થઈ જશે. શિર્કની તરફ પકડીને લઈ જશે, ખેંચીને લઈ જશે." એમનો અક઼ીદો છે કે, "હુઝૂર ﷺ મરીને માટીમાં

મળી ગયા." (મઆઝલ્લાહ !)

આ વહાબી ગિરોહ (ટોળી)નો અક઼ીદો છે જે પોતે પોતાને 'અહલે હદીષ' કહે છે અને દેવબંદી ફિર્કાનો અક઼ીદો પણ સાંભળી લો ! તેમનો પણ અક઼ીદો છે કે, "હુઝૂરને **ગયબદાં** નબી માનવું **શિર્ક** છે, હુઝૂરને **હાઝિર નાઝિર** માનવું **શિર્ક** છે." અને તેમનો એક નાપાક અક઼ીદો એ પણ છે કે, **જેવો ઈલ્મે ગયબ હુઝૂર ﷺને છે એવો ઈલ્મે ગયબ દરેક જાનવર, બાળકો, પાગલો, ચોપગાંઓ સૌને હાંસલ છે**[૧]. (મઆઝલ્લાહ !) એમનો અક઼ીદો છે કે, "હુઝૂર ﷺ પછી કોઈ નવો નબી આવે તો તેના કારણે આપના આખરી નબી હોવામાં કોઈ ફરક પડશે નહીં. અને **હુઝૂર ﷺ પછી નવો નબી આવી શકે છે**[૨]. આ દેવબંદી ટોળીનો અક઼ીદો છે અને વહાબી જમાઅતનો એક અધિક અક઼ીદો સાંભળી લો કે, "દરેક મખ્લૂક નાનો હોય કે મોટો (નાનામાં સૌથી નાનામાં નાના સામેલ થઈ જશે અને સૌથી મોટી મખ્લૂક કોણ છે ? હુઝૂર ﷺ !)અલ્લાહની શાન સમક્ષ ચમારથી પણ અધિક ઝલીલ છે[૩]." (મઆઝલ્લાહ !) આ વહાબી જમાઅતનો અક઼ીદો છે કે, "સર્વ અવલિયા, અંબિયા અલ્લાહની સમક્ષ **તુચ્છ રજકણથી પણ કમતર** (ઉતરતી કક્ષાના) છે[૪]." અને હદીષના મુન્કિરો (નકારનારાઓ)નો અક઼ીદો છે કે, "હદીષ હુજ્જત (દલીલ) નથી." ક઼ાદયાનીઓનો અક઼ીદો જેમ દેવબંદીઓનો અક઼ીદો છે તેમ તેમનો પણ અક઼ીદો છે કે, "હુઝૂર ﷺના પછી નવો નબી આવી શકે છે." ક઼ાદયાનીઓમાં અને દેવબંદીઓમાં ફરક એટલો છે કે, "ક઼ાદયાનીઓએ નબી હોવાનો દાવો કરી આપ્યો" અને દેવબંદી ધરમમાં હજી સુધી કોઈએ નબી હોવાનો દાવો નથી કર્યો, જો કે એ અલગ વાત છે કે મોલ્વી અશરફઅલી થાનવીના એક મુરીદે ખ્વાબમાં જોયું કે તે કલ્મો પઢી રહ્યો છે : "લા ઈલાહ ઈલ્લલ્લાહ અશ્રફઅલી રસૂલુલ્લાહ !"[૫] એટલે કે હુઝૂર ﷺનો કલમો નહીં ! "અશરફ અલી રસૂલુલ્લાહ !"નો કલ્મો પઢી રહ્યો છે. જયારે તેણે આ ખ્વાબનો મતલબ પૂછયો તો મોલ્વી અશરફઅલી થાણવીએ કહ્યું કે, "વાત ઠીક છે ! એનો મલતબ એ છે કે તમે મારાથી ખૂબ જ મહોબ્બત ધરાવો છો ! સુન્નતની પયરવી કરનાર છો." તો તેમણે પણ જાણે પર્દા પાછળ અને દબાયેલા સ્વરમાં એ વાતનું ઝહન આપી દીધું કે તમે જ્યારે પઢી રહ્યા છો તો પઢી શકો છો ! નબી હોવાનો દાવો તો ન કર્યો પણ તેમના મુરીદે તેમનો કલ્મો પઢયો અને તેમણે તેને બાકી પણ રાખ્યો ! તો આ એ લોકોનો અક઼ીદો છે.

### ★ આવા પણ વહાબીઓના અક઼ીદા છે ! ★

અમારો અક઼ીદો છે કે હુઝૂર ﷺ સિવાય હવે બીજાનો કલ્મો પઢવો **કુફ્ર** છે, ઈસ્લામની વિરૂધ્ધ છે. અમારો અક઼ીદો તો એ છે કે, "જે કોઈ હુઝૂર ﷺના બારામાં એવું કહે કે, તેઓ અલ્લાહની આગળ ચમાર (મોચી)થી પણ અધિક ઝલીલ છે, તો તે મુસલમાન નથી રહી જતો, કાફિર થઈ જાય છે." અમારો અક઼ીદો છે કે, " જે કોઈ એવું કહે કે હુઝૂર ﷺ અલ્લાહની આગળ તુચ્છ રજકણથીય ઉતરતા છે, તો તે પણ ઈસ્લામથી ખારિજ થઈ જાય છે, મુસલમાન નથી રહેતો." તે એમનો અક઼ીદો છે, આ અમારો અક઼ીદો છે.

હવે આપણે રસૂલ પાક ﷺની હદીષની રોશનીમાં અને સહાબાએ કિરામના મઝહબની રોશનીમાં એ વાતનું પરીક્ષણ કરીશું કે હુઝૂર ﷺના મઝહબ પણ કોણ છે ? સહાબાના મસ્લક પર કોણ છે ? અને કોણ એ મઝહબથી અલગ થઈ ચૂકેલ છે ? હવે આપણે એ જ સમજવાનું છે અને એ જ સમજાવવાનું છે. દા.ત. વહાબીઓનો એક અક઼ીદો છે કે, "સર્વ અવલિયા, અંબિયા અલ્લાહની આગળ એક તુચ્છ રજકણથી પણ કમતર (ઉતરતી કક્ષાના છે." આ તેમના ધરમની સૌથી મહત્વની કિતાબ **"તક઼વિયતુલ ઈમાન"**માં છે. તેમનો બીજો અક઼ીદો

*૧. હિફ઼ઝુલ ઈમાન, લેખક : અશરફ અલી થાનવી દેવબંદી ૨. તહઝીરુન્નાસ, લેખક : ક઼ાસિમ નાનોત્વી દેવબંદી. ૩-૪ તક઼વિયતુલ ઈમાન, લેખક : દેવબંદી વહાબી પેશવા ઈસ્માઈલ દહેલ્વી ૫. રિસાલા ઈમ્દાદ*

છે કે, ''દરેક મખ્લૂક નાનો હોય કે મોટો અલ્લાહની શાનની આગળ ચમારથી પણ અધિક ઝલીલ (નીચ) છે.'' (મઆઝલ્લાહ !)

હવે અમે ચર્ચા કરીશું અને ફેંસલો તમો કરશો. ચર્ચા અમારી તદ્દન સરળ શબ્દોમાં છે અને સીધી સાદી ચર્ચા છે કે આ જે અક઼ીદો છે એ ન હુઝૂર ﷺનો છે અને ન સહાબાએ કિરામનો છે, આવો અક઼ીદો દુનિયામાં કોઈનો નથી, કેવળ વહાબીઓનો છે. જો વહાબી જમાઅત પોતાને એમ સમજે છે કે તે નાજી (નજાત પામનાર) ફ઼િર્કો છે, બોત્તેરમાંથી નથી પણ એકમાં છે તો તેઓ એક હદીષ પઢીને અમને બતાવી આપે અથવા અમારા કોઈ પણ સુન્ની ભાઈને બતાવી આપે જેના થકી એમના એ અક઼ીદોઓનું સમર્થન થતુ હોય. યકીન માનો ! વહાબી જમાઅતના નાનાથી લઈને મોટા સુધી સર્વ સરદારો, આજથી લઈને કયામત સુધી એડીથી લઈને ચોટી સુધીનું જોર લગાડતા રહેશે, તલાશ કરતા રહેશે, પણ એની સાબિતી ન એમને અલ્લાહની કિતાબ કુર્આનથી મળશે ન રસૂલુલ્લાહ ﷺની હદીષ તથા સુન્નતથી મળશે, ન તો સહાબીઓના અક઼ીદા તથા મઝહબમાં મળશે. અરે ! જે હુઝૂર ﷺની ગુસ્તાખી હોય તે (ની સાબિતી) મળે ? ! અમે કહીએ છીએ કે હુઝૂર ﷺની તાઝીમ ફર્ઝ છે અને સરકાર ﷺનો મર્તબો અલ્લાહ ﷻની બારગાહમાં સર્વ મખ્લૂકથી ઊંચો છે, આલમે મખ્લૂક઼થી પણ ઉચ્ચ છે, અવલિયાથી પણ ઉચ્ચ છે, સર્વ સહાબાએ કિરામથી પણ ઊંચો છે, બલ્કે જેટલા નબી દુનિયામાં આવ્યા તે સર્વથી ઉચ્ચ છે. તુચ્છ રજકણથી નીચો તો બહુ મોટી વાત છે, ચમારથી વધુ ઝલીલ (નીચ) હોવુ તો મહાન કમીનાપણાની વાત છે, અમે એવું કહીએ છીએ કે **હુઝૂર ﷺનો રુત્બો દુનિયામાં સામાન્ય મખ્લૂકથી ઊંચો, અવલિયા અલ્લાહથી ઊંચો, સહાબાથી ઊંચો, સર્વ નબીઓથી ઊંચો, સર્વ રસૂલોથી ઊંચો.** જેમ કે આપણા ઈમામ, ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત અઝીમુલ બરકત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ આપણા સૌના એ અક઼ીદાનું પ્રદર્શન આ શબ્દોમાં કર્યું છે :–

*સબસે આ'લા વ અવલા હમારા નબી*
*સબસે બાલા વ વાલા હમારા નબી*
*ખલ્ક઼સે અવલિયા અવલિયાએ રુસુલ*
*ઔર રસૂલોંસે આ'લા હમારા નબી*

## ★ રસૂલનો મર્તબો કુર્આનની રોશનીમાં ★

આ અમારો અક઼ીદો છે કે જે અમારા ઈમામે અહલે સુન્નતે વર્ણન કરી આપ્યો છે, પણ શું અમે ઈમામે અહલે સુન્નતી વાત એટલા માટે માનીએ છીએ કે તે ઈમામે અહલે સુન્નત છે ? નહીં ! એટલા માટે માનીએ છીએ કે તેમણે જે કાંઈ કહ્યું છે તે કિતાબુલ્લાહની રોશનીમાં કહ્યું છે, હદીષે રસૂલુલાહની રોશનીમાં કહ્યું છે. અમે ચાહીએ તો ઘણી બધી આયતો પઢીએ પણ ટૂંકાણને લક્ષમાં રાખીને અહીં કેવળ એક આયતે પાક સંભળાવું છું :

**تِلْكَ الرُّسُلُ فَضَّلْنَا بَعْضَهُمْ عَلٰى بَعْضٍ مِنْهُمْ مَّنْ كَلَّمَ اللّٰهُ وَرَفَعَ بَعْضَهُمْ دَرَجٰتٍ**

અલ્લાહ તઆલા ફર્માવે છે : ''આ રસૂલોનો ગિરોહ, આ રસૂલોની જમાઅત, અમે તેમનામાં અમુકને અમુક પર ફઝીલત આપી છે અને એમાંથી અમુક રસૂલો તો તે છે જેમની સાથે અલ્લાહે કલામ ફર્માવ્યો (વાત કરી).'' *(સૂરએ બક઼રહ, આ. ૨૫૩, પા. ૩)* તે કોણ રસૂલ છે ? હઝરત મૂસા علیہ السلام. અને અમુક રસૂલ તો એવા છે જેમને અલ્લાહે અનંતગણી ઉચ્ચતાઓ અતા ફર્માવી છે. અને સર્વ મુફસ્સિરો કહે છે કે તે રસૂલ જેમને અલ્લાહે સર્વ રસૂલો પર ઉચ્ચતા અર્પણ કરી અને પુષ્કળ દરજાઓ બુલંદી અતા ફર્માવી, તે છે આપણા આક઼ા તથા મૌલા રસૂલુલ્લાહ ﷺ તો અલ્લાહ તઆલા ફર્માવે છે કે ''રસૂલે મકબૂલ ﷺનો **મર્તબો સર્વ મખ્લૂકમાં સૌથી ઊંચો !''** જ્યારે (આ વહાબી) લોકો કહે છે કે **''ચમારથી પણ વધુ નીચો''** તો બતાવો ! હુઝૂર ﷺના મસ્લક તથા મઝહબ પર કોણ છે ? અમે કે તેઓ ? સારું ! સહાબાએ કિરામનો મઝહબ શું છે ? સહાબાએ કિરામનો મઝહબ એ જ તો છે જે કુર્આનમાં

છે, તે જ તો છે જે હદીષમાં છે. તો સહાબાના મઝહબ પણ કોણ ? આપણે કે તેઓ ? આપણે ! અમારે એ સમજાવવું હતું. તમે સમજી લીધું તો નાજી ફિર્કો કોણ ? આપણે કે તેઓ ? તોત્તેરમાં એક કોણ ? આપણે કે તેઓ ? (આખા મજમામાંથી અવાજ આવ્યો કે આપણે !) સુબ્હાનલ્લાહ ! તમે ઘણી જ સરળતાપૂર્વક સમજી લીધું, માશા અલ્લાહ ! જુઓ એ લોકો સમજે છે કે નહીં ! એમનામાં જે ભોલા ભાલા લોકો છે તો તેઓ સમજી જશે, માની જશે ઈન્શાઅલ્લાહ ! આના પછી અહીં જ્યારે જલસો થશે તો જોશો કે અહીં જેટલો મજમો છે એમાં ઘણા દેવબંદી તથા વહાબી પણ તૌબા કરીને તમારા ભાઈ બની ચૂકયા હશે.

**★ વહાબી અક઼ીદાનું પરીક્ષણ હદીષની રોશનીમાં ★**

હદીષો પણ પઢીને સંભળાવી શકીએ છીએ પણ અમે નથી ચાહતા કે વાતો લાંબી થાય, આટલુ પણ આપણી સમજ માટે પૂરતુ છે. રહી ગયો વહાબી દેવબંદીઓનો એ અક઼ીદો કે નબી ﷺને ગયબદાં માનવું શિર્ક છે, હાઝિરો નાઝિર માનવું શિર્ક છે. એના પર પણ એક બે હદીષો સંભળાવી દઈએ, અને અત્યારે એક ઘણી જ પ્યારી હદીષ હું સંભળાવવા માગું છું. હું આ હદીષના કેટલાક શબ્દો પણ સંભળાવીશ, કેમ કે આપ લોકો તર્જુમો તો સાંભળ્યા જ કરો છો પણ જરા હદીષ સરકારે દો આલમ ﷺની પાક ઝબાનથી જે શબ્દો નીકળેલા છે તેને સાંભળશો તો ઈન્શાઅલ્લાહ ! આપના સીનામાં ઈમાનનું નૂર ઓર જગમગી ઉઠશે.

**عَنْ أَبِى هُرَيْرَةَ ۔ رضى الله عنه ------------**
**تَعْلَمُ مَنْ تُخَاطِبُ مُنْذُ ثَلاثِ لَيَالٍ يَا أَبَا هُرَيْرَةَ قَالَ لَا ۔ قَالَ ذَاكَ شَيْطَانٌ ۔**

*(સહીહ બુખારી શરીફ, ભાગ–૮, પેજ–૩૬૮)*

આ હદીષને કોણે રિવાયત કરી છે ? ઈમામ બુખારી رضی اللہ عنہએ ! બુખારી શરીફમાં આ હદીષ શરીફ છે. આ તે જ બુખારી શરીફ છે જેને વહાબી તથા ગૈર મુક઼લ્લિદ ફિર્કો હમેશાં પોતાના માથા પર લઈને ફરે છે, કહે છે કે અમે માનીશું તો આ જ ! બીજી કિતાબ માનીશું નહીં, એટલા માટે મેં વિચાર્યું કે તેમને સમજાવવા માટે એ જ કિતાબ રજૂ કરું જેને તેઓ પોતાની જીભ પર હમેશાં રાખે છે, અને પછી જયારે અમે સમજાવીશું તો ત્યારબાદ ફેંસલો કરવો આપનું કામ છે કે તેઓ કેવળ જીભ વડે જ કહે છે કે દિલથી પણ કહે છે ?

જ્યારે વાત સ્પષ્ટ થઈ જશે તો તમારી સમજમાં આવી જશે કે તેઓ બુખારી શરીફનું નામ કેવળ ઝબાનથી લે છે, દિલ તેમનું ખાલી છે.

સહાબીએ રસૂલ સૈયેદના અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺએ રમઝાન શરીફમાં જે ઝકાત નીકળે છે એટલે કે સદક઼ા ફિત્રા તેની હિફાઝતના માટે મને નિયુક્ત કર્યો કે તમારે એની હિફાઝત તથા નિગરાની કરવાની છે. એક રાત્રે એક શખ્સ આવ્યો, રાતનો સન્નટો હતો. તેણે જલ્દીથી પોતાનો થેલો ભર્યો ત્યાં સુધીમાં મેં એને પકડી લીધો અને તેને કહ્યું, **لأرفعنك إلى رسول صلى الله عليه و سلم** "હું તને રસૂલુલ્લાહ ﷺની અદાલતમાં લઈ જઈશ." તે ડરી ગયો કે મહા ગરબડ થઈ જશે, ત્યાં હું પહોંચી ગયો તો ! તેણે કહ્યું, જુઓ ભાઈ ! મારી પાસે નાના નાના બાળકો છે, તેમનો ખર્ચ છે અને હું ઘણો જ મોહતાજ છું, આજે છોડી આપો ! હવે હું નહીં આવું. તેમણે વિચાર્યું કે જો તેણે ચોરી પણ કરી છે તો પોતાનો જ હક્ક઼ કેમ કે ઝકાત તો મોહતાજોનો હક્ક઼ છે. જ્યારે એ આટલો મોટો મોહતાજ છે તો હક્ક઼ એનો જ છે જેથી ચોર્યો છે તો પણ પોતાનો જ હક્ક઼. જ્યારે વાયદો કરી રહ્યો છે કે હવે નહીં આવે તો છોડો જવા છે, એક જ વખતની વાત છે. માફ કરી આપ્યો, છોડી આપ્યો. તે ચાલ્યો ગયો. એ રાતનો સમય હતો. આખુ મદીના સૂઈ રહ્યું છે. સવારે હુઝૂર ﷺની બારગાહમાં હાજર થયા, તો સરકાર ﷺએ જોતાં જ ફર્માવ્યું : **يا اباهرية ! مافعل اسيرك البارحة ؟** "અબૂ હુરૈરહ ! તમારા રાતના કેદીનું શું થયું ?"

**વહાબીઓ ! સાંભળો ! આ તે જ કિતાબની હદીષ છે** જેને તમે માથા પર અને હમેશાં મોઢામાં લઈને રહો છો ! **જોવાનું છે કે એ કિતાબ તમારા**

**દિલમાં પણ છે કે નહીં ?** સરકાર ﷺ ફર્માવે છે કે હે અબૂ હુરૈરહ ! તારા રાતના કેદીનું શું થયું ? તેનો મતલબ શું થયો ? **હુઝૂર રાતના સન્નાટામાં જે કાંઈ બન્યુ હતું એને એ રીતે જોઈ રહ્યા હતા જેવી રીતે આપ ત્યાં હાઝિર નાઝિર હોય!** તેમણે અર્ઝ કરી, હુઝૂર તેણે સખ્ત મોહતાજી તથા બેસહારા બાળકોના ખર્ચાઓનું બહાનુ આગળ ધર્યું તો મને એના પર દયા આવી ગઈ, તેણે વાયદો પણ કર્યો કે હવે બીજીવાર નહીં આવે, એટલા માટે મેં એને છોડી મૂકયો. સુબ્હાનલ્લાહ ! જરા ગયબદાં નબી, આપણા હાઝિર નાઝિર નબીનો જવાબ પણ સાંભળો ! ફર્માવે છે : હુઝૂરના શબ્દો છે જે આપના મોઢેથી નીકળે છે : اَمَا اِنَّهٗ قَدْ كَذَبَكَ وَسَيَعُوْدُ **"સાંભળો ! જાણી લો ! યકીનન ! તારાથી તે જૂઠુ બોલીને ગયો છે આજે ફરી આવશે."** સારું, આ સવારની વાત છે. એ બતાવો ! કોઈ માણસ તમને વાયદો કરે કે હું સવારે તમારી પાસે આવીશ, મુલાકાત કરીશ, કાંઈક કામ છે, આઠ વાગ્યે આવીશ. તો શું આઠ વાગ્યા પહેલાં પહેલાં તમે તેને કહી આપશો કે તે જૂઠો છે ?! કોઈ નથી કહી શકતુ, કારણ કે તેના દિલમાં જૂઠ છે કે નથી, જે વાયદો કર્યો છે એના વિરૂધ્ધ વાત એના દિલમાં છુપાયેલ છે કે નથી છુપાયેલ, તેને ન અમે જાણીએ છીએ, ન વહાબી જાણે છે, ન દેવબંદી જાણે છે. ખુદા સિવાય કોઈ નથી જાણતું, તો કોઈ કઈ રીતે કહેશે કે તે જૂઠો છે ?! સારું, જો આઠ વાગ્યે ન આવ્યો તો તમે કહી આપશો કે તે તો જૂઠો છે ?! આપણે પણ નથી કહી શકતા. અરે ! દસ વાગ્યે ન આવ્યો, બાર વાગ્યે ન આવ્યો, સાંજ સુધી ન આવ્યો તો આપણી જેવા માણસો હશે તો કહેશે કે કોઈ મજબૂરી રહી હશે, કદાચ ટ્રાફિકમાં ફસાઈ ગયો હોય, ટ્રેન મોડી પડી હશે, કાંઈ પણ આપણે કહી શકીએ છીએ, મુસલમાન હશે તો આપણે કોશિશ કરીશું કે જૂઠો ન કહીએ. અને આપણા પબ્લિકના માણસો હશે તો કહેશે, સાલો ! બહુ જૂઠો છે ! પરંતુ એવું કયારે કહેશે, નવ દસ કલાકો વહી ગયા પછી. શા માટે કહેશે ? એટલા માટે કે એનું જૂઠું હોવું તમારા સમક્ષ આવી ગયું ! તમારા સાજો જાહેર થઈ ગયું કે તેણે જે જીભ વડે કહ્યું હતું તે એના દિલમાં ન હતું. તેના દિલની વાત તમારી સામે આવી ગઈ. પરંતુ જે વાત હજી રાતમાં થનારી છે, પણ સવાર સવારમાં જ સરકાર ﷺ તેના બારામાં ફર્માવે છે : قد كذبك "જૂઠુ બોલીને ગયો છે." એટલુ જ નહીં, બલ્કે યક઼ીનન ! જૂઠુ બોલીને ગયો છે." એનો મતલબ શું થયો કે **હુઝૂરે અક઼દસ ﷺની નિગાહે નબુવ્વત એ વાયદો કરનારના દિલમાં છુપાયેલ જૂઠને જોઈ રહી છે !** જીભ વડે તો કરી રહ્યો છે કે આવશે નહીં પરંતુ તેના દિલમાં છુપાયેલ છે કે આવશે અને શું સરકાર ﷺની નિગાહે નબુવ્વત કેવળ એક અનુમાનથી સમજી રહી છે ? ! નહીં ! યક઼ીની તૌર પર સમજી રહી છે, એટલા માટે તો ફર્માવ્યું, قد كذبك (ક઼દ)નો અર્થ શું છે ? યક઼ીનન ! તેહક઼ીક કે, એટલે કે " આ વાત તહક઼ીક઼ી છે કે તે આવશે." કોઈ શંકાની વાત નથી, એમાં યક઼ીન છે કે તે આવશે. તો જાણવા મળ્યું કે હુઝૂર ﷺએ આવું કહીને કે, 'અબૂ હુરૈરહ ! તારા કેદીનું શું થયું ?" **પસાર થઈ ગયેલા જમાનાના ગયબની ખબર આપી છે** અને આવું કહીને કે قد كذبك "તે યક઼ીનન ! તારાથી જૂઠુ બોલીને ગયો છે." બોલનારાના દિલની અંદર છુપાયેલા જૂઠની ખબર આપી છે. અને સરકાર ﷺએ આવું ફર્માવીને કે سيعود "આજે ફરી આવશે" **આવનાર જમાનાના ગયબની ખબર આપી છે.** વાત તો એક જ વાકયની છે પણ એ એક જ વાતમાં સરકાર ﷺ કેટલાં ગયબની ખબરો આપી રહ્યા છે ? ભૂતકાળના ગયબની ખબર આપી રહ્યા છે, ભવિષ્યની ગયબની ખબર આપી રહ્યા છે અને દિલમાં છુપાયેલ જૂઠની ખબર આપી રહ્યા છે, અને એવી રીતે આપી રહ્યા છે જાણે હુઝૂર ﷺ ત્યાં હાઝિર નાઝિર હોય. તો જાણવા મળ્યું કે હુઝૂર ﷺ **ગયબદાં નબી** પણ છે અને હુઝૂર ﷺ **હાઝિર નાઝિર** પણ છે.

એ તો આપણે સમજ્યું આ હદીષ પરથી, પરંતુ સહાબાએ શું સમજ્યું ? તો તેમના તર્જુમાન હઝરત

સૈયદના અબૂ હુરૈરહ رضی اللہ عنہનું બયાન ખૂદ તેમના જ પોતાના તેમના મોઢેથી નીકળેલ શબ્દોમાં સાંભળો ! ફર્માવે છે : **فعرفت انه سيعود "તો મેં જાણી લીધું કે તે ચોક્કસ આવશે."** કેમ જાણી લીધું કે?! સહાબાનો જરા મઝહબ તથા મસ્લક સાંભળો !

**لقول رسول الله صلى الله عليه وسلم انه سيعود**

એટલા માટે કે "રસૂલુલ્લાહ ﷺએ ફર્માવી દીધું છે કે તે આવશે." આ બતાવીને તે બે વાતો દર્શાવવા ચાહે છે, એક તો એ કે રસૂલુલ્લાહ ﷺનું બતાવેલું ગયબ કદી જૂઠુ નથી હોઈ શકતું. અને બીજી વાત એ કે જયારે સરકાર ﷺએ કહી આપ્યું કે તે આવશે,તો હવે ચોક્કસ આવશે ! કેમ કે હવે તેનો વશ નથી ચાલી શકતો કે તે ન આવે ! આ પરથી ઈક્તેદારે મુસ્તફા (ﷺ)ની સાબિતી મળે છે. હુઝૂર ﷺના મઝહબ પર કોણ ? આપણે કે તેઓ ? આપણે ! (પૂરા મજમાંથી અવાજ આવ્યો, આપણે) સુબ્હાનલ્લાહ ! તમોએ તમારો વાયદો પૂરો કર્યો કે આજે અમે પણ બોલીશું. નાજી ફિર્કો કોણ ? આપણે કે તે ? "આપણે !" અરે ! એ બતાવો કે તોત્તેરમાં એક કોણ ? (પૂરા મજમાએ જવાબ આપ્યો કે, આપણે !)

તે રાતે પણ તે આવી ગયો અને ચોરીની બિના બની પછી પકડાયો અને ગઈ રાતની જેમ સૌ વાતો થઈ. સવારે સરકાર ﷺની બારગાહમાં (અબૂ હુરૈરહ) હાજર થયા તો બીજા દિવસે પણ સરકારે પૂછયું : **يَا اَبَا هُرَيْرَةَ ! فَافْعَلَ اَسِيْرُكَ الْبَارِحَةَ ؟** "હે અબૂ હુરૈરહ ! રાતવાળા કેદીનું શું થયું ? "મતલબ એ હતો કે જયારે તમને જાણ થઈ ગઈ કે જૂઠો છે, બદ્‌માશ છે, ચોર છે તો આજે તો પકડી લેવો જોઈતો હતો ! તો અર્ઝ કરી, હુઝૂર ! આજે પણ તેણે તે જ બહાનુ આગળ ધર્યું કે મોહતાજ છે, બચરવાળ છે, અને આજે પણ ફરીવાર ન આવવાનો વાયદો કર્યો તો મને રહમ આવી ગઈ ! અને મેં તેને છોડી મૂકયો. તો સરકાર ﷺએ આજે પણ એ જ વાત દોહરાવી, અબૂ હુરૈરહ ! સાંભળો ! જાણી લો ! તે યક઼ીનન ! તારાથી જૂઠ, બોલીને ગયો છે, આજે ફરી આવશે. અબૂ હુરૈરહ કહે છે કે, 'મેં પણ લીધું કે તે જરૂર આવશે કેમ કે મારા રસૂલ ﷺએ બતાવી આપ્યું કે તે આવશે. આ પરથી પણ તે જ ત્રણ ગયબો સાબિત થઈ ગયાં. કુલ કેટલા ગયબ થયાં ? ત્રણ પ્રથમ દિવસનાં અને ત્રણ આજનાં આમ કુલ છ થયાં. પછી ત્રીજી રાત્રે પણ તે આવી ગયો. અને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ તાકમાં જ હતા જેથી આપે તેને રંગે હાથ પકડી લીધો અને ફર્માવ્યું કે આજે હું તને રસૂલુલ્લાહ ﷺની ઉચ્ચ અદાલતમાં જરૂર લઈ જઈશ, તારી આ ત્રીજી ચોરી છે, તું કહે છે કે આવીશ નહીં, અને ફરી આવી જાય છે. **لَاَرْفَعَنَّكَ اِلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ** "રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં તને જરૂર લઈ જઈશ." તેણે જોયું કે આજે કોઈ બહાનું કોઈ ધોકો કામ નહીં આપે તો તેણે કહ્યું, **دَعْنِىْ اُعَلِّمْكَ كَلِمَاتٍ يَّنْفَعُكَ اللّٰهُ بِهَا** "મને છોડી દો, હું તમને અમુક કલમાઓ શીખવાડી દઉં છું જે તમારા માટે લાભદાયી થશે. સહાબાએ કિરામ ઈલ્મે દીનના ઘણા આશિક઼ રહેતા હતા, તેમણે વિચાર્યુ કે આ મોહતાજ છે, હું તેને છોડી દઈશ તો મને દીનનો એક ઈલ્મ મળી જશે. દીનનો એક ઈલ્મ હાંસલ કરવા માટે તે પણ તૈયાર થઈ ગયા. તેણે કહ્યું કે **જયારે તમે સૂવાના માટે જાવ તો આયતુલ કુર્સી પઢી લીધા કરો તો અલ્લાહ તઆલા એક મુહાફિઝ નિયુક્ત કરી આપશે જે તમારી પણ હિફાઝત કરશે અને તમારા માલની પણ હિફાઝત કરશે.** હઝરત અબૂ હુરૈરહ ફર્માવે છે કે મેં તેને છોડી મૂકયો. જયારે ત્રીજી સવારમાં હઝરત અબૂ હુરૈરહ હાજર થયા તો સરકાર ﷺએ આજે પણ જોયું તો એ જ શબ્દો દોહરાવ્યા : **يا اباهريرة ! مافعل أسيرك البارحة ؟** અર્થ એ જ છે જે હમણા મેં બતાવ્યો. તેમણે અર્ઝ કરી હુઝૂર ! આવી આવી વાત થઈ. તો આજે સરકાર ﷺએ ફર્માવ્યું : **اَمَا اِنَّهُ صَدَقَكَ وَ هُوَ كَذُوْبٌ** સાંભળો ! જાણી લો ! "બેશક ! તેણે એ સાચું કહ્યું, આજે જે કહ્યું છે સાચુ છે, પણ તે કઝૂબ ઘણો જ મહાન જૂઠો છે." સારું, કોઈ એકવાર જૂઠ બોલી નાખે તો જૂઠો કહીશું, બે વાર જૂઠ બોલે તો જૂઠો કહીશું, પણ કોઈને ઘણો જ મહાન જૂઠો સાચાઓના ઉર્ફમાં કયારે કહેવામાં આવે

છે ? જ્યારે જૂઠુ બોલવાની તેની આદત બની જાય છે, તે જ્યારે પણ કોઈ કામ કરે છે તો જૂઠુ જ બોલ છે. જ્યારે પણ કાંઈ કહે છે તો જૂઠુ જ બોલે છે. દસ વાત કહે અને દસેવ જૂઠી, ત્યારે કહીશું કે તે ઘણો જ મહાન જૂઠો છે. તો સરકાર ﷺએ 'કઝૂબ' કહીને એ બતાવી દીધું કે તેનું ત્રણ જૂઠ જ મારી નિગાહમાં નથી, અરે ! એનાથી પહેલાં પણ જૂઠુ બોલતો રહ્યો છે, અને એના પછી પણ જૂઠુ બોલતો રહેશે. وهو كذوب "છે તો ઘણો જ મહાન જૂઠો !"

તો કમસે કમ ત્રણ ગયબદાની અહીં પણ જાહેર થઈ ગઈ. ત્રણને ત્રણ છ ને ત્રણ નવ. માશા અલ્લાહ ! ગણિત તો આપ લોકોનું ઘણુ મજબૂત છે ! આજે સરકાર ﷺએ એવું નથી ફર્માવ્યું કે આવશે, જેથી ન આવ્યો. હા ! આજે સરકાર ﷺએ એક વાત પૂછી અબૂ હુરૈરહ رضی اللہ عنہથી : تَعْلَمُ مَنْ تَخَاطِبُ مُنْذَ ثَلٰثِ لَيَالٍ ؟ "અબૂ હુરૈરહ ! તમને ખબર છે કે ત્રણ રાતોથી તમે કોની સાથ વાત કરો છો ? "એટલે કે કોને પકડો છો ? કોની સાથે તમારી મુલાકાત થઈ રહી છે ? قُلْتُ : لا અબૂ હુરૈરહ અર્ઝ કરે છે : મે કહ્યું, "હું નથી ઓળખતો !" પકડી રહ્યા છે એ, ગિરફતાર કરી રહ્યા છે એ, ધમકાવી રહ્યા છે એ, અને તેમને ખબર જ નથી કે એ કોણ છે ? ઓળખતા જ નથી કે કોણ છે ? ! ત્યાં હુઝૂર ﷺ હતા ? ન હતા ! જો કોઈ હદીષમાં હોય તો વહાબી બતાવે, કોઈ હદીષમાં નથી. ત્યાં તો કેવળ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ જ હતા ! તે હતા અને ત્યાં સદકા, ફિત્રાનું અનાજ હતું, અનાજ તો બતાવશે નહીં ! અને અબૂ હુરૈરહ સમજદાર હતા છતાં તેમણે જાણ્યું ઓળખ્યું નહીં. તો સરકાર ﷺ ફર્માવે છે : ذَاكَ شَيْطَانٌ "તે શૈતાન ખબીષ છે જે ત્રણ દિવસથી તમને પરેશાન કરી રહ્યો છે." આ હદીષ મિશ્કાતુલ મસાબીહ કિતાબ ફઝાઈલે કુર્આન, પેજ નં 185ની છે, જે બુખારી શરીફના હવાલાથી અહીં વર્ણન થયેલી છે. મેં અહીં તેનો મતલબ દર્શાવતો સ્પષ્ટતાપૂર્ણ તર્જુમો વર્ણન કર્યો છે જેથી તેનો ભાવાર્થ તમારા લોકો સમક્ષ સારી રીતે સ્પષ્ટ થઈ જાય. હવે તમે લોકો વિચારો, જે જગાએ એ અનાજ રાખ્યું હતું ત્યાં સરકાર ﷺ ન હતા, પણ પોતાના શયનખંડમાં હતા ત્રણ રાતથી જે બનાવ સતત બની રહ્યો છે તેને સરકાર ﷺએ રીતે જોઈ રહ્યા છે જાણે આપ ત્યાં હાઝિર હોય અને નાઝિર હોય. એન ગયબની ખબર પણ સરકાર ﷺ ત્રણ રાતથી સતત આપી રહ્યા છે. અને આવનારા ચોરને ઓળખી પણ રહ્યા છે કે આવનારો ચોર કોઈ સામાન્ય માણસ નથી, કોઈ ઈન્સાન નથી બલ્કે આવનારો ચોર શૈતાન છે શૈતાન લઈન છે.

નવ ગયબ તો પહેલાં જ વર્ણવી આપ્યા હતા, તો હવે કેટલા થયા ? દસ ! تِلْكَ عَشَرَةٌ كَامِلَةٌ **આ એક હદીષ છે, પણ તેનાથી દસ દસ રીતે સાબિત થઈ ગયું કે હુઝૂર ﷺ ગયબદાં નબી છે અને ઉમ્મતના અહેવાલ તથા અમલો પર હાઝિર પણ છે અને નાઝિર પણ છે.** એટલા માટે અજમલ સુલ્તાનપુરીએ જે વાત કહી, ઘણી સરસ કહી !!

*મૈં માનતા હૂં કે બેશક ! હુઝૂર હાઝિર હૈં*
*મૈં જાનતા હૂં કે બેશક ! હૂઝૂર હાઝિર હૈં*
*ખુદાકી દી હૂઈ કુદરતસે હર ઘળી 'અજમલ'*
*વો હર મક઼ામ પે નઝદીકો દૂર હાઝિર હૈ*

એટલે કે છે તો એક જ જગાએ પણ આપની નિગાહે નબુવ્વત દરેક જગાએ હાઝિર છે અને સૌને જોઈ રહી છે. **આ સહીહ હદીષ છે અને આ હદીષને જે પઢે તેમ છતાં પણ એવું કહે કે "હુઝૂરને ઈલ્મે ગયબદાં (ગયબ જાણનાર) માનવું શિર્ક ! તથા હુઝૂરને હાઝિર નાઝિર માનવું શિર્ક !" તો બતાવો શું તેઓ હુઝૂરના મઝહબ પર છે ? સહાબાના મસ્લક પર છે ? નથી !** અને જે કહે હુઝૂર હાઝિર નાઝિર છે તથા જે કહે કે હુઝૂર ગયબદાં નબી છે, તો તે હુઝૂર ﷺના મઝહબ પર છે અને સહાબાના મઝહબ પર છે. તો સાબિત થઈ ગયું કે આપણે લોકો જ અહલે સુન્નત વ જમાઅત છીએ. વહાબી, દેવબંદી વગેરે નારી (જહન્નમી) ફિર્કામાંથી છે, જહન્નમી ગિરોહ છે. તો તોત્તેરમાં એક કોણ ? આપણે ! અને બાકી બોત્તેરમાં ? તેઓ ! *(ક્રમશઃ)*

# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

رحمۃاللہ تعالی علیھم اجمعین

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

*(અનીસુલ અરવાહ : મલ્ફૂઝાતે ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃاللہ علیہ)*

### *(મજલિસ : ૧૧)*

### ★ જાનવરને સળગાવનાર વિશે હુકમ ★

ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે શખ્સ કોઈ જાનવરને આગમાં ફેંકે છે અથવા બેરહમીથી મારી નાખે છે એનો કફ્ફારો એ છે કે ગુલામ આઝાદ કરે અથવા સાઈઠ મિસ્કીનોને ખાવા ખવડાવે અથવા સતત લગાતાર બે મહિનાના રોઝા રાખે. રસૂલુલ્લાહ ﷺ ફર્માવ્યા કરતા હતા કે કોઈ જાનવરને આગમાં નાખવામાં નહીં આવે, પણ દુનિયામાં તથા આખેરતમાં અઝાબ થશે. અને જે શખ્સ જાનવરને આગમાં ફેંકે છે જાણે તે પોતાની મા સાથે ઝિના કરે છે.

જેવા કે ખ્વાજા (ઉષ્માની હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા. الحمد اللہ علی ذٰلک

*(અનીસુલ અરવાહ : મલ્ફૂઝાતે ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃاللہ علیہ)*

### *(મજલિસ : ૧૨)*

### ★ સલામ કહેવાની ફઝીલત વિશે ★


સલામ કહેવાના બારામાં ચર્ચા ચાલી તો આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺથી હદીષમાં આવ્યું છે કે જ્યારે મજલિસથી ઉઠે તો સલામ કહે, કેમ કે સલામ કહેવું ગુનાહોનો કફ્ફારો છે અને ફરિશ્તા તેની બખ્શિશની તમન્ના કરતા હોય છે. જે શખ્સ મજલિસથી ઉઠતી વખતે સલામ કહે છે તો ખુદાવંદે તઆલાની રહમત તેના પર વરસે છે અને તેની નેકીઓ તથા જિંદગી વધી જાય છે.

પછી ફર્માવ્યું કે મેં ખ્વાજા યૂસુફ હસન ચિશ્તી رحمۃاللہ علیہની ઝબાની સાંભળ્યું છે કે જ્યારે કોઈ શખ્સ મજલિસથી ઉઠે છે અને સલામ કહે છે તેને હજાર નેકીઓ મળે છે અને તેની હજાર હાજતો પૂરી થાય છે અને ગુનાહોથી એવો પાક થઈ જાય છે જાણે કે માના પેટથી નીકળ્યો છે. અને એક વરસના ગુનાહ માફ કરી દેવામાં આવે છે અને એક વરસની ઈબાદત તેના આમાલનામામાં લખી દેવામાં આવે છે અને સો હજ્જ તથા સો ઉમરા તેના નામે લખવામાં આવે છે અને રહમતના સો થાળ તે બંદાના માથા પર કુર્બાન કરે (વરસાવે) છે.

પછી ફર્માવ્યું કે અમીરુલ મો'મિનીન અલી کرم اللہ تعالی وجہہ الکریم એ ફર્માવ્યું છે કે મેં ઈચ્છયું કે કોઈ એવો મોક઼ો મળે કે રસૂલુલ્લાહ ﷺના મજલિસમાં તશરીફ લાવતી વખતે કે પરત થતી વખતે હું સલામ કહું, પણ મોક઼ો ન મળ્યો. જેવો હું સલામ કરવા ચાહતો કે રસૂલુલ્લાહ ﷺ પહેલાં જ સલામ કહેતા. કહે છે કે સલામ કરવી નબીઓની સુન્નત છે. સર્વ પયગંબર જે થઈ ગયા તેઓ સૌ પ્રથમ સલામ કહ્યા કરતા હતા.

જેવા કે ખ્વાજા (ઉષ્માની હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા. الحمد اللہ علی ذٰلک

ઉર્સ : ૨૫ સફર



**૨૦૦થી પણ વધુ વિષયોના જાણકાર**

**૧૪૦૦થી પણ વધુ પુસ્તકોના લેખક**

# આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

–:::: રજૂકર્તા ::::–
**અલીમુહમ્મદ અહમદ બાબી (પોરબંદર)**

આશિકે રસૂલ સરકારે આ'લા હઝરત ઈમામ અહમદરઝાખાં મોહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہનો જન્મ ૧૦ શવ્વાલ સન હિજરી ૧૨૭૨ પ્રમાણે ૧૪ જૂન ઈ.સ. ૧૮૫૬ શનિવારે બપોરે ઝોહરના સમયે બરેલી શહેરના જસોલી મહોલ્લામાં થયો. આપનું પેદાઈશી નામ "મુહમ્મદ" અને તારીખી નામ 'અલમુખ્તાર' છે. આપના દાદા હઝરત રઝા અલીખાંએ આપનું નામ 'અહમદ રઝા' રાખ્યું. આપ ઈસ્લામી દુનિયામાં 'આ'લા હઝરત'ના પ્યારા નામથી મશહૂર થયા છે.

અલ્લાહ તઆલા મહા શકિતમાન છે તે ચાહે તે કરે, તેને પૂછનાર કોઈ નથી. તે પોતાના પસંદ કરેલા કોઈ પ્યારા બંદાને અગણિત વિદ્યાઓની વિશાળ જાણકારી અને ભરપૂર જ્ઞાન અર્પણ કરે તે તેની હિકમત અને કુદરત છે. જે મુજબ આ'લા હઝરત કારી, હાફિઝ, મૌલાના, મુફતીની સાથે સાથે જે તે સમયના મહાન "મુજદ્દિદ" પણ હતા.

"મુજદ્દિદ" અરબી શબ્દ છે તેનો અર્થ તાજો કરનાર થાય છે. મુજદ્દિદ દર ૧૦૦ સો વર્ષે દુનિયામાં પધારે છે. મુજદ્દિદ પોતાના જ્ઞાન વડે ધર્મને તાજો કરે છે જૂની થઈ ગયેલી ચીજને તાજી તે જ વ્યકિત કરી શકે છે જે તેના દરેક અણુએ અણુનો જાણકાર હોય. તો જે વ્યકિત કાનૂને ઈલાહી મુજબ ૧૦૦ વર્ષે ફકત ધર્મને તાજો કરવાના આશયથી જ દુનિયામાં આવ્યો હોય તેને માટે 'દીન' મઝહબ–ધર્મ વિષે જાણકાર હોવું કેટલું જરૂરી હશે. મઝહબનો સાચા અર્થમાં જાણકાર તે જ વ્યકિત હોઈ શકે છે કે જે કુરઆન, હદીષ, તફસીર વગેરે ઈસ્લામી જ્ઞાનના જરૂરી અને મહત્ત્વના સ્થંભોના એક એક અક્ષરને સાચા અર્થમાં સમજી અને સમજાવી શકતો હોય.

"મુજદ્દિદ"ને માટે ઈસ્લામી તાલીમાતનું જ્ઞાન એટલી હદે હોવું જરૂરી છે કે પૂરી દુનિયાના મોટા મોટા આલિમો તેના ઈલ્મ, ફઝલ, જ્ઞાન અને કમાલની સામે પોતાની ગરદનો ઝુકાવી દે, અને તેને પોતાનો ગુરૂ–પેશવા અને રહેબર માની લે. "મુજદ્દિદ"માં જ્ઞાનની સાથે સાથે અમલ, નિખાલસતા, કરામત, નીડરતા, સત્યતા, ત્યાગની ભાવના, નમ્રતા, અડગશ્રધ્ધા વિ. અસંખ્ય ગુણો અલ્લાહ તઆલા તરફથી અર્પણ કરવામાં આવે છે.

આલા હઝરત ઈમામ અહમદરઝાખાં ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ ઉચ્ચ દરજ્જાના આલિમ અને મહાન આશિકે રસૂલ હોવાની સાથે સાથે દીની–દુન્યાવી જ્ઞાન અને કલાઓમાં એવા તો પારંગત હતા જે આપનું લખેલ ૧૪૦૦થી પણ વધુ પુસ્તકો આપની વિદ્વતા તથા આપના વિચક્ષણ કૌશલ્યના સાક્ષી છે. આપ ૨૦૦ થી પણ વધુ વિષયોના ફક્ત જાણકાર જ નહીં પરંતુ એ તમામ વિદ્યાઓમાં માસ્ટરી (ઈમામ) હોવું એ ખુદા તઆલાની અસીમ કૃપાઓનું પરિણામ જ કહી શકાય. કારણ કે આ'લા હઝરત કોઈ કોલેજ કે યુનિ.માં તાલીમ લેવા કે ભણવા ગયા ન હતા. દુન્યાવી ઈલ્મોની જાણકારી માટે આપે કદી પણ દરકાર નહોતી કરી, તેમ છતાં પણ દુન્યાવી ઈલ્મો આપના ચરણોમાં એક ગુલામની માફક આળોટતા હતા.

આ'લા હઝરત જે ૨૦૦થી પણ વધુ વિષયોના જાણકાર હતા તે તમામ વિષયોમાંથી અમુક વિષયો નીચે મુજબ છે. જેમ કે કુરઆનનું શિક્ષણ, હદીષનું શિક્ષણ, ધર્મની મૂળભૂત માન્યાતાઓનું શિક્ષણ, ધર્મ કાયદાશાસ્ત્ર, વારસાશાસ્ત્ર વિદ્યા, પુરાતનશાસ્ત્ર,

ઈતિહાસ, સિધ્ધાનુમાન વિદ્યા, ખગોળશાસ્ત્ર, ભૂમિતિ વિદ્યા, આત્મતત્ત્વ વિદ્યા, શબ્દકોષ વિદ્યા, ખનીજ વિદ્યા, લઘુગણક વિદ્યા, અંકશાસ્ત્ર વિદ્યા, સમીકરણ ત્થા બીજગણિત વિદ્યા, અંક ગણિત વિદ્યા, સમાજવિદ્યા, ભૂગોળ વિદ્યા, જન્માક્ષર વિદ્યા, ઔષધવિદ્યા, ચતુષ્કોણ વિદ્યા, હસ્તાક્ષર વિદ્યા, રાગ–સ્વરપઠન વિદ્યા, ભાવિસૂચન વિદ્યા, દર્શનવિદ્યા, રેખારૂપ ત્રિકોણમિતિ વિદ્યા, અનુસંગી વિવેચન વિદ્યા, તર્કશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, સાહિત્યશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, ગ્રહગતિવિજ્ઞાન, હવામાન શાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, વેપાર–વાણિજય, વનસ્પતિશાસ્ત્ર, જયોતિષશાસ્ત્ર, ધ્વનિશાસ્ત્ર, પ્રકૃતિશાસ્ત્ર, ચિકિત્સા શાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, વકતૃત્વ કલા શાસ્ત્ર, હેતુશાસ્ત્ર તેમજ સ્વપ્ન અને અનુલલિતશાસ્ત્ર વિ.વિ.

દુનિયાની મોટી મોટી કોલેજો–યુનિ.માં આજે નીચેના અઘરા વિષયોનું શિક્ષણ આપવામાં આવે છે જેવા કે **Phsics, Chemistry, Geography, Astrology, Ephemerics, Histography, Medical, Science, Algebra, Logarethim, Zoology, Logic, Planetrigonametry, Biology, Dynamics, Statistics, Botany, Numeralogy, Finances, Metearalogy, Ethnology, Ethics, cosmilogy, Psychology, Cytology, Pharmacology, Minerology, Ecology, Phonology, Topology, Economics, Sociology, Geometry** વિ. આ'લા હઝરતને ઉપરના તમામ અઘરા વિષયોની સંપૂર્ણ જાણકારી હતી. જે આપના લખેલ પુસ્તકોથી સાબિત થાય છે.

આ'લા હઝરત પાસે તે સમયના વૈજ્ઞાનિકોના સંશોધનો જાહેર કરવામાં આવેલ જેમ કે અવાજ અને પ્રકાશના મોજાઓ અમુક સમય પછી નાશ પામે છે, અણુ વિભાજીત થઈ શકતો નથી, પૃથ્વી ફરે છે, પૃથ્વીનું ભ્રમણ–પરિભ્રમણ ત્થા ગુરૂત્વાકર્ષણનો નિયમ વિ.વિ. આ'લા હઝરતે કલમ ઉઠાવી અને સાબિત કરી આપ્યું કે અણુ વિભાજીત થઈ શકે છે. તેમજ અવાજ અને પ્રકાશના મોજાઓ નાશ પામતા નથી પરંતુ અવકાશમાં તેનું અસ્તિત્વ કાયમ રહે છે. આ'લા હઝરતના આ સંશોધન ઉપર વૈજ્ઞાનિકોએ વિધિસર અભ્યાસ કર્યો જેના પરિણામે જગતને રેડિયો, મોબાઈલ જેવા સંદેશ વ્યવહારના ઉપકરણો મળ્યા.

આ'લા હઝરતનું લખેલ એક પુસ્તક કે જેનું નામ "ફૌઝે મુબીન દર રદ્દે હરકતે જમીન" છે. આ પુસ્તકમાં આ'લા હઝરતે **Theory of Motion, Theory of Gravitational Attraction VG[ Theory of Relativity**નું ૫૦ દલીલો વડે ખંડન કર્યું. ત્યારબાદ અન્ય ૫૪ મજબૂત દલીલો વડે પૃથ્વીની સ્થિરતાને સાબિત કરી. આ પુસ્તકમાં આપે ભૂમિતિ, ગ્રહગતિ વિજ્ઞાન, લોગેરિજમ અને ગણિત, અવકાશશાસ્ત્રના વિષયોને આવરી લઈ કુલ ૧૦૪ અકલી દલીલો રજૂ કરેલ છે. આપે જગતના મશહૂર વૈજ્ઞાનિકો જેમ કે આઈઝેક ન્યૂટન, ગેલેલીયો, આલ્બર્ટ આઈન્સટાઈન, કોપરનિકસ, જોહન કેપ્લર, વિલિયમ હર્ષલ, આલ્બર્ટ એફ. પોરટા વિ.ના સંશોધનોને તેમની થીયરીઓના હવાલા આપી ખોટા સાબિત કર્યા. પૃથ્વીના ભ્રમણ, પરિભ્રમણ ત્થા ગુરૂત્વાકર્ષણ વિ. થીયરીઓના ફૂરચે ફૂરચા કરી નાખ્યા.

માં ના પેટમાં શું છે ? છોકરો કે છોકરી ? આ બારામાં એક અંગ્રેજ પાદરીના રદમાં "અશઅમશામ અલા મુશક્કિ ફિલ આયતિલ અરહામ" નામની કિતાબ આ'લા હઝરતે લખી હતી. આ કિતાબમાં આ'લા હઝરતે એક ઉચ્ચ સ્પેશ્યાલિસ્ટ ડોકટરની માફક મુનષ્યના શરીરના અંદરૂની તમામ ફંકશનોની જે માહિતિ આપી તે અત્યંત હેરતનાક છે. આપે આ કિતાબમાં મોર્ડન મેડિકલ સાયન્સ, ફિઝિકસ, જયોમેટ્રી વિ. ૬૦ જુદા જુદા વિષયોની થીયરીનો ઉલ્લેખ છે, એક્ષ રે અલ્ટ્રા સાઉન્ડની શોધ ત્યારે સંપૂર્ણ થઈ ન હતી. ૧૦૦ વર્ષ પહેલાં અલ્ટ્રા સાઉન્ડની થીયરી રજૂ કરવાવાળા ભારતના પહેલા મુસલમાન વૈજ્ઞાનિક આ'લા હઝરત છે એમ કહી શકાય. આ'લા હઝરત એક એવા વૈજ્ઞાનિકનું નામ છે જેના સંશોધનો ભૂતકાળ ત્થા વર્તમાનકાળના સર્વ વૈજ્ઞાનિકો માટે એક ચેલેન્જ સમાન છે. આ'લા હઝરતના સંશોધનોની મદદથી વિશ્વના જુદા જુદા વૈજ્ઞાનિકોએ નોબલ પ્રાઈઝ ભલે મેળવી લીધા હોય પરંતુ નોબલ પ્રાઈઝના ખરા હક઼દાર આ'લા હઝરતને ગણાવીએ તેમાં કોઈ અતિશયોક્તિ

નથી.

આ'લા હઝરત ફાઝિલે બરેલ્વીની લિયાકત અને કારકીર્દી એક પૂરી એકેડેમીની ૧૦૦ વર્ષની સેવાઓથી પણ વધીને છે. આપની લેખન પ્રવૃત્તિને તથા આપના ઈલ્મી કારનામાઓ આપની ૬૮ વર્ષની મુબારક જિંદગી વડે તકસીમ કરવામાં આવે તો આપ મિલ્લતને દર પાંચ કલાકે એક સંપૂર્ણ ઈલ્મસભર કિતાબ દેતા નજર આવશે. અર્થાત આ'લા હઝરતે એકલા હાથે જ એક રીસર્ચ ઈન્સ્ટીટયુટનું કાર્ય અંજામ આપેલ છે. આપને અરબી ઝબાન પ્રત્યે ખૂબ જ લગાવ હતો જેથી આપની અરબી ભાષામાં લખેલ કિતાબોની સંખ્યા વધુ છે.

આપના દારૂલ ઈફતામાં ભારત–પાકિસ્તાન, અમેરિકા, આફ્રિકા, અફઘાનિસ્તાન, ચીન, અરબ દેશો વિ.માંથી ફતવાઓ લગાતાર આવતા રહેતા હતા. કયારેક તો પાંચસો પાંચસો ફતવા એક સાથે ભેગા થઈ જતા હતા. આપના યુગમાં આટલી સંખ્યામાં અન્ય કોઈ દારૂલ ઈફતામાં ફતવાઓ આવતા ન હતા. આ'લા હઝરત ફતવાના જવાબ આપતી વખતે ફતવા પૂછનારનો હેતુ તે શું જાણવા માંગે છે વિ. તેની **I.Q. Frequency** મુજબ તેને હવાલાની સાથે દલીલોથી ભરપૂર સંતોષકારક જવાબ આપતા હતા.

હાલમાં આ'લા હઝરતના પ્રકાશનોનું ભારત–એશિયા અને યુરોપની સરહદોથી પણ આગળ વધીને વિશ્વવ્યાપી ધોરણે સંશોધન થઈ રહ્યું છે. કોલંબિયા યુનિ., બર્કલે યુનિ., લાઈડન યુનિ. હોલેન્ડ, લંડન યુનિ. વિ. ઉપરાંત વિશ્વની અન્ય યુનિ. માં આ'લા હઝરત પર તથા તેમની કિતાબોના વિષય ઉપર **Ph.D.** કરવામાં આવી રહ્યું છે. આ રીતે દુનિયાના અલગ અલગ દેશોમાં મઝહબી અને ગૈરમઝહબી ઈદારા ત્થા સંસ્થાઓમાં બુદ્ધિજીવીઓ, ઈતિહાસકારો અને ફિલોસોફરો આ'લા હઝરતની કિતાબો અને આપના જીવન મુબારક ઉપર ચિંતન, મનન અને રીસર્ચ કરી રહ્યા છે. સમગ્ર વિશ્વમાં આપના ઈલ્મો ફનનો પરચમ બુલંદીએ લહેરાઈ રહ્યો છે. આપની મહાન ફતવાની કિતાબ "ફતાવા રઝવિય્યાહ" જે લગભગ બાર હજાર પાનાંની છે જેને સાઉથ આફ્રિકાની કોર્ટમાં ચુકાદા આપવા માટે કાયદેસર સામેલ કરવામાં આવેલ છે. જેને એક મહાન સિધ્ધી ગણી શકાય.

કુર્આન શરીફ જે અરબી ભાષામાં છે તેનો શાનદાર ઉર્દૂ તર્જુમો આ'લા હઝરતે કર્યો જેને "કન્ઝુલ ઈમાન" તરીકે ઓળખવામાં આવે છે. જેની આજ સુધી અગણિત સંખ્યામાં પ્રતો છપાઈ ચૂકી છે. ઉપરાંત આ'લા હઝરત એક ઉમદા દીની શાઈર પણ હતા. આપની શાએરી "હદાઈકે–બખ્શિશ" નામના પુસ્તક શાએરી ઉપરથી **Ph.D.** કરી શકાય. ઈશ્કે મુસ્તફા ﷺથી છલોછલ આપના કલામ, નાત શરીફ તેમજ ખાસ કરીને સલામ "મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ" સમગ્ર દુનિયામાં ગુંજી રહ્યું છે, તેમાં કોઈ બે મત નથી.

આ'લા હઝરત આપણા મોહસિન છે. એટલું જ નહિ પરંતુ આજના પુરફિતન દૌરમાં આપણા ખરા હિતેચ્છુ અને માર્ગદર્શક છે. આપનો અહેસાન જેટલો માનીએ તેટલો ઓછો છે કે આજે આપણે સુન્નિય્યત–મસ્લકે આ'લા હઝરતનો દમ ભરી રહ્યા છીએ, કેમ કે આપે વહાબી, તબ્લીગી, દેવબંદી તથા તેમના જેવા અનેક બાતિલ ફિર્કાઓની સામે કલમની તલવાર વડે એકલા હાથે જંગ ખેલીને દૂધનું દૂધને પાણીનું પાણી અલગ કરી બદમઝહબોના ગંદા અક઼ીદાઓનો પર્દાફાશ કરી આપણું ઈમાન બચાવી અલ્લાહ–રસૂલની સાચી મહોબ્બત અને તાઝીમથી દિલોને ભરી દીધાં. અલ્લાહ તમામ સુન્નીઓના દિલોમાં ઈશ્કે મુસ્તફાની શમ્અ મરતા દમ સુધી પ્રજવલ્લિત રાખે. આમીન.

મુ.તા. ૨૫ સફર હિજરી ૧૩૪૦ શુક્રવારે બપોરે ૨–૩૮ કલાકે આલા હઝરત અલ્લાહ રસૂલ ને યાદ કરતાં કરતાં આ ફાની દુનિયાથી પરદો ફર્માવ્યો. اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ આપનો મઝાર શરીફ બરૈલીશરીફ (યુ.પી.)ના સોદાગ્રાન મોહલ્લામાં છે. જ્યાં દર વર્ષે સફર માસની ૨૩,૨૪,૨૫ તારીખે ત્રણ દિવસ સુધી આપનો ઉર્સ શાનદાર રીતે મનાવવામાં આવે છે. દેશ વિદેશથી લાખોની સંખ્યામાં મુરીદો–અક઼ીદતમંદો બરૈલીશરીફ ઉર્સમાં હાજરી આપી પોતાની જાઈઝ તમન્નાઓ અને બરકતોથી માલામાલ થાય છે.

***અહમદરઝા કા તાઝા ગુલિસ્તાં હૈ આજ ભી***
***ખુર્શિદે ઈલ્મ ઉનકા દરખ્શાં હૈ આજ ભી***
***સબ ઉનસે જલનેવાલોં કે ગુલ હો ગએ***
***ચિરાગ, અહમદ રઝા કી શમ્અ ફરોઝાં હૈ આજ ભી***



**ઉર્સ : ૨૫ સફર**

# ઈમામે અહલે સુન્નતનો હૈરતનાક ફિક્હી ઈલ્મી કમાલ !


રજૂ : **પ્રોફેસર ડો. મુહમ્મદ મસ્ઊદ અહમદ** رحمۃ اللہ علیہ **(પાકિસ્તાન)**

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા)*


અલ્લાહ તઆલાએ ઈન્સાન બનાવ્યો,[૧] સૌથી શ્રેષ્ઠ બનાવ્યો,[૨] પછી મુસલમાન બનાવ્યો,[૩] બોલવાનુ શીખવાડયું,[૪] લખવાનુ શીખવાડયું.[૫] પોતાના ખાસ કરમથી મહબૂબ બંદાઓને 'ઈલ્મે લદુન્ની' અતા ફર્માવીને ચહીતા બનાવ્યા. અન્યોને દેખાડયું કે જ્યારે અમે રાજી થઈએ છીએ તો કેટલો અઢળક ઈલ્મ અતા કરીએ છીએ. બેશક ! *(શેઅર)* *યહ 'ઈલ્મ' અતા જબ હોતા હૈ, જબ ખાસ ઈનાયત હોતી હૈ*

### ★ અલ્લાહ પોતાના ખાસ બંદાઓને નવાઝે છે ★

અલ્લાહ તઆલાએ હઝરત આદમ علیہ السلام ને નવાઝયા : وَعَلَّمَ اٰدَمَ الْاَسْمَآءَ كُلَّهَا "અલ્લાહ તઆલાએ આદમને તમામ ચીજોનાં નામ શીખવાડયા."[૬] હઝરત દાઊદ علیہ السلام ને સરફરાઝ ફર્માવ્યા : وَعَلَّمَهٗ مِمَّا يَشَآءُ "અને એણે જે ચાહ્યું શીખવ્યું."[૭] હઝરત ખિઝર علیہ السلام પર કરમ ફર્માવ્યો : وَعَلَّمْنٰهُ مِنْ لَّدُنَّا عِلْمًا "અને તેને પોતાનો ઈલ્મે લદુન્ની અતા કર્યો."[૮] હઝરત યૂસુફ علیہ السلام ને નવાઝયા : اٰتَيْنٰهُ حُكْمًا وَّعِلْمًا "અમે તેમને હુકમ તથા ઈલ્મ અતા કર્યો."[૯] હઝરત લૂત علیہ السلام ને સરફરાઝ કર્યા : وَلُوْطًا اٰتَيْنٰهُ حُكْمًا وَّعِلْمًا "અને લૂતને અમે હુકૂમત તથા ઈલ્મ આપ્યો."[૧૦]

અને સરકારે દોજહાં صلی اللہ علیہ وسلم ને **સર્વ કાંઈ** અતા કર્યુ : وَعَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ "અને તમને શીખવાડી આપ્યું **જે કાંઈ** તમે **ન જાણતા હતા.**"[૧૧] અલ્લાહ તઆલાએ પોતાના હબીબે કરીમ صلی اللہ علیہ وسلم ને તમામ કાઈનાત (સૃષ્ટિ)ના ઈલ્મો અતા ફર્માવ્યા, અને કિતાબ તથા હિકમતનાં રહસ્યો તથા હક઼ીક઼તોથી માહિતગાર કર્યા.[૧૨] આપના દામને કરમથી જોડાયેલા જે આપના ગુલામો છે તેઓ કેવી રીતે મેહરૂમ રહી શકે છે ? નિ:શંક ! અલ્લાહ તઆલા પોતાના મહબૂબોને તો નવાઝે જ છે પણ તેમના તુફૈલથી તેમના ગુલામોને પણ સરફરાઝ ફર્માવે છે. ઈલ્મે સફીના તો એની જગાએ પણ ઈલ્મે સીનાની વાત તો કાંઈ ઔર જ છે ! અમલના ઈખ્લાસના વસીલાથી સીનો રહસ્યો તથા મઅરેફતોની ખાણ બનાવી દેવામાં આવે છે. નફ્લી ઈબાદતો (ફર્ઝો ઉપરાંત) થકી અલ્લાહનો કુર્બ (નઝદીકી) હાંસલ થઈ જાય તો તે (રબ) તેનો કાન બની જાય છે, તે આંખ બની જાય છે, તે હાથ બની જાય છે.[૧૩] જેનો તે કાન બની જાય તેની શ્રવણશક્તિની કૈફિયત ન પૂછો ! જેની તે આંખ બની જાય તેની બસારત તથા બસીરત (દષ્ટિ શક્તિ)નો આલમ ન પૂછો, જેનો તે હાથ બની જાય તેના ઈક્તેદાર તથા ઈખ્તિયારનો આલમ ન પૂછો.

**હર લમ્હા હૈ મોમિનકી નઈ શાન નઈ આન**
**ગુફ્તારમેં કિરદારમેં અલ્લાહકી બુરહાન**

દાનિશે નૂરાની જ્યારે પોતાનો જલ્વો દેખાડે છે તો દાનિશે બુર્હાની આશ્ચર્યચકિત થઈ જાય છે : (શેઅર) *હૈ દાનિશે બુર્હાની હૈરતકી ફરાવાની*

### ★ ઈલ્મે લદુન્ની તે આનુ નામ ! ★

ઈમામે અહલે સુન્નત, આ'લા હઝરત, મુજદ્દિદે દીનો મિલ્લત, **ઈમામ અહમદ રઝા** رضی اللہ عنہ અલ્લાહ

તઆલાના તે મુકર્રબ તથા બરગુઝીદા (ચહીતા) બંદાઓમાંથી હતા જેમને લોહ તથા કલમ (કાગળ તથા કલમ)ના સહારે તો ઘણુ બધું મળ્યું જ હતું પણ **ફયઝે રબ્બે કદીરથી તે કાંઈ મળ્યું જેની કલ્પના પણ નથી થઈ શકતી !** આ તે જ ઈલ્મ છે જેની ઝલક તેમની દરેક કિતાબમાં જોવા મળે છે. આ જ તે ફિક્રે રસા (ઉચ્ચ ચિંતન) છે જેને જોઈ જોઈને ઈલ્મવાળા આશ્ચર્યના સાગરમાં ડૂબુકીયાં ખાવા લાગે છે ! મશહૂર ગણિતશાસ્ત્રી અને મુસ્લિમ યુનિવર્સિટી અલીગઢના વાઈસ ચાન્સેલર ડો. સર ઝિયાઉદ્દીન મર્હૂમ ગણિતશાસ્ત્રના એક કોયડામાં ગુંચવાઈ ગયા તો તેને સુલઝાવવા માટે જર્મની જવા માંગતા હતા. અલ્લાહની કુદરત તેમને ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝાની ચોખટ પર લઈ આવી, મસ્અલો રજૂ કર્યો તો પળવારમાં તેને હલ કરીને ડોક્ટર સાહબને અચંબામાં મૂકી દીધા ![૧૪] તેમણે એ જ કહ્યું કે, "આ ઈલ્મે લદુન્ની છે !"[૧૫] મહેનત કરવાથી હલ નથી થતો, આ તો અતાએ રબ્બાની છે.

### ★ પોતાના સમયનો જબરદસ્ત ફકીહ ★

ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ પુષ્કળ ઈલ્મો તથા વિદ્યાઓના નિષ્ણાત (ઈમામ) હતા. પ્રથમ એ ઈલ્મોની સંખ્યા ૫૫ સુધી ગણવામાં આવતી હતી, હવે અધિક સંશોધન પછી ૭૫ થઈ ગઈ છે કેમ કે ઈલ્મ તથા વિદ્યાઓ શાખ દર શાખ ફેલાતી જાય છે. ઈમામ અહમદ રઝાના ઈલ્મી ખજાના પર જેટલુ ચિંતન મનન કરવામાં આવે એટલી એ સંખ્યા વધતી જશે. ઈમામે અહલે સુન્નત એક એવા અસીમ સમુદ્ર છે જ્યાંથી અસંખ્ય નહેરો ફૂટે છે. તે દરેક ઈલ્મ તથા કલા વિદ્યામાં નિપૂણતા ધરાવતા હતા, પણ ફિક્હ (દીની મસાઈલના ઈલ્મ)માં તેમને એવી સમૃધ્ધતા તથા ગહરાઈ હાંસલ હતી કે એમાં એનુ દષ્ટાંત ખૂદ પોતે જ હતા. **પ્રોફેસર અબ્દુલ ફત્તા અબૂમદા (પ્રોફેસર કુલ્લિયતુશ્શરઈય્યહ : મુહમ્મદ ઈબ્ને સઊદ યુનિ.-રિયાધ)** એ જ્યારે "ફતાવા રઝવિય્યહ"ની પ્રથમ જિલ્દના એક અરબી ફત્વાનો અભ્યાસ કર્યો તો તે ભડકી ઉઠયા અને દિલે કહ્યું કે, "પોતાના સમયનો જબરદસ્ત ફકીહ છે."[૧૬] ઈમામ અહમદ રઝા ઉલમા તથા મશાઈખની ધરી સમાન હતા, હિંદ તથા પાકિસ્તાનના કોઈ મુફતીને આ કેન્દ્રતા હાંસલ નથી થઈ.

પાક. તથા હિંદના પ્રખ્યાત **મુફતી શાહ મુહમ્મદ મઝહરુલ્લાહ નક્શબંદી મુજદ્દિદી** દહેલ્વી અને વલીએ કામિલ **શાહ મુહમ્મદ રુક્નુદ્દીન અલ્વરી નક્શબંદી મુજદ્દિદી**એ વિવિધ મસાઈલના અનુસંધાનમાં ઈમામ અહમદ રઝા رضی اللہ عنہથી એકમતિ સાધી હતી. મુફતી મુહમ્મદ મઝહરુલ્લાહ દહેલ્વીએ કુર્બાનીના બારામાં એક ઈસ્તિફતા (સવાલ) મોકલ્યો[૧૭] અને ઈમામ અહમદ રઝાનો જવાબ વાંચીને તે આશ્ચર્યચકિત થઈ ગયા. આ જ ફત્વાઓ જ્યારે **મુફતી મુહમ્મદ કિફાયતુલ્લાહ દેવબંદીએ** વાંચ્યા તો ઉઘાડો છોગે સ્વીકાર કર્યો કે : "**મૌલાના અહમદ રઝાખાંનો ઈલ્મ ઘણો જ વિશાળ હતો.**"[૧૮]

ઈમામ અહમદ રઝાના ફિકાહત (ફિક્હ વિદ્યા)ના કમાલ પર આપણા તથા વિરોધીઓ સૌ એકમત છે ! અને અરબ તથા અજમના ઉલમા સૌ સંમત છે. (વધુ વિગત માટે અદૌલતુલ મક્કિયા, ફાઝિલે બરેલ્વી ઉલમાએ હિજાઝકી નઝરમે.....વગેરે વાંચો) મશહૂર દાનિશ્વર **અબુલ હસન અલી નદવી (દેવબંદી)** ઈમામ અહમદ રઝાની ફિકાહત પર વિચારો પ્રદર્શિત કરતાં લખે છે :

"જો ઈમામે આ'ઝમ નોઅ્માન બિન ષાબિત અબૂ હનીફા رضی اللہ عنہ આપના ફતાવાને જોતે તો તેમની આંખો ઠંડી થાત અને તેના સંપાદક (આ'લા હઝરત)ને પોતાના ખાસ શાગિર્દોમાં સમાવી લેત."[૧૯]

### ★ ઉચ્ચ કોટીના ફકીહ તેમજ મહાન મુહદ્દિષ પણ ★

નિઃશંક ! ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ અજોડ ફકીહ હતા અને જે ફકીહ હોય છે તેના માટે જરૂરી છે કે હદીષની વિદ્યામાં કમાલ ધરાવતો હોય. મુહદ્દિષના માટે જરૂરી નથી કે તે ફકીહ હોય, અલ્બત્ત

ફકીહના માટે જરૂરી છે કે તે મુહદ્દિષ હોય. ઈમામ અહમદ રઝા ઉચ્ચ કોટીના મુહદ્દિષ હતા. ઈલ્મે હદીષ પર તેમને ઘણુ જ ભરચક જ્ઞાન હતું અને તેમનો અભ્યાસ ઘણો જ વિશાળ હતો. જેથી જ્યારે આપને પૂછવામાં આવ્યું કે, હદીષની કિતાબોમાં કઈ કઈ કિતાબો પઢી તથા પઢાવી છે ? તો આપે આ પ્રમાણે જવાબ આપ્યો :–

''મુસ્નદે ઈમામે આ'ઝમ, મોઅત્તા ઈમામ મુહમ્મદ, કિતાબુલ આષાર ઈમામ મુહમ્મદ, કિતાબુલ ખિરાજ ઈમામ અબૂ યૂસુફ, કિતાબુલ જહજ ઈમામ મુહમ્મદ, શરહે મઆનિયુલ આષાર ઈમામ તહાવી, મોઅત્તા ઈમામ માલિક, મુસ્નદે ઈમામ શાફઈ, મુસ્નદે ઈમામ મુહમ્મદ, સુનને દારમી, બુખારી વ મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ, ખસાઈસે નિસાઈ, મુલ્તકી ઈબ્ને જારૂદ, ઝૂઈલલ મુતનાહિયહ્ મિશ્કાત, જામેઅ કબીર, મુલ્તકી ઈબ્ને તયમિયહ્ બલૂગુલ મરામ, અમલુલ્ યૌમ વલ્ લયલહ્, કિતાબુત્તરગીબ, ખસાઈસે કુબરા, કિતાબુલ ફરજ બઅદશ્શદહ્, કિતાબુલ અસ્મા વલ સિફાત...... વગેરે પચાસથી અધિક હદીષની કિતાબો મારા દર્સ તથા તદરીસમાં તથા અભ્યાસ હેઠળ રહી.[૨૦]

એહલે સુન્નતના ઈમામ, ઈમામ અહમદ રઝાના અભ્યાસની વિશાળતાની શાન એ છે કે 'શરહે અકાઈદે નસફી'ના અભ્યાસ વખતે સિત્તેર શરહો સામે રહી. એક પ્રશ્નના જવાબમાં ફર્માવે છે :

''શરહે અકાઈદ મારી જોયેલી છે અને શરહે અકાઈદે નસફીના અભ્યાસ વખતે સિત્તેર શરહો તથા હાશિયાઓ મેં જોયા.''[૨૧]

ઈમામ અહમદ રઝાના અભ્યાસ તથા સંશોધનની કક્ષા પણ ખૂબ જ ઊંચી હતી. તેમણે કદી લખેલી લખાવેલી કે સુની સુનાઈ પર ભરોસો ન કર્યો બલ્કે મૂળ મતનો (અસલ લખાણો)નો ખૂદ અભ્યાસ કર્યો, અને જ્યાં સુધી જાતે પોતે સંતુષ્ઠ ન થતા ત્યાં સુધી હવાલો ન આપતા. આપના સંશોધનના પાયાનો અંદાઝો 'હિજબુલ અવાર અન્ મખ્દૂમિ બિહાર'ના અભ્યાસ પરથી થાય છે.[૨૨] જેમાં તેમણે **કિતાબના મતન (અસલ લખાણ)ની તેહકીકના સંબંધે એવા એવા મુદ્દાઓ તથા ઉસૂલો વર્ણવ્યા છે જે વર્તમાનકાળના મુહક્કિકોના વહેમ તથા ખયાલમાં પણ નથી** ! અને દુનિયાનો કોઈ મુહક્કિક (સંશોધનકર્તા) મતનના માટે એવી કાળજી નથી લેતો જેવી ઈમામ અહમદ રઝા કાળજી રાખતા હતા. ઈમામ અહમદ રઝાએ પોતાનાં સર્વ લખાણોમાં તહકીકના ઉસૂલનો સંપૂર્ણપણે ખયાલ રાખ્યો છે. તે એક સાવધાન મોહક્કિક, દૂરદેશી મુદબ્બિર (શાણા પુરૂષ) તથા ઉચ્ચ કક્ષાના મુફક્કિર (ચિંતક) હતા. આ સાવધાની તથા કાળજી છતાં એમની કૃતિ (કિતાબો)ઓની સંખ્યા હજારથી ઉપર નીકળી ગઈ છે.

### ★ હાશિયા લેખનનો પ્રારંભ વિદ્યાર્થીકાળથી જ! ★

ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ લેખન તથા સંપાદનના ક્ષેત્રે તો સૌમાં આગળ નીકળી ગયા પણ હાશિયા લેખનમાં પણ તે પોતાના સમકાલિનોમાં અતિ વિશિષ્ટ છે. તેમણે હાશિયા લેખનનો પ્રારંભ વિદ્યાર્થીકાળ (હિ.સ. ૧૨૮૬ પહેલાં)થી કર્યો જે અંતિમ શ્વાસ સુધી (હિ.સ. ૧૩૪૦) ચાલુ રહ્યું. હાશિયા લેખનની કાંઈક વિગત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ એ ઈજાઝતની સનદમાં આપી છે જે હિ.સ. ૧૩૨૪ના હરમૈન શરીફૈનના ઉલમાને આપવામાં આવી. એમાં એક જગાએ લખે છે :

''હાશિયા લેખનનો ક્રમ વિદ્યાર્થીકાળથી અત્યાર સુધી ચાલુ છે, કેમ કે એ વખતે મારો એ દસ્તૂર રહ્યો કે જ્યારે કોઈ કિતાબ પઢી તો જો તે મારી માલિકીમાં છે[૨૩] તો તેના પર હાશિયા લખી આપ્યા, જો વાંધો થઈ શકે છે તો વાંધો લખી આપ્યો, જો લખાણ ગુંચવણમય છે તો તેની ગુંચવણને દૂર કરી આપી.''

★ હનફી ઉસૂલે ફિક્હની કિતાબ મુસલ્લમુષ્ષબૂત પર

★ સહીહુલ બુખારીના નિસ્ફ અવ્વલ પર

★ સહીહ મુસ્લિમ તથા જામેઅ તિર્મિઝી પર

★ શરહે રિસાલા કુતબિયા પર

★ હાશિયા ઉમૂરે આમ્મર પર તથા

★ શમ્સે બાઝિગહ્ પર

મોટાભાગના હાશિયા એ સમયે લખ્યા જ્યારે કે તાલિબે ઈલ્મી (વિદ્યાર્થી કાળ)ના જમાનામાં મારા સબક઼ના માટે અભ્યાસ કરતો હતો. તદ્ઉપરાંત.....

★ તયસીરે શરહે જામેઅ સગીર પર

★ શરહે ચુગ્મીની તથા તસ્રીહ઼ પર

ઉક઼્લીદસના ત્રણ મક઼ાલા પર તથા અલઝીજુલ્ અજદ પર તથા અલ્લામા શામીની રદુલ મુહ્તાર પર પણ હાશિયા લખ્યા.

આ સર્વમાં પાછલી એટલે રદુલ મુહ્તારના હાશિયા સૌથી અધિક છે. મને ઉમ્મીદ છે કે જો તેને કિતાબથી અલગ કરી દેવામાં આવે તો બે જિલ્દો કરતાંય વધી જશે, જો કે એના પર મારી બીજી કિતાબો, મારા ફત્વા તથા મારા લખાણોના હવાલા આપીને નિર્દેશો પણ કર્યા છે.''[૨૪]

ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ અહીં હાશિયા રદુલ મુહ્તારનો વિશેષ રીતે ઉલ્લેખ કર્યો છે. આમ તો અત્યાર સુધી મળનારા હાશિયાઓમાં શરહે મુસલ્લમુષ્ષબૂત, ફવાતિહુર્રહમૂતનો હાશિયો પણ કાંઈ ઓછો જાડો નથી. ઈમામ અહમદ રઝાનો હાશિયો સંપાદન નહીં લેખન હોય છે જ્યારે કે અન્ય ઉલમાના હાશિયા સંપાદનના રંગમાં હોય છે. ઈમામ અહમદ રઝાના હાશિયાઓની આ ખાસ વિશિષ્ટતા છે. જેમ કે અર્ઝ કરવામાં આવ્યું કે હાશિયા રદુલ મુહતાર ઈમામ અહમદ રઝાના હાશિયાઓમાં ખાસ વિશિષ્ટતા ધરાવે છે.

### ★ આપની ઈલ્મી જલાલતના અરબ તથા અજમના ઉલમા શયદાઈ ★

**હાફિઝે કુતુબે હરમ શયખ ઈસ્માઈલ બિન ખલીલ મક્કી** એના મુન્તઝિર જોવા મળે છે. તે ઈમામ અહમદ રઝાના નામે એક પત્રમાં (તા. ૧૬ ઝીલ્ હજ્જ હિ. ૧૩૨૫) લખે છે : ''હઝરતને ખબર છે કે હું એ લખાણોનો મોહતાજ છું જે આપે હાશિયા ઈબ્ને આબિદીન પર લખ્યો છે. અલ્લાહ તઆલા આપને મુહસિનીનમાં સામેલ ફર્માવે.''[૨૫]

ઈમામ અહમદ રઝાના **અરબી હાશિયા તથા શરહો તથા કિતાબોની સંખ્યા બસોથી અધિક છે.** હરમૈન શરીફૈનના ઉલમા આપની અરબી કિતાબોના મુન્તઝિર રહેતા. જેમ કે **સૈયદ મુહમ્મદ મામૂન અલ્ અઝરન્જાની મદની** ઈમામ અહમદ રઝાના નામે એક પત્ર (મુહર્રમુલ હરામ હિ. ૧૩૨૬)માં લખે છે :

''ઉમ્મીદ છે કે આપ આપની અમુક કૃતિઓ (કિતાબો) મોકલશો.''[૨૬]

ઈમામ અહમદ રઝા رضی اللہ عنہના હાશિયા ''જદુલ મુમ્તાર અલા રદુલ્ મુહતાર''ની શાન એ છે કે વર્તમાનકાળના ફાઝિલો તથા મુહક્કિકો જોઈને આશ્ચર્યચકિત થઈ જાય છે.

**શાહ અબુલહસન ઝયદ ફારૂકી મુજદ્દિદી દહેલ્વી**એ જ્યારે હૈદ્રાબાદ દક્કનમાં પ્રથમવાર આ હાશિયાનો અભ્યાસ કર્યો તો આશ્ચર્યમાં પડી ગયા. આપે એક મુલાક઼ાત (ડિસેમ્બર–૧૯૮૩, કરાચી)માં લખનાર (પ્રો. મસઊદ અહમદ)ને ફર્માવ્યું :

''મૌલાના અહમદ રઝાખાન બરેલ્વીના રદુલ મુહતાર પર અરબી હાશિયા જદુલ મુમ્તારના અમુક પાનાંઓ જોયાં તો આશ્ચર્ય ચકિત થઈ ગયો, જ્યાં રદુલ મુહતારના લેખક એક બે કિતાબોનો ઉલ્લેખ કરે છે ત્યાં મૌલાના અહમદ રઝાખાન આઠ દસ કિતાબોના હવાલા આપી દે છે !''

રદુલ મુહતાર સૈયદ મુહમ્મદ અમીન બિન ઉમર આબિદ બિન હસની શામી (હિ.સ. ૧૧૯૮–ઈ.સ. ૧૨૫૨)નો હાશિયો છે જે તેમણે અલાઉદ્દીન મુહમ્મદ અલી બિન અલી બિન મુહમ્મદ હસ્કફી (હિ. ૧૦૨૫ વફાત)ની કિતાબ દુર્રે મુખ્તાર પર લખેલો છે. અને દુર્રે મુખ્તાર મુહમ્મદ બિન અબ્દુલ્લાહ અહમદ ગઝ્ઝી તમરતાશી (વફાત : હિ. ૯૩૯)ની કિતાબ

તન્વીરુલ અબ્સારની શરહ છે. ઈમામ અહમદ રઝાએ રદુલ મુહતારનો હાશિયો જદુલ મુમ્તાર લખ્યો જે પોતે જ પોતાનું દષ્ટાંત છે. જાહેરી રીતે તો એ હાશિયો છે પરંતુ હકીકતમાં મતન, શરહ તથા હાશિયાનું સંગમ છે તેનાથી ન કેવળ હદીષ તથા ફિકહ બલ્કે પુષ્કળ ઈલ્મો તથા વિદ્યાઓમાં ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની ઈલ્મી જલાલત (મહાનતા)નો અંદાઝો થાય છે.

### ★ ફિકહી નિપૂણતા 'જદુલ મુમ્તાર'ના આઈનામાં ★

'જદુલ મુમ્તાર'ના અભ્યાસથી માલૂમ થાય છે કે ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ એવા અંદાઝથી તેહકીક (સંશોધન) કરે છે કે વાતના મૂળ સુધી પહોંચી જાય છે અને અંધાર્યા ખૂણાઓને રોશન કરી આપે છે. ક્યારેક એક અસ્લના હેઠળ જુઝઈય્યાત એકઠા કરી આપે છે તો ક્યારેક ઉસૂલની રોશનીમાં જુઝઈય્યાતને ઈસ્તિખરાજ કરે છે જેનાથી ફિક્ર (ચિંતન) તથા દષ્ટિની વિશાળતા અને ઈસ્તિમ્બાત (મસાઈલ કાઢવા)ની શક્તિની ભાળ મળે છે : લગઝિશો તથા ખતાઓ પર પણ પકડ કરે છે પણ અદબના વર્તુળ માં રહીને ! બુઝુર્ગો સમક્ષ હમેશાં ઝુકેલા રહે છે અને એ હકીકત ખૂબ જ સારી રીતે જાણે છે કે : (શેઅર)
*બેઅદબ મેહરૂમ ગશ્ત અઝ ફઝ્લે રબ*

ગુંચવણમય ગાંઠો ખૂબ જ સરળતાપૂર્વક ખોલી આપે છે. ફિકહી સમૃધ્ધતા તથા દષ્ટિની વિશાળતાનો હાલ ન પૂછો ! એ બુલંદીઓ સુધી પહોંચ હાંસલ કરી લે છે જ્યાં ફકીહોની નજરો પણ ન પહોંચી શકે. જે હવાલાઓ દુર્રે મુખ્તારના લેખક તથા રદુલ મુહતારના લેખકની નજરથી રહી ગયા તે હવાલાઓનો વધારો કરે છે. જે મસાઈલ અલ્લામા શામીની નજરમાં સ્પષ્ટ ન હતા તેને સ્પષ્ટ કરતા જાય છે. અર્વાચીન મસાઈલમાં કિતાબ તથા સુન્નત તથા ફુકહાએ કિરામના નિશ્ચિત કરેલા ઉસૂલોની રોશનીમાં એહકામ (હુકમો)ની તારવણી કરીને મુજતહિદની જરૂરત માટે કહેનારાઓને ચેલેંજ કરે છે. **વર્તમાનકાળમાં તે જ લોકો મુજતહિદની જરૂરત પર ભાર મૂકે છે જેઓ આપણા ઈલ્મી ખજાનાઓથી બેખબર છે. એવા લોકો ઈજતેહાદની આડમાં પૂર્વજ બુઝુર્ગો (સલફે સાલિહીન)થી ભાગવાનું એક બહાનુ શોધે છે.** ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ નવા મસાઈલમાં એહકામ (હુકમો)ની તારવણી (ઈસ્તેખરાજ) કરીને દર્શાવી આપ્યું કે નવા મુજતહિદની જરૂરત નથી, અલ્બત્ત ફિકહના ઈલ્મ પર ભરપૂર દષ્ટિની જરૂરત છે.

જદુલ મુમ્તારના અભ્યાસથી ન કેવળ ઈલ્મે ફિકહ બલ્કે ઈલ્મે હદીષમાં પણ ઈમામ અહમદ રઝાના કમાલની મહારતની ભાળ મળે છે. ઈમામ અહમદ રઝા બખૂબી એ હકીકતથી વાકેફ છે કે ક્યાં અને કેવી રીતે આ હદીષથી ફાયદો ઉઠાવી શકાય છે. અલ્લામા શામીએ જ્યાં વાતને દલીલ વિના છોડી આપી ત્યાં ઈમામ અહમદ રઝાએ દલીલો વર્ણવીને કમીને પૂર્ણ કરી આપી અને કોઈ વાત બેદલીલ ન છોડી.

દલીલો તથા સાક્ષીઓની પ્રાપ્તિમાં ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ પોતાનું દષ્ટાંત પોતે જ હતા. દાનિશમંદ પ્રશ્નકર્તા જો દલીલ તલબ કરે તો તે છટકવાનો માર્ગ અપનાવતા ન હતા બલ્કે દલીલો તથા બુરહાનોની શોધ કરીને એક એક દલીલને પ્રશ્નકર્તા સમક્ષ રજૂ કરતા હતા અને પ્રશ્નકર્તાને સંતુષ્ઠ કરી આપતા હતા. બલ્કે અમુક પ્રશ્નકર્તા દલીલો તલબ ન કરતા છતાં પણ તે નવાઝતા હતા અને વણમાગ્યે અતા કરતા હતા.

ઈમામ અહમદ રઝાના કલ્બો નજરમાં એવી પાકીઝગી હતી કે જો વિવિધ કથનોમાં (અકવાલમાં) કાંઈક ઉલઝન હોય તો આપ તતબીક (વર્ગીકરણ) કરી આપતા હતા. આ વાત ઘણી જ મહારત, દિલની જાગૃક્તા તથા દષ્ટિની વિશાળતાથી હાંસલ થાય છે. એ જ પ્રમાણે વિવિધ કૌલો (કથનો)માંથી કોઈ એક કૌલને અન્ય કૌલો પર નિયમો તથા ઉસૂલોના મુજબ અગ્રતા આપવી પણ કોઈ આસાન કામ નથી, આ

વાત ઊંડા ચિંતનથી હાંસલ થાય છે ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ આ મેદાનમાં જાણે અગ્રેસર જણાય છે. તેમની સંશોધક પ્રકૃતિએ ન કેવળ મન્કૂલાત બલ્કે મઅકૂલાતમાં પણ નવા નવા ઉસૂલ તથા કાયદા બનાવીને ઈલ્મવાળાઓને આશ્ચર્યચકિત કરી આપ્યા છે. એ પોતાના યુગ કરતાં ખૂબ આગળ જોતા હતા, તે પોતાના જમાનાથી ખૂબ જ આગળ ચાલતા હતા. એમના ચિંતનની તેજી અને દષ્ટિની તેજી એક તેહકીકી લેખનો તકાઝો કરે છે. જદુલ મુમ્તારમાં ઈમામ અહમદ રઝાના ઈલ્મો તથા વિદ્યાઓની બહાર (વસંત) પણ જોવા મળે છે, અને એ રાઝ ખુલે છે કે ફિકહ કેવળ એક ઈલ્મ નથી બલ્કે એ તો પુષ્કળ પ્રમાણમાં ઈલ્મો તથા વિદ્યાઓનો સંગમ છે. ઈમામ અહમદ રઝાને વિવિધ ઈલ્મી ચર્ચાઓને વિસ્તારવાની તથા સમેટવાની પણ આશ્ચર્યમય શક્તિ હતી, અને આ વાત ત્યારે જ પેદા થઈ શકે છે કે જ્યારે વિવિધ ઈલ્મો તથા વિદ્યા કલાઓ પર સંપૂર્ણપણે કાબૂ હોય. લાંબી વાતોને સંક્ષિપ્તમાં રજૂ કરી આપવી એ ઈમામ અહમદ રઝા رضی اللہ عنہના કલામની તે વિશિષ્ટતા છે જે એમને એમના સમકાલિનોમાં અનોખા દર્શાવે છે. અમુક વખતે એમનુ **એક વરક પૂરી કિતાબ પર ભારી** હોય છે. ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની કૃતિઓ તથા હાશિયાઓ તથા શરહોનો અભ્યાસ કરનારો ડગલે ને પગલે દરિયાને કૂજામાં સમાવેલો પામશે. સારાંશ કે ઈમામ અહમદ રઝાનો હાશિયા જદુલ મુમ્તાર ઈલા રદ્દુલ મુહતાર એક ઈલ્મી અજાયબી છે અને હાશિયો લખનારની ઈલ્મી ફઝીલતની એક મહાન દલીલ છે.

## ★ અહલે હદીષનો આલિમ પ્રશંસા માટે મજબૂર ! ★

પાકિસ્તાનના એક **ગૈર મુકલ્લિદ આલિમ મોલ્વી નિઝામુદ્દીન અહમદ પૂરી**ને ઈમામ અહમદ રઝા رضی اللہ عنہનો રિસાલો 'અલ ફઝૂલુલ મવહબી' દેખાડવામાં આવ્યો તો તે ભડકી ઉઠયા અને ફર્માવ્યું : "આ સર્વ સમજબુઝની મંઝિલો મૌલાનાને હાંસલ હતી ?! અફસોસ ! હું એમના જમાનામાં રહીને બેખબર તથા બફયઝ રહ્યો. અલ્લામા શામી અને સાહિબે ફત્હુલ કદીર મૌલાનાના શાગિર્દ છે. આ તો ઈમામે આ'ઝમ ષાની જણાય છે !"[૨૭]

હિંદુસ્તાનના મશહૂર આલિમ **મૌલાના સૈયદ શાહ અવલાદે રસૂલ મુહમ્મદમિયાં મારહરવી** (હિ.સ. ૧૩૭૨)ના ખયાલોથી ઉપરોક્ત અહલે હદીષના મોલ્વીના ખયાલોનું સમર્થન થાય છે કે આપ ફર્માવે છે : "આ'લા હઝરતને હું ઈબ્ને આબિદીન શામી પર અગ્રતા આપુ છું કેમ કે જે જામેઈય્યત (સમૃધ્ધતા) આ'લા હઝરતને ત્યાં છે તે ઈબ્ને આબિદીન શામીને ત્યાં નથી.[૨૮] *(તક્દીમ, અઝ : પ્રો. મસ્ઊદ અહમદ, કિતાબ : ઈમામ અહમદ રઝાકી ફિકહી બસીરત–મુહમ્મદ અહમદ મિસ્બાહી)*

***હવાલાઓ*** *:* ***૧.*** *સૂરએ રહમાન–૩,* ***૨.*** *સૂરએ યાસીન–૪,* ***૩.*** *સૂરએ હજ્જ–૭૮,* ***૪.*** *સૂ. રહમાન–૪,* ***૫.*** *સૂ. અલક–૪,* ***૬.*** *સૂ. બકરહ–૩૧,* ***૭.*** *સૂ. બકરહ–૨૫૧,* ***૮.*** *સૂ. કહફ–૬૫,* ***૯.*** *સૂ. યૂસુફ–૨૨,* ***૧૦.*** *સૂ. અંબિયા–૭૪,* ***૧૧.*** *સૂ. નિસાઅ–૧૧૩,* ***૧૨.*** *મુહમ્મદ નઈમુદ્દીન મુરાદાબાદી, ખઝાઈનુલ ઈર્ફાન–૧૩૪,* ***૧૩.*** *મુહમ્મદ ઝફરૂદ્દીન રઝવી, જામિઉર્રઝવી, પેજ–૬૨૭, ઈ.સ. ૧૯૯૨,* ***૧૪.*** *મુફતી મુહમ્મદ બુરહાનુલ હક્ક જબલપુરી, ઈકરામે ઈમામ અહમદ રઝા, પેજ–૫૯,* ***૧૫.*** *હયાતે આ'લા હઝરત, ઝફરૂદ્દીન બિહારી, ૧/૧૫૫,* ***૧૬.*** *ઈમામ અહમદ રઝા અરબાબે ઈલ્મો દાનિશકી નઝરમેં, પેજ–૧૯૪, અઝ : યાસીન અખ્તર મિસ્બાહી,* ***૧૭.*** *હફત રોઝા હુજૂમ (નઈ દિલ્હી) ઈમામ અહમદ રઝા નંબર, ડિસેમ્બર–૧૯૮૮, પેજ–૬,* ***૧૮.*** *અગાઉ જેમ,* ***૧૯.*** *અબુલહસન અલી નદવી નુઝહતુલ ખવાતિર, ભાગ–૮/૪૧,* ***૨૦.*** *અલ ઈજાઝાતુલ મતીના,* ***૨૧.*** *ઈઝહારુલ હક્કુલ જલી : ઈમામ અહમદ રઝા, પેજ–૨૪, ૨૫,* ***૨૨.*** *આગળ જેમ, પેજ–૬૭,* ***૨૩.*** *હિજબુલ અવારિઝ અન્ મખ્દૂમે બિહાર.* ***૨૪.*** *આ શબ્દોની આપના તકવાનો અંદાઝો લાગે છે.* ***૨૫.*** *અલ ઈજાઝાતુલ મતીના, પેજ–૩૦૯,* ***૨૬.*** *અગાઉ જેમ, પેજ–૨૬૧,* ***૨૭.*** *અલમીઝાન (મુંબઈ) ઈમામ અહમદ રઝા નંબર, પેજ–૧૮૬,* ***૨૮.*** *બરિવાયતે મખ્ઝૂમી હઝરત હસનમિયાં મારહરવી (૨૮/૭/૧૯૮૨) કરાચી.*

# ઈસ્લામનો નિષ્પક્ષ અભ્યાસ કરો ! તેના થઈને રહી જશો !

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

ઈસ્લામ દીને ફિતરત છે, એક પ્રાકૃતિક ધર્મ છે, ઈસ્લામની તા'લીમાત સંપૂર્ણપણે માનવ પ્રકૃતિ અને સ્વભાવના અત્યંત અનુકૂળ છે. ઈસ્લામ જ એક એવો ધર્મ છે જેને દુનિયાના સર્જનહાર ખાલિકે કાઈનાતે પોતાનો પસંદીદા ધર્મ કહ્યો, **اِنَّ الدِّيۡنَ عِنۡدَ اللّٰهِ الۡاِسۡلَامُ** ''બેશક ! અલ્લાહને ત્યાં ઈસ્લામ જ દીન છે.'' *(સૂ. આલે ઈમરાન, આ. ૧૯ પા. ૩)* એ દીન જેની હિફાઝત પોતે અલ્લાહ તઆલા ફર્માવે છે : **اِنَّا نَحۡنُ نَزَّلۡنَا الذِّكۡرَ وَاِنَّا لَهٗ لَحٰفِظُوۡنَ** ''બેશક ! અમે ઉતાર્યું છે આ કુર્આન અને અને બેશક ! અમે પોતે એને સાચવનાર છીએ.'' *(સૂ. હિજ્ર, આ. ૯, પા. ૧૪)* ઈસ્લામ દરેક દૌર અને જમાના, દરેક કૌમ અને સમાજ તથા પ્રત્યેક વ્યક્તિને જીવનના સર્વ વિભાગો અને સંજોગોમાં અનુકૂળ એવો સ્વભાવિક મઝહબ છે. એક માત્ર ઈસ્લામ કયામત સુધી આવતા લોકોને દુનિયા તથા આખેરતમાં સફળતા અને કામયાબીની જમાનત આપે છે. ઈસ્લામમાં એ આકર્ષણબળ છે જે ઈસ્લામના દુશ્મનોને પણ ઈસ્લામી તા'લીમાત જાણવા તથા ઈસ્લામનો અભ્યાસ કરવા મજબૂર કરી દે છે.

### ઈસ્લામનો આટલો વિરોધ છતાં ફેલાતો કેમ જાય છે ?!

ઈસ્લામી ઈતિહાસને જાણનાર લોકો સમક્ષ એ હકીકત સૂર્ય પ્રકાશની જેમ જાહેર છે કે જે લોકોએ ઈસ્લામનો વિરોધ કર્યો અને ઈસ્લામને ફેલાતો અટકાવવા અથવા ઈસ્લામને મિટાવવા માટે ઈસ્લામ દુશ્મનીમાં કોઈ કસર ન કરી, એ જ લોકો જયારે ઈસ્લામથી નજીક થયા તો ઈસ્લામ સ્વીકારવા મજબૂર થઈ ગયા ! હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ અને હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ તથા અન્ય સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْن તેનું જીવંત છે.

ઈસ્લામ, પયગંબરે ઈસ્લામ ﷺ તથા કુર્આન અને ઈસ્લામી તા'લીમાત પર જૂઠા આક્ષેપો કરવા તથા મુસલમાનો પર માત્ર મુસલમાન હોવાના કારણે જુલ્મો સિતમ કરવો એ કોઈ નવી વાત નથી. ઈસ્લામના પ્રારંભમાં જ લોકોને ઈસ્લામથી રોકવા માટે મુસલમાનો પર અસહ્ય જુલ્મના પહાડ તોડવામાં આવ્યા, જેથી બીજા લોકો ઈસ્લામ તો શું ઈસ્લામ સ્વીકારવાની કલ્પનાથી પણ ધ્રુજી ઉઠે. હઝરત બિલાલ, હઝરત ખબ્બાબ, હઝરત સુમય્યા તથા અન્ય સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْن પર થયેલા જુલ્મો સિતમની હૃદયદ્રાવક દાસ્તાન ઈસ્લામ દુશ્મનોના જુલ્મ અને તેમની ઈસ્લામ દુશ્મનીની એક આછી ઝલક છે.

દરેક જમાનામાં ઈસ્લામનો ભરપૂર વિરોધ કરવામાં આવ્યો પરંતુ ઈસ્લામ પોતાની સચ્ચાઈ અને સત્યતાના કારણે દિન પ્રતિ દિન આગળ વધતો જ રહ્યો. કારણ કે ઈસ્લામ સર્વ બાતિલ ધર્મો પર સર્વોપરી થવા માટે આવ્યો છે, ઈસ્લામ સર્વોપરી અને સર્વોચ્ચ છે અને રહેશે અને ઈસ્લામના છવાયેલા રહેવાનો આ ક્રમ ચાલુ જ છે, કોઈ શક્તિ ઈસ્લામના

કારવાંને રોકી નથી શકતી. કારણ કે;

*ઈસ્લામ કી ફિત્રતમેં કુદરતને લચક દી હૈ*
*જિત્ના હી દબાઓગે ઉત્નાહી યે ઉભરેગા*

ત્યારે જ તો શરૂઆતથી લઈ અત્યાર સુધીની ઈસ્લામી દાસ્તાન ઘણી જ અદ્‌ભૂત અને આશ્ચર્યજનક છે. મક્કાની ધરતી પર ઈસ્લામનો એ પહેલો દિવસ જ્યારે હાદીએ કુલ, ખત્મે રુસૂલ ﷺએ સૌ પ્રથમ લોકોને (જાહેરમાં) ઈસ્લામની દા'વત આપી અને એક અલ્લાહની તરફ બોલાવ્યા તો એ લોકો જેઓ અત્યાર સુધી આપને સાદિક઼ તથા અમીન કહેતા હતા, તેઓ આપના જાની દુશ્મન બની ગયા અને ત્યાર પછી કાફિરો તથા મુશ્રિકો તરફથી ક઼દમ ક઼દમ પર દરેક જાતની તકલીફોનો એ ક્રમ, તબ્લીગે ઈસ્લામ માટે પયગંબરે આ'ઝ઼મ ﷺના નિઃસ્વાર્થ પ્રયાસો, મક્કાના કાફિરોના જુલ્મો સિતમ, આપ અને આપના જાંનિષારોની એ મહાન કુર્બાનીઓ, હિજરત તથા ફત્હે મક્કા અને ત્યાર પછી ઘટિત થયેલી ઘટનાઓના વિશ્લેષણથી એ હક઼ીક઼ત પરથી પર્દા ઉઠે છે કે આખરે ઈસ્લામમાં એવું તો શું છે જેના કારણે આટલી દુશ્મનાવટ, વિરોધ અને લોકોને ઈસ્લામથી દૂર કરવાના આયોજનપૂર્વકના પ્રયાસો છતાં ઈસ્લામ દિન બ દિન આગળ વધતો જઈ રહ્યો છે ?!

*ક઼ત્લે હુસૈન અસ્લમેં મર્ગે યઝીદ હૈ*
*ઈસ્લામ ઝિંદા હોતા હૈ કરબલા કે બાદ*

જાહેર છે કે એનું કારણ ઈસ્લામી તા'લીમાત અને આપ ﷺનું જીવન ચરિત્ર જ હોઈ શકે છે, અને ઈસ્લામની એ વિશિષ્ટતાઓ જે અન્ય કોઈ ધર્મમાં નથી જોવા મળતી કે ઈસ્લામ માનવ સ્વભાવ અને પ્રકૃતિના અત્યંત અનુકૂળ છે જેના કારણે લોકો ઈસ્લામ પ્રતિ સ્વભાવિક રીતે આકર્ષાય છે. એ જ કારણે તો કેવળ (એલાને નબુવ્વતથી વિસાલ સુધીનાં) ૨૩ વરસના ગાળામાં એ અઝીમ મઝહબી અને રૂહાની ઈન્ક઼િલાબ સર્જાયો અને એ મહાક્રાંતિ સર્જાઈ જેણે ઈતિહાસનો નક઼શો બદલી નાખ્યો, સદીઓથી બગડેલા ઈન્સાનોમાં એવું તો પરિવર્તન આવ્યું કે જુલ્મો સિતમ, ચોરી લૂટમાર, ક઼ત્લ, ઝિના—વ્યભિચાર..... સારાંશ કે દરેક સંસ્કારિક તથા સમાજી બુરાઈ જેમની આદત બની ગઈ હતી, જેઓ ગુનાને ગુનો ન સમજતા હતા તેઓ નેકી અને ભલાઈના ઝંડાધારી બની ગયા અને તેમનું જીવન આવતી દુનિયા માટે દીવાદાંડી બની ગયું.

*ખૂદ ન થે જો રાહ પર ઓરોં કે હાદી બન ગએ*
*અલ્લાહ ! અલ્લાહ ! ક્યા નઝર થી*
*જિસ્ને મુર્દોં કો મસીહા કર દિયા*

હક્ક઼ અને બાતિલ, નેકી અને બદી, સચ્ચાઈ અને જૂઠ વચ્ચેની લડાઈ પ્રથમ દિવસથી જ ચાલતી આવી છે. ઈસ્લામ એક મહાન સત્ય છે તેની સચ્ચાઈને છુપાવવા તથા દુનિયાને કુફ્ર તથા શિર્ક, ગુનાહ અને બુરાઈના અંધકારમાં રાખવા માટે પણ ઈસ્લામ દુશ્મનોએ દરેક રીતે પ્રયાસો કર્યા અને એમની નાપાક કોશિશો હજી ચાલુ જ છે. પરંતુ તેઓ જાણવા છતાં *''ખિસ્યાની બિલ્લી ખંભા નોચે''*ના જેમ ઈસ્લામથી લોકોને દૂર કરવા કદીક ઈસ્લામી પર્દો, ઈસ્લામે આપેલા સ્ત્રીના હક્કો઼ વગેરે જેવી ઈસ્લામી તા'લીમાત વિરુદ્ધ ઝહેર ફેલાવે છે તો કદીક કુર્આન અને પયગંબરે ઈસ્લામ ﷺની તૌહીન કરી, મુસલમાનો પર જૂઠા આક્ષેપો લગાડી લોકોને ગેર માર્ગે દોરવાના નિરર્થક પ્રયાસો કરે છે, પરંતુ એ નાદાનો શું જાણે કે :—

*નૂરે ખુદા હૈ કુફ્ર કી હરકત પે ખંદાઝન*
*ફૂકોં સે યે ચિરાગ બુઝાયા ન જાએગા*

ઈસ્લામ અને મુસલમાનોની છબી બગાડીને દુનિયા સમક્ષ રજૂ કરવાથી શું ઈસ્લામને ફેલાતો રોકી શકાશે ? હરગિઝ નહીં !

અલ્લાહ તઆલા ફર્માવે છે :—

(ભાવાર્થ) : ''કાફિરો અલ્લાહના નૂરને પોતાના મોઢાની ફૂકોંથી ઓલવવા માંગે છે અને અલ્લાહ પોતાના નૂરને સંપૂર્ણ કરશે, ભલે કાફિરોને બુરુ લાગે. અલ્લાહ એ જ છે જેણે પોતાના રસૂલને હિદાયત અને સાચા દીન સાથે મોકલ્યા કે જેથી એ દીન (ઈસ્લામ)ને સર્વ ધર્મો પર સર્વોપરી બનાવે, ભલે મુશરિકો નાપસંદ કરે.'' *(કુર્આન, સૂ. સફ્ફ, આ. ૮, ૯)*

## ઈસ્લામ પર આવેલી આફતોની એક ઝલક !

ઈસ્લામી ઈતિહાસ પર એક નજર દોડાવો ! ઈસ્લામ દુશ્મનીમાં યહૂદીઓ, ઈસાઈઓ તથા કાફિરો, મુશરિકો, "અલ્કુફ્રો મિલ્લતુન વાહિદા"ના મુજબ ઈસ્લામ અને મુસલમાનોનું અસ્તિત્વ નાબૂદ કરવા, ઈસ્લામથી લોકોને દૂર રાખવા માટે શરૂઆતથી અત્યાર સુધી ધાર્મિક, સામાજિક, વ્યાપારિક, રાજનૈતિક, સંસ્કારિક સારાંશ કે દરેક ક્ષેત્રમાં સંપૂર્ણ રીતે પ્રયાસશીલ રહ્યા, કે કઈ રીતે આગળ વધતા જતા ઈસ્લામને રોકી શકાય, જાણે કાફિરો હિદાયત અને નૂરના સૂરજ ઈસ્લામને દીવો દેખાડી રહ્યા છે, પરંતુ જેમ સૂરજની રોશની દુનિયાના ખૂણા ખૂણાને ઝળહળીત કરી દે છે એ જ રીતે ઈસ્લામે પોતાના નૂરથી સમસ્ત જગતને ઉજ્જવળ અને પ્રકાશિત કરી રહ્યો છે અને કરતો રહેશે ભલે કુફ્રનો અંધકાર દુનિયાને લપેટમાં લેવા માટે ગમે એટલા પ્રયાસો કરે, ગમે એટલી કોશિશો કરે.

ઈસ્લામના દુશ્મનો થકી ઈસ્લામને રોકવાના પ્રયાસોમાં જંગે બદ્ર, ઉહ્દ, ખંદક, અને ત્યાર પછી સ્પેન, ઉન્દુલુસ, ફિલિસ્તીન અને બગદાદ વગેરેમાં થયેલ કુફ્ર અને ઈસ્લામ વચ્ચેની જંગો તથા ઈસ્લામની જડોને ખોદવા માટે કાફિરો દ્વારા થયેલાં ષડયંત્રો અને વિશ્વસ્તરે મુસ્લિમોની જાની તથા માલી તારાજી વગેરેની ઈતિહાસનાં પાનાંઓ સાક્ષી આપે છે.

છટ્ઠી સદી હિજરીની આસપાસનો એ ભયાનક મંઝર આંખો સમક્ષ લાવો ! જ્યારે તાતારીઓએ બગદાદે મુઅલ્લાને સંપૂર્ણપણે ઉજ્જડ કરી દીધું હતું. છટ્ઠી સદીનો પ્રારંભ આલમે ઈસ્લામ માટે ઘણો જ દુઃખદ પુરવાર થયો. તાતારીઓએ થોડા સમયમાં સર્વ પશ્ચિમી દેશો પર વિજય મેળવી જે તબાહી મચાવી છે એનું વર્ણન થઈ શકે તેમ નથી. પ્રસિદ્ધ ઈતિહાસકાર ઈબ્ને તક્તક્રીનું બયાન છે કે તાતારીઓના હાથે બગદાદમાં થયેલ ક્ત્લેઆમ અને જંગલિયતભરી લૂટમારનું સંક્ષિપ્ત વર્ણન સાંભળી લેવું પણ મોટી વાત છે, વિગતવાર સાંભળવાની હિમ્મત કોણ કરી શકે છે ! આ શહેર પર જે ગુજરી તે ગુજરી ગઈ એની વિગત વર્ણવામાં નહીં આવે, માત્ર અનુમાન કરો, એ (બગદાદ)ની તબાહીનું વર્ણન ન પૂછો." *(અલ્ફખ્રી, પેજ–૪૦)* તાતારીઓએ લૂટમાર કરી બગદાદને તારાજ કરી દીધું. અબ્બાસી કુતુબખાનાની હજારો કિતાબોનો ખજાનો દજ્લા નદીમાં નાખી દેવામાં આવ્યો. એક કથન મુજબ **૧૬ લાખ** મુસલમાનોને ક્ત્લ કરી દેવામાં આવ્યા. *(ઈબ્ને ખુલ્દૂન)*

બુખારાની જામે મસ્જિદ જોઈ ચંગેઝખાને પૂછયું, શું આ શાહી મહેલ છે ? કહેવામાં આવ્યું, "ના ! અલ્લાહનું ઘર છે." તેણે ત્યાં ઘોડાઓને દાણા પાણી આપવાનો આદેશ કર્યો. બુખારા શહેરમાં જેટલોય ઘાસચારો હતો ભેગો કરવામાં આવ્યો. તાતારીઓએ મસ્જિદમાં કુર્આન મૂકવાની સંદૂકો તોડીને કુર્આન ફેંકી તેમાં પોતાના જાનવરોને ચારો આપ્યો અને આખા શહેરને આગ લગાડી દેવામાં આવી. *(ઈબ્ને અષીર)*

## ઈસ્લામ કી ફિત્રતમેં કુદરતને લચક દી હૈ !

બગદાદ અને બુખારાની તબાહી તો એક ઝલક છે આજે પણ તાતારી વિચારશૈલી ઈસ્લામ અને મુસલમાનોને તબાહ કરવાના પ્રયાસો કરી રહી છે પરંતુ એ છતાં ઈસ્લામનો કારવાં આગળ વધતો જઈ રહ્યો છે, એનું કારણ શું છે ?!

કારણ કે.........તાતારીઓ જેવી જંગલી કૌમનો સરદાર પણ જ્યારે મુસલમાનોની આવી તબાહી મચાવીને પાછો ફરે છે તો એને પણ એ હકીકત સમજાય છે કે ઈસ્લામ કોઈ સામાન્ય ધર્મ નથી. ઈસ્લામનું એ જ આકર્ષણ તેને ઈસ્લામ વિશે જાણવા મજબૂર કરી દે છે અને ચંગેઝખાન ઈસ્લામના બે જાણકારોને બોલાવી ઈસ્લામ વિશે અમુક પ્રશ્નો કરે છે. એમણે તૌહીદ (અલ્લાહનું એક હોવું) અને રિસાલતનો અકીદો તેના સમક્ષ રજૂ કર્યો. ચંગેઝે કહ્યું, આ બંને અકીદા સ્વીકાર પાત્ર છે. પછી પાંચ સમયની નમાઝો અને એક માસના રોઝા વિશે કહ્યું, તો ચંગેઝે એને પણ સ્વીકાર્યુ અને કહ્યું કે નિશ્ચિત સમયે ઈબાદત

કરવી એ ઘણુ જ યોગ્ય છે, તેમ જ વરસમાં એક માસના રોઝા રાખવાની વાત પણ ઉચિત છે. પરંતુ જયારે જીવનમાં એકવાર હજજનું વર્ણન થયું તો એણે કહ્યું કે આને હું જરૂરી નથી સમજતો !

માટે ભલે ચંગેઝ મુસલમાન ન થયો પરંતુ એની ઔલાદમાંથી એક પુત્ર બર્કાખાને શૈખ શમ્સુદીન બાખૂરીના હાથે ઈસ્લામ સ્વીકારી લીધો અને હિ.સ. ૬૯૩માં કાઝાન બિન અરગૂન બિન અલ્ગા બિન હલાકૂ શાહે તાતાર મુસલમાન થઈ ગયો.

ઈસ્લામ અને મુસલમાનો પ્રતિ સખત નફરત અને દુશ્મનાવટ ધરાવતા લોકો પોતે કઈ રીતે ઈસ્લામથી નજીક થાય છે એ જાણવા ઈસ્લામી ઈતિહાસનો અભ્યાસ કરશો.

આ તો રહી સદીઓ પૂરાણી વાત જયારે ઈસ્લામ પોતાની સચ્ચાઈનું સબૂત દુનિયાથી સ્વીકૃત કરાવી રહ્યો હતો અને ત્યારે ઈસ્લામનો વિસ્તાર આટલો બહોળો ન હતો. પરંતુ આજે જયારે વિશ્વનો કોઈ દેશ, કોઈ પ્રાંત એવો નથી જયાં ઈસ્લામની રોશની ન પહોંચી હોય, જેમ જેમ ઈસ્લામનો વિસ્તાર વધતો ગયો ઈસ્લામને રોકવા અને ઈસ્લામથી લોકોને દૂર કરવાનાં ષડયંત્રો અને ઈસ્લામનો વિરોધ પણ વધતો ગયો, જેના દાખલા સવાર સાંજ સમાચાર માધ્યમો દ્વારા જોવા સાંભળવામાં આવે છે. એ જ પ્રકારની અત્રે બે ઘટનાઓ હાલમાં પ્રકાશમાં આવી છે.

**ઈસ્લામનો વિરોધી ઈસ્લામનો દીવાનો બન્યો !**

સ્વિસ પીપલ્ઝ પાર્ટીના સદસ્ય અને સ્વિઝરલેન્ડના ખ્યાતનામ રાજનીતિજ્ઞ ડેનિયલ સ્ટ્રેચ એ પહેલી વ્યક્તિ છે જેણે સ્વિઝરલેન્ડમાં મસ્જિદો ઉપર મીનારા બનાવવા પર પ્રતિબંધ મૂકવાની ચળવળ છેડી. એ વ્યક્તિ જેણે મસ્જિદોના મીનારાઓ જેવી ઈસ્લામી નિશાનીઓના વિરોધમાં આયોજનપૂર્વક ચળવળ ચલાવીને એ પ્રતિ લોકમત મેળવવા તથા પ્રજાજનોને ઉશ્કેરીને રેફરેન્ડમ જેવી સ્થિતિ ઉભી કરી દીધી હતી. અલ્લાહની શાન જુઓ ! કે અલ્લાહ તઆલાએ તેના દિલને ઈમાનના નૂરથી ભરી દીધું જેનાથી એની આંખો પર પડેલા પર્દા હટી ગયા. પોતાની ચળવળ ના હકમાં દલીલો અને પુરાવા એકત્ર કરવા માટે તેણે ઈસ્લામનું અધ્યયન કર્યું અને ઈસ્લામના એ જ અધ્યયન તથા અભ્યાસે એના દિલની બંધ ખિડકીઓ ઉઘાડી દીધી અને ડેનિયલ સ્ટ્રેચે ઈસ્લામની સચ્ચાઈ અને સત્યને સ્વીકારી ઈસ્લામ કૂબૂલ કરી લીધો. ડેનિયલ સ્ટ્રેચની આ ચળવળમાં ઘણા અધિકારીઓ તથા સામાન્ય લોકો શામેલ હતા પરંતુ અંતિમ સમયમાં ડેનિયલ સ્ટ્રેચનો ઈસ્લામ સ્વીકાર એ લોકો માટે એક થપ્પડ જેમ પુરવાર થયો. મીનારાઓ પર પ્રતિબંધની ચળવળ છેવટે ન કેવળ તેના ઈસ્લામ સ્વીકારમાં પરિવર્તિત થઈ બલ્કે તેને પોતાના આ કાર્ય પર શર્મિંદગી પણ થઈ, એટલે સુધી કે તેણે યૂરોપની એક ખૂબસૂરત અને આલીશાન મસ્જિદ બનાવવાનું એલાન પણ કરી દીધું. હમણા સ્વિઝરલેન્ડમાં ચાર મોટી મસ્જિદો છે, હવે ડેનિયલ સ્ટ્રેચ પાંચમી મોટી મસ્જિદ બનાવવા ઈચ્છે છે.

વિચારવા જેવું છે કે જે વ્યક્તિ ઈસ્લામની નિશાની અનુરૂપ મસ્જિદોના મીનારાના બાંધકામ પર પ્રતિબંધ લાદવા માટે ચળવળ ચલાવે છે અને તેની એ ચળવળને સરકારી કાયદા હેઠળ કાનૂની મંજૂરી પણ મળી જાય છે, પરંતુ સદીઓથી જે દ્રષ્ટાંત જોવા મળતુ રહ્યું કે ઈસ્લામના સખત વિરોધી અને કટ્ટર દુશ્મનો ઈસ્લામની તા'લીમાત જોઈ ઈસ્લામ સ્વીકારે છે અને એ જ ઈસ્લામ પર પોતાનું સ્વર્સ્વ ન્યોચ્છાવર કરવાનો સંકલ્પ કરે છે અને અંતિમ શ્વાસ સુધી ઈસ્લામના વિકાસ, વિસ્તાર અને ફેલાવામાં બહોળો ફાળો આપે છે, એવું જ કાંઈક ડેનિયલ સ્ટ્રેચ સાથે પણ બન્યું કે તેના પ્રયાસોથી એની ચળવળને કાનૂની અનુમતિ તો મળી ગઈ પરંતુ હવે ડેનિયલ સ્ટ્રેચ જેણે મસ્જિદો ઉપર મીનારાના બાંધકામ પર પ્રતિબંધની ચળવળ ચલાવી તે પોતે જ યૂરોપની એક મોટી આલીશાન મસ્જિદ બનાવવાની જાહેરાત કરે છે અને સાથે જ એક બીજી ચળવળ મીનારાઓના બાંધકામ

પરથી પ્રતિબંધ હટાવવા માટે પણ ચલાવશે જેમાં ધાર્મિક છૂટછાટ અને મીનારા વગેરેના બાંધકામ પરથી પ્રતિબંધ હટાવવાના પ્રયત્નો કરશે.

આ ઈસ્લામની એક ચમત્કારિક ખૂબી છે કે જ્યારે ઈસ્લામના દુશ્મન ઈસ્લામ સ્વીકારી લે છે તો તેના જાનિષાર સિપાહી બની જાય છે. એક સમયના ઈસ્લામના એ સખત દુશ્મને ઈસ્લામ કુબૂલ કરી લીધા પછી પોતાને ઈસ્લામનો સિપાહી કહી ઈસ્લામ માટે પોતાનું જીવન વક્ફ કરી દેવાનો સંકલ્પ કરી લીધો છે.

**સ્ત્રીઓમાં ઈસ્લામનું આકર્ષણ શાથી ?!**

જ્યાં એક બાજુ બેલ્જીયમ અને ફ્રાન્સ જેવા દેશોની સરકાર ઈસ્લામી પહેરવેશ તથા ઈસ્લામી બુરખા પર પ્રતિબંધ મૂકી મુસલમાનોની ઈસ્લામી ઓળખાણને મિટાવવાની કોશિશો કરી એવા ગુમાનમાં છે કે આ રીતે તેઓ વિશ્વમાં ઝડપથી ઈસ્લામની ગતિને રોકી શકશે, બીજી બાજુ બ્રિટન તથા અમેરિકા જેવા કટ્ટર ઈસ્લામ વિરોધી દેશો અને બીજા યૂરોપના દેશોમાં ઈસ્લામ સ્વીકારનું પ્રમાણ અધિકથી અધિકતમ થતુ જાય છે !

એક ન્યુઝ એજન્સી અનુસાર બ્રિટનમાં ખાસ કરીને સ્ત્રીઓમાં ઈસ્લામ સ્વીકારના પ્રમાણમાં ઘણો વધારો થયો છે. ઈ.સ. ૨૦૦૧માં થયેલી વસ્તી ગણત્રીના આધારે બ્રિટનમાં ઈસ્લામ કુબૂલ કરનાર સ્ત્રીઓની સંખ્યા ૩૦ હજારથી અધિક થઈ ગઈ હતી અને હવે એ સંખ્યા ૫૦ હજારથી પણ અધિક થઈ ગઈ છે. સૂત્રોનું કહેવું છે કે હાલમાં બ્રિટનના ચર્ચોમાં થતી અઠવાડિક ધાર્મિક સભામાં આવનારી સ્ત્રીઓની સંખ્યા ઘટીને ૨ ટકા જેટલી રહી ગઈ છે.

હાલમાં જ ઈસ્લામ કુબૂલ કરવાવાળી પાંચ બ્રિટન સ્ત્રીઓમાંથી અકીલા નામની એક નવમુસ્લિમ ખાતૂનનું કહેવું છે કે ઈસ્લામના દામને કરમમાં આવ્યા પહેલાં મને લાગતું હતું કે આ ધર્મ એક જૂનવાણી ખ્યાલ સિવાય કશું જ નથી, પરંતુ હવે મને લાગે છે કે **જીવન એક જ વાર મળે છે એને પદ્ધતિસર કોઈ લક્ષ્ય સાથે જીવવું જોઈએ.**

નવમુસ્લિમ ખાતૂન કેથરિન હેસિલ્ટનનું વર્ણન છે કે શરૂઆતમાં કુર્આને મારી સોચ સમજને પ્રભાવિત કરી, તે પછી મારા અને કુર્આનના દરમિયાન એક રૂહાની અને જઝ્બાતી રિશ્તો કાયમ થઈ ગયો. એ પઢી મને આશ્ચર્ય થયું કે ૧૫૦૦ વરસ પહેલાં કુર્આને સ્ત્રીઓને કેટલા મહત્વના હક્કો આપ્યા છે !

સકીના ડગ્લસ નામની એક બ્રિટન ખાતૂન કહે છે, મેં કુર્આનનો અભ્યાસ કરી લીધા પછી જયારે પર્દો કરવાનું શરૂ કર્યું તો મને અનહદ ખુશી થઈ મને પહેલીવાર એમ લાગ્યું કે, **"હું મર્દોની વાસનામય નિગાહો સામે સજેલું દસ્તરખ્વાન નથી ! એક બાઈઝ્ઝત ખાતૂન છું."**

અન્ય એક બ્રિટનની ખાતૂન કેથ્રરિન હન્ટ્લેનું કહેવું છે કે મને બચપણથી જ અધ્યાત્મિકતા (રૂહાનિયત) પસંદ હતી, શરાબ મને ન ગમતી અને હું છોકરાઓથી પણ દૂર રહેતી, એટલે મારા ઘરવાળા મને પાગલ સમજતા. જ્યારે મેં કોલેજના પહેલા વરસે ઈસ્લામને પઢવાનું શરૂ કર્યું તો મારા દિલને ઠંડક જેવી મળવા લાગી, હું લંચના સમયે ઈન્ટરનેટ પર ઈસ્લામ વિશે પઢતી આ રીતે મને સીધો માર્ગ (ઈસ્લામ) મળી ગયો.

કાશ ! કે મુસલમાન સર્વ પુરૂષો તથા સ્ત્રીઓ સાચોસાચ જ ઈસ્લામના નિયમો પર ચાલે તો દુનિયા ખરેખર ઈસ્લામ સ્વીકારવા મજબૂર થઈ જાય ! **હે કલ્મો પઢનારા મુસલમાનો ! તમારા ગૈર ઈસ્લામી અમલો અને ઈસ્લામી કાનૂનોથી વિરૂધ્ધ વર્તાવ અને તમારી ઔરતોની બેપર્દગીવાળી બેહયા જિંદગી, તમારા યુવાનોનું ઈસ્લામી સંસ્કાર વિરૂધ્ધ વર્તન ઈસ્લામની ખોટી છાપ ઉભી કરી ઈસ્લામથી જગતને દૂર રાખી રહ્યું છે !** તો શું હજી પણ તમો ઈસ્લામિક જીવન પધ્ધતિથી દૂર જ ભાગશો ?! તો વિચારો ! આટલો મહાન જુર્મ કરી રબની બારગાહમાં શું જવાબ આપશો ?!

# આતંકવાદ વિશેની તા'લીમ
# ઈસ્લામ સ્વીકારવાનો સબબ બની !

**મગ્‌રિબ કી વાદીયોં મેં ગૂંજી અઝાં હમારી-થમતા ન થા કિસી સે સૈલે રવાં હમારા**
**તૌહીદ કી અમાનત સીનોંમેં હૈ હમારે-આસાં નહીં મિટાના નામો નિશાં હમારા**
—*(ડૉ. ઈકબાલ)*

ઈસ્લામ અલ્લાહનો પ્રિય ધર્મ છે જેના સ્થાપક સર્વ કાઈનાત માટે રહ્‌મત બનાવીને મોકલવામાં આવેલ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ છે જેમની બુનિયાદી તા'લીમ અમનો શાંતિ, મહેરબાની, દિયાનત, દયા તથા સચ્ચાઈ છે. જેમ કે નબુવ્વત જાહેર કરતાં પહેલાં જ આપ ﷺને સાદિક્ (સત્યવાદી) તથા અમીન (અમાનતદાર, દયાનતદાર)ના નામોથી જાણવામાં આવતા હતા. જેમની સિફત તથા ખૂબી જે કુર્આનમાં સ્પષ્ટ વર્ણન કરવામાં આવી છે તે وَمَا اَرْسَلْنَاكَ اِلَّا رَحْمَةً لِّلْعَالَمِيْنَ (અને અમે તમને નથી મોકલ્યા પણ રહમત સર્વ જહાનના માટે) છે. તો પછી શું જે સર્વ કાઈનાત માટે રહ્‌મત તથા મહેરબાનીની તસ્વીર બનીને આવ્યા તે હિંસાનો તથા અત્યાચાર તેમજ આતંકવાદના ધર્મની સ્થાપ્ના કરી શકે છે ? અને જે પાલનહારે હકીકી જેની સિફત કહ્‌હાર તથા જબ્બાર પણ છે પરંતુ તેના ઉપર રહમાન તથા રહીમની સિફત વધુ પ્રભાવી છે. તો તે અતિ મહેરબાન ખુદા આવા આતંકવાદી ધર્મ તેમજ હિંસાવાદી ધર્મને પ્રિય રાખી શકે ? કદાપી નહીં ! બલ્કે તેના વિશે આવો વિચાર પણ અશક્ય છે.

આજે દુનિયામાં સૌથી ઝડપી વેગે ફેલનારો ધર્મ માત્ર ઈસ્લામ છે અને તેનું પણ મૂળ કારણ તેની સચ્ચાઈ તથા સદાકત છે. અમનો શાંતિ તથા અહિંસાની તા'લીમ છે, ન કે આજના મુસલમાનોના જાતી પ્રયાસો તથા તેમના કિરદારો તથા સંસ્કારો. ઈલ્લા માશાઅલ્લાહ ! ઈસ્લામ પોતાની તા'લીમાત તથા પ્રાકૃતિક સુંદરતાના કારણે જ આજે વિશ્વવ્યાપી મઝહબ છે. આતંકવાદનો પ્રચારક, હિંસાનો ધર્મ કહીને તેની પ્રાકૃતિક સુંદરતાને આજે બદ્‌સૂરત બનાવવા માટે તેના સૌથી કટ્ટર દુશ્મનો યહૂદીઓ તથા ઈસાઈઓ એડી ચોટીનું જોર લગાડી રહ્યા છે તથા તેને એક ખૂંખાર ધર્મ સાબિત કરવાની મૂર્ખાઈ કરી રહ્યા છે. તેમને ખબર નથી કે તેમનો આ વિરોધ તથા લડાઈ કોઈ માનવરચિત ધર્મ સાથે નથી બલ્કે ખુદાએ વાહિદના દસ્તે કુદરત દ્વારા રચવામાં આવેલ તથા તેની બારગાહમાં પ્રિયતા ધરાવતા મઝહબ સાથે છે જે નિશ્ચિત રીતે એક નાદાની ભર્યું કાર્ય છે.

આ એક હકીકત છે જેનો ઈન્કાર ન કરી શકાય કે આજે જેમ જેમ તેના વિરુદ્ધ પ્રોપેગન્ડા વધી રહ્યા છે, તેના પ્રાકૃતિક રૂપને કદરૂપુ બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે, તેની ખુદાઈ તા'લીમાતને હિંસાની તા'લીમ, આતંકવાદની તા'લીમ જેવા ગૈરઉચિત શબ્દોથી પોકારવામાં આવે છે, તેમ તેમ તેનું રૂપ નિખરતું જાય છે, તેની તા'લીમાતી ખૂબીઓ અધિકથી અધિક પ્રમાણમાં જગતમાં પ્રસરી રહી છે. *જાદૂ વો હૈ જો સર ચળ્હકે બોલે*

આવો અને વાંચો એક એવી જ દાસ્તાન જેમાં એક કૈથોલિક ઈસાઈ યુવતીએ આતંકવાદની તા'લીમના કારણે જ ઈસ્લામ સ્વીકાર્યો. તે ઈસાઈ યુવતી પોતે જ પોતાની કથા લખે છે તે વાંચો અને પોતાનું ઈમાન તાજુ કરો.

ઈસ્લામ સાથે મારી દુશ્મની એટલા માટે હતી કે ઈસ્લામમાં ચોરનો હાથ કાપી નાખવામાં આવે છે, ઝિના કરનાર (વ્યભિચારી)ને અડધો જમીનમાં દાટીને તેના ઉપર પથ્થરોની વર્ષા કરવામાં આવે છે, અથવા તો તેના ઉપર કોરડા વરસાવવામાં આવે છે. માફી તથા ક્ષમાનો કોઈ માર્ગ તેમાં નથી આપવામાં આવતો. ઈસ્લામી સજાઓનો વિચાર કરી હું ધ્રુજી જતી હતી. ઈસા મસીહ તથા મા મરયમનો શુક્ર અદા કરતી હતી કે તેમણે ખુદાથી સિફારિશ (ભલામણ) કરીને મને ઈસાઈ ધર્મમાં જન્મ અપાવ્યો.

રજૂકર્તા : **મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી** (સદરુલ મુદર્રિસીન દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)

જો હું મુસલમાન ઘરમાં જન્મ પામત તો એક હિંસક પ્રાણીની જેમ હોત. કાળો બુરખો પહેરી બોમ્બ ધમાકા કરતી હોત ! અથવા આત્મઘાતી બની પોતાનું અસ્તિત્વ ગુમાવી ચૂકી હોત. આવી માનસિક્તા તથા વિચારો પાદરીઓએ મારા દિમાગમાં ભરી દીધા હતા. જ્યારે હું ઘરે પરત થતી તો મારી મા સમક્ષ મુસલમાનોની ઐબો તથા તેમની બુરાઈઓ બયાન કરતી તથા સલીબ (ક્રોસ)ની સમક્ષ હાથ બાંધીને ઊભી થઈ મસીહના આગળ ઝુકી જતી. મારા દિલમાં એ વિશ્વાસ તથા શ્રદ્ધા પેદા થઈ રહી હતી કે ઈસાઈ કૌમ તથા ઈસાઈ ધર્મ દુનિયામાં સૌથી શ્રેષ્ઠ ધર્મ છે. અને ઈસ્લામ તથા મુસલમાનો સૌથી વધુ નફરત તથા ધૃણાપાત્ર છે એટલા માટે તેમનાથી જેટલા દૂર રહીએ એટલા જ સારા ! પરંતુ મને ક્યાં ખબર હતી કે મારા જીવનમાં એક દિવસ એવો પણ આવશે જ્યારે હું ઈસ્લામ સ્વીકારી લઈશ અને એક મુસલમાન મારા જીવનમાં આવીને મારા વિચારો તથા અંધ શ્રદ્ધાઓને બદલી નાખશે, ઈસ્લામ મારા દિલના અંધકારને દૂર કરી આપશે, અને મુસલમાન દુનિયાની સૌથી વધુ શિસ્તબદ્ધ તથા સાંસ્કૃતિક કૌમ મને દેખાવા લાગશે.

મારી જીવન કથા આ પ્રમાણે છે કે મારો જન્મ ઈંગ્લેન્ડના પ્રચલિત ચર્ચથી સંબંધિત એક ઈસાઈ વસ્તીમાં થયો. મારા માતા પિતા દઢ આસ્થા તથા મજબૂત અકીદો ધરાવનારા કથોલિક ઈસાઈ હતા. તે જ વિસ્તારની એક સ્કૂલમાં મને દાખલ કરવામાં આવી. સ્કૂલમાં એક વિશેષ પ્રકારના કોર્સની તા'લીમ આપવામાં આવતી હતી. આ કોર્સ મુજબ મુસલમાનો પ્રત્યે નફરત તથા ધિક્કારના પાઠો ભણાવવામાં આવતા હતા, જેમાં બાળકોને વારંવાર એ વાતોની અનુભૂતિ કરવવામાં આવતી હતી કે તેઓ ખુદાવંદ ઈસા મસીહ તથા પવિત્ર મા મરયમનો આભાર માને કે આપણને ઈસાઈ ઘરમાં પેદા કરવામાં આવ્યાં છે. જો કોઈ મુસ્લિમ ઘરમાં જન્મ આપવામાં આવ્યો હોત તો આપણે આતંકવાદી બની જાત ! અથવા તો પછી આત્મઘાતી બોમ્બર બની હુમ્લા કરતા હોત અને દુનિયામાં તબાહી મચાવતા હોત. રાત દિવસ આવી વાતો સાંભળી સાંભળીને મારા અંતરમાં શોધખોળ તથા તેહકીકનું મૂળ પ્રકટવા લાગ્યું. અને શોધખોળ અંગેની આ આતુરતા દિવસે દિવસે તેજ થવા લાગી. મારા મનમાં થવા લાગ્યું કે લાવ મુસલમાનો નજીક જઈને કમસે કમ તેમને જોઈ તો લઉં કે તેઓ કેવા પ્રકારના હોય છે ? તથા તેમની વસ્તીમાં શું શું થાય છે ? હું મારા આ પ્રકારના વિચાર તથા ખયાલો બીજાઓ સમક્ષ કરતી તો તેઓ મને સાવધાન કરી દેતા કે હું મુસલમાનોની નજીક જઈને તેમની સંસ્કૃતિને નિહારવાનો વિચાર બિલકુલ છોડી આપું ! જો હું મુસલમાનોની વસ્તીમાં ગઈ તો મારું અપહરણ કરી લેવામાં આવશે અને હું જીવતી પાછી નહીં આવી શકું. આમ છતાં હું સ્વયંને પોતાની ઈચ્છાથી રોકી ન શકી. કુદરતે મને મારી ઈચ્છા પૂરી કરવાનો એક મોકો આપી દીધો. લેબ્નાનમાં મારા પિતાના એક દોસ્ત રહેતા હતા. તેમનુ મૃત્યુ થઈ ગયું. તા'ઝીયત તથા બેસણા માટે પોતાના ઘરવાળાઓ સાથે મારે પણ લેબ્નાન જવા માટે તૈયાર થવું પડયું. મને ખબર હતી કે લેબ્નાનમાં મુસલમાનો વસે છે જેથી ડર તથા બીક લાગવા માંડી કે ન જાણે મુસલમાનો ત્યાં પહોંચ્યા પછી અમારી સાથે શું વર્તાવ કરશે ? કુદરતે મને સુંદર શકલો સૂરત આપી હતી, એટલા માટે મને ભય હતો કે હું ઉઠાવી લેવામાં ન આવું, મારું અપહરણ કરી લેવામાં ન આવે, કેમ કે આ પ્રકારની વાતો સાંભળવામાં આવતી રહેતી હતી કે લેબ્નાન જનારી ઈસાઈ સ્ત્રીઓ તથા બાળકીઓ ગાયબ થઈ જાય છે. તેમના ગાયબ થઈ જવા પર એ જ સમજવામાં આવતું હતું કે તેમનું અપહરણ કરી લેવામાં આવ્યું છે. એકવાર તો મેં નિશ્ચય કર્યો કે હું લેબ્નાન જવાનો ઈરાદો તથા સફર કેન્સલ કરી નાખું. પરંતુ મારા ઘરવાળાઓએ ફોર્સ કર્યો અને મને યકીન અપાવ્યું કે તેઓ મારી સંપૂર્ણ રક્ષા કરશે અને હું સલામતીની સાથે પરત આવી જઈશ.

લેબ્નાન એરપોર્ટ ઉપર ઉતરતાની સાથે જ મારી સમક્ષ એક એવી દુનિયા હતી જે મારા વિચારોથી ઘણી દૂર તથા બિલકુલ વિરુદ્ધ હતી. મારી માન્યતા એવી હતી કે એરપોર્ટથી બહાર નીકળતાંની સાથે ભયાનક ચેહરા તથા કડવા હાવભાવ ધરાવતા લોકો સામે આવશે, બની શકે કે તે આતંકવાદી હોય. પરંતુ મારા આશ્ચર્યની સીમા ન હતી જ્યારે મેં પોતાની સામે અરબી લિબાસ ધારણ કરેલ લોકોને નિહાળ્યા તો તેમાં પુરૂષો પણ હતા તથા સ્ત્રીઓ પણ. તેમના ચેહરાઓ ઉપર મુસ્કુરાહટ (સ્મિત) વિખેરાયેલી હતી. જ્યારે તેઓને જાણ થઈ કે વિદેશી મહેમાન અમે જ

છીએ, તો બધાએ જ હાથ હલાવી અમારું સ્વાગત કર્યું. કેટલીક યુવાન છોકરીઓ મારી પાસે આવી ગઈ અને તેણીઓએ પોતપોતાનાં નામો બતાવ્યાં તેમજ પરિચય કરાવ્યો અને મારાથી પરિચય પ્રાપ્ત કર્યો. બધી જ છોકરીઓ મુસલમાન હતી. તેમના લિબાસ તથા પહેરવેશ ઉપરથી કોઈપણ રીતે લાગતુ ન હતું કે તેઓ અસંસ્કૃત તથા આતંકવાદી છે. લેબ્નાનની રાજધાનીમાં પ્રવેશ થયા પછી મેં ચારે તરફ ધ્યાનથી જોયું કે ક્યાંક કોઈ હરતો ફરતો આતંકવાદી દેખાઈ જાય, પરંતુ ક્યાંય પણ મને કોઈ ચેહરો એવો ન દેખાયો જે ભયાનક હોય. ઘરે પહોંચીને મેં મારા મેઝબાનોથી જાણ મેળવી કે મુસલમાન આતંકવાદી આખરે ક્યાં રહે છે ? અને આતંકવાદની વારદાતો તથા ષડયંત્રો તેઓ ક્યાં અંજામ આપે છે ? તો મારા મેઝબાનો (અતિથિઓ) તથા લેબ્નાનના બીજા ખાનદાનના ઉપસ્થિત લોકો મારી તરફ આશ્ચર્યથી જોવા લાગ્યા અને હસવા લાગ્યા, મને એમ લાગ્યું કે તેઓ મને પાગલ તથા અસ્થિર સમજે છે અને મારો આ સવાલ મૂર્ખામી તથા બેવકૂફીભર્યો છે. જ્યારે મેં અમારા મેઝબાનો (અતિથિઓ)ને જણાવ્યું કે ચર્ચમાં અમને મુસલમાનોનો જે પરિચય કરાવવામાં આવ્યો છે તેના આધારે હું એમ માનતી હતી કે મુસલમાનો ઈસાઈઓ સાથે અત્યંત બેરહમીભર્યો વર્તાવ કરતા હોય છે અને ખાસ કરીને ઈસાઈ યુવતીઓને અપહરણ કરી લે છે. તો મારા મેઝબાનોએ મને સમજાવી કે હક઼ીકતમાં સ્થિતિ બિલકુલ તેના વિરુદ્ધ છે. પશ્ચિમી દેશોમાં (યૂરોપમાં) ચર્ચની દેખભાળ કરનારા પાદરીઓ મુસલમાનો વિશે અતિ ઝેરયુક્ત વાતો ફેલાવે છે તથા તેમનો ખોટો પરિચય કરાવે છે. લેબ્નાનમાં મને એવા ઈસ્લામી સાંસ્કૃતિક સેન્ટરો, દીની ઈદારાઓ, મદરસાઓ તથા આલિશાન મસ્જિદોમાં લઈ જવામાં આવી જ્યાં પહોંચીને મેં મુસલમાનોનો સાચો પરિચય મેળવ્યો. જીવનમાં પહેલીવાર એ અનુભૂતિ થઈ કે ઈસાઈ મિશિનરીઓ પાસે મનઘડત તથા જૂઠા પ્રોપેગન્ડા સિવાય કશું જ નથી. મુસલમાન સર્વશ્રેષ્ઠ સન્માન તથા સંસ્કૃતિ ધરાવનારી તે ક઼ૌમ છે જેનાથી ઈસાઈ ક઼ૌમ પોતાની સુધારણા તથા ઈસ્લાહ અંગે ઘણુ બધુ શીખી શકે છે. સામાજિક જીવનમાં દયાનતદારી તથા પ્રમાણિક્તાના એવા પુરાવાઓ મેં મુસલમાનોમાં તથા ઈસ્લામી તા'લીમમાં જોયા કે જેમનો અસર તથા પ્રતિસાદ સરળ રીતે મારા અંતરે સ્વીકાર્યો. મેં તમન્ના કરી હતી કે કાશ ! હું મુસલમાન હોત ! અને તે દરમિયાન લેબ્નાન યુનિવર્સિટીમાં એક રિસર્ચ સ્કોલર સાથે મારો પરિચય થયો. તેના ઉચ્ચ સંસ્કારોએ તથા ઈલ્મી લિયાક઼તે મને તેની દીવાની બનાવી આપી. મુહમ્મદ અલ મુસ્તફવી નામના આ નવજવાને મને ઈસ્લામનો પરિચય આપ્યો. ત્યારે મારા મસ્તિકમાં આ હક઼ીક઼ત પ્રકાશિત થઈ કે ઈસ્લામ વિશ્વનો એકલો એવો ધર્મ છે જે અમન શાંતિનો પ્રચારક છે અને આતંકવાદની વાર્તાઓ તથા તે અંગે ષડયંત્રો રચનારા તે જ લોકો છે જેમણે મને મુસલમાનોથી ભયભીત રાખવા તથા તેમને આતંકવાદી સમજવાના પાઠ ભણાવ્યા હતા. જે કાંઈ પણ મેં ચર્ચમાં જોયું હતું, હવે તેનાથી મેં જાણી લીધું કે આ બધું ઈસ્લામ દુશ્મનીમાં જ કરવામાં આવે છે જે મુસલમાનો જેમ શકલો સૂરત બનાવીને આતંકવાદી ગતિ વિધિઓને હવા આપી રહ્યા છે.

ઈસાઈઓને સહાયતા આપનારા તેમજ સ્કીમો તૈયાર કરનારા "યહૂદીઓ" છે જેમનો હેતુ સમગ્ર વિશ્વમાં ઈસ્લામને બદ્નામ કરવાનો છે. દાસ્તાન ઘણી લાંબી છે તેને લખવા માટે સેંકડો પેજોની જરૂરત છે. બસ ટૂંકમાં આટલું કહી દેવું પૂરતુ સમજું છું કે મેં એક વરસ સુધી લેબ્નાનમાં રહેવા માટેની મંજૂરી લઈ લીધી. અને આ દરમિયાન મેં લેબ્નાન યુનિવર્સિટીના ઈસ્લામિયાત વિભાગમાં રહી અભ્યાસ કર્યો અને ઈસ્લામ સ્વીકાર લીધો. ત્યાર બાદ અલ્ મુસ્તવીએ મારી સામે શાદીનો પ્રસ્તાવ મૂક્યો અને મેં આ પ્રસ્તાવને સ્વીકારી લીધો. અલહમ્દુલિલ્લાહ ! આજે હું મજબૂત અક઼ીદાની મુસલમાન સ્ત્રી છું, મારું ઈસ્લામી નામ "મેહરુન્નિસા" છે. મેં મારા પતિ સાથે મળીને ઈસાઈ પ્રોપેગન્ડા વિરુદ્ધ એક મોરચો ખોલ્યો છે. અલગ અલગ રીતે અમે દુનિયાને વિશ્વાસ અપાવવાની કોશિશો કરી રહ્યા છીએ કે આતંકવાદી ષડયંત્રો તથા ગતિ વિધિઓ પાછળ મૂળ ઈસાઈ તથા યહૂદીઓનો જ હાથ છે. મુસલમાનોને આ વાતો સાથે દૂર દૂરનો પણ સંબંધ નથી. આખર હું અલ્લાહની બારગાહમાં સજદએ શુક્ર અદા કરું છું કે તેણે મને હક્ક઼ સમજવાની તૌફીક઼ આપી. અને અલ્લાહથી દુઆ કરું છું કે તે તમામ ગુમરાહો તથા ભાર્ગે ભટકેલા લોકોને રાહે હક્ક઼ ઉપર આવવાની તથા તેને સમજવાની તૌફીક઼ આપે. (આમીન) *(હવાલો : નઈ દુન્યા અઠવાડિક–દિલ્હી, તા. ૨૫ થી ૩૧ ઓક્ટોબર ૨૦૧૦)*

# બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

**તલાલાગીર** : તા. ૨૬–૧૧–૧૦ના રોજ રાત્રે ઈશા બાદ મૌલાના સરફરાઝ નૂરીની નિઝામતમાં હઝરત ઉષ્માનગની رضی اللہ عنہની યાદમાં નૂરાની બયાનો ઉપરોક્ત બંને આલિમોના થયાં તેમજ નઅતેપાક જનાબ ફારૂક સાહબ ગોંડલવાળાએ પેશ કરી.

**★ શાદી મુબારક ★**

**પ્રભાસ પાટણ** : જનાબ હુસૈનભાઈ સાબરીના નેક ફરઝંદ હાફિઝ ઐયૂબની નિકાહ ખ્વાની પ્રસંગે તા. ૨૭–૧૧–૨૦૧૦ શનિવારે રાત્રે દસ વાગ્યે નઅત તથા બયાનનો પ્રોગ્રામ થયો જેમાં હઝરત મૌલાના ઝહીરૂદ્દીન ગોધરાવાળા તથા મૌલાના જાવિદ સાહબનાં બયાનો તેમજ જનાબ વાસિફ રઝા સાહબે નઅતો પેશ કરી.

**દયાદરા** : જનાબ નાસિર મુહમ્મદ શેઠની નેક દુખ્તર હલીમાના નિકાહ તા. ૨૯–૧૧–૨૦૧૦ના રોજ સાજિદ (S/o. મુહમ્મદ ઈસા ગડીમ–દયાદરા) સાથે થયા. તે નિમિત્તે તા. ૨૬–૧૧–૧૦ના રોજ "મેહફિલે સમાએ નઅત"નો શાનદાર જશ્ન થયો જેમાં જનાબ સૈયદ અહમદ સાહબ (મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી)એ નઅતો મન્કબતો પેશ કરી હતી. *(મુબારકબાદ ! – તંત્રી)*

**વેરાવળ** : જનાબ અલી મુહમ્મદ હાજી અ. રહમાન ગોરીની નેક દુખ્તર અઝીલાના નિકાહ નૂર મુહમ્મદ સાથે તા. ૩૦–૧૧–૨૦૧૦ના તુરક જમાઅતખાનામાં મૌલાના હાફિઝ જાવેદ રઝવીએ પઢાવ્યા. *(મુબારક બાદ ! –તંત્રી)*

**સુપાસી** : તા. વેરાવળના જામિઆ અશ્રફિયા–મુબારક ખાતે પઢતા તાલિબે ઈલ્મ મુહમ્મદ ઈરફાનનો ઓકટો.–૨૦૧૦માં યુ.પી. ખાતે ગામ નવલપુર (તા. સલીમપુર, જિ. દેવરયા) ખ્વાજા મિર્ઝા ચિશ્તી رحمۃ اللہ علیہના ૧૦૦માં ઉર્સ નિમિત્તે કિ્રઅતનો મુકાબલો થયો તેમાં પ્રથમ નંબર આવ્યો હતો. *(મુબારકબાદ ! –તંત્રી)*

**★ ઈન્તેકાલ પુરમલાલ ★**

**દયાદરા** : જનાબ ઈસ્માઈલ ભા. (તલાટી)ના વાલિદ સાહબ અહમદભાઈ કંડકટર તા. ૨૫–૧૧–૧૦ના રોજ ઈન્તેકાલ કરી ગયા.

**દયાદરા** : જનાબ અલ્તાફભાઈ ઈબ્રાહીમ તલાટી (સલાદરાવાળા)નાં પત્ની ઝરીનાબેનનો તા. ૨૦–૧૦–૨૦૧૦ના રોજ ઈન્તેકાલ થયો છે.

**મોડાસા** : ખાતે સુન્નિયતના હમદર્દ 'તયબાહ' તથા દા.ઉ. શાહે આલમના અમદાવાદના સફીર જનાબ હાજી અબ્દુલ કરીમ બુલા સાહબ તા. ૨૭–૧૧–૨૦૧૦ના રોજ ઈન્તેકાલ કરી ગયા.

રબ્બે કરીમ સર્વેની મગફિરત ફર્માવે, દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા આમોદ ખાતે કુર્આન ખ્વાની કરી સૌને ઈસાલે સવાબ કરવામાં આવ્યો. *–તંત્રી*

**બરકાતે ખ્વાજા ગમે !**

અસ્સલામો અલયકુમ ! હઝરત શબ્બીર અલી રઝવી, આપનું મેગેઝીન બરકાતે ખ્વાજા મને ખૂબ જ પસંદ છે. કુર્આન તેમજ હદીષની રોશનીમાં હક઼ અને બાતિલનો ફેંસલો તેમજ બદઅકીદા અંગે આપના લેખો કાબિલે તારીફ છે. મુહર્રમ વિશેનો આપનો લેખ ખૂબ શાનદાર અને વાસ્તવિક્તા શું છે એ વિશે સાચી જાણકારી આપનારો છે. અલ્લાહ આપના આ નેક કાર્યમાં આપને કામયાબ કરે, આપનું મેગેઝીન ખૂબ તરક્કી કરે તથા દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા આબાદ રહે તેવી પાક પરવરદિગાર પાસે ખાસ અરજ છે. આગામી અંકમાં રોજબરોજની જરૂરી દુઆઓ જેમ કે જમ્યાં પહેલાં, જમ્યા પછી, ગુસલની દુઆ, બયતુલ ખલામાં જતાં પહેલાં–નીકળ્યાં પછીની દુઆ, જમ્યા પહેલાં–પછીની દુઆ એક સાથે આપવા નમ્ર વિનંતી છે. *–ડૉ. ઈન્તેખાબહુસૈન દેકાવાડિયા, (વાંકાનેર)*

## જાહેર નોટીસ

અમો એડવોકેટ એમ.એ.ભટ્ટી તે મજકુરના અમારા અસીલો અબ્દુલ ગફુર પટેલ, રહે. એસ.–૬, રોયલ કોમ્પ્લેક્ષ, જંબુસર રોડ, ભરૂચ તથા દિલાવરહુસૈન અબ્દુલ્લાહ પટેલ, રહે. એલ–૧૦, લક્ષ્મીનગર સોસાયટી, ભરૂચનાઓની સૂચના અને ફરમાઈશથી આથી જાહેર જનતાને આ નોટીસથી વીદીત કરીએ છીએ કે ડીસ્ટ્રીકટ–સબ ડીસ્ટ્રીકટ ભરૂચના મોજે ડુંગરીની સીમના સર્વે નં. ૩/૧ પૈકી ૧, ૩/૧ પૈકી ૨, ૩/૧ પૈકી ૩, તથા ૩/૧ પૈકી ૪ થી બાવા રેહાન દરગાહની માલિકીની કબ્રસ્તાન તથા તળાવની જમીન આવેલ છે. હાલ સદર જમીનમાં પુરાણ કરી કેટલાક ઈસમો ધ્વારા વેચાણ કરવાની પેરવી કરવામાં આવી રહેલ છે. સદર બાવા રેહાન દરગાહની કુલ ૧૨ એકર અને ૧ ગુંઠા જેટલી જમીન વકફ મિલ્કત છે. અને તે જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગ ભાગ કે હક્ક હિસ્સો નહીં હોવા છતાં સદર જમીનના દફતરે ખોટા નામો દાખલ કરાવી સદર મિલ્કત ખાનગી માલિકીનો હોવાનો ડોળ કરી હાલ સદર મિલ્કત વેચાણ કરવાની પેરવી કરવામાં આવી રહેલ છે તેમજ સદર મિલ્કતમાં બાંધકામ ચાલુ કરવાની પેરવી કરવામાં આવી રહેલ છે.

અમારા અસીલો તરફે નામદાર વકફ ટ્રીબ્યુનલ અને પ્રિન્સીપલ સિવીલ જજ ભરૂચ સમક્ષ સદર મિલ્કત બાબતે વકફ એકટની જોગવાઈઓ મુજબ સદર મિલ્કત વકફ હોવા બાબતની અપીલ દાખલ કરેલ છે જે વકફ અપીલ નં. ૩/૨૦૦૯ થી દાખલ છે. અને તે અપીલના કામે વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટેની અરજી પણ રજૂ કરેલ છે. જે નામદાર કોર્ટ સમક્ષ ઈન્સાફની કાર્યવાહી માટે મોકુફ છે. આમ સદરહુ મિલ્કત વાદવિવાદ વાળી છે. અને મિલ્કત વેચાણ કરવાની પેરવી કરી રહેલ ઈસમોને સદર મિલ્કત વેચાણ કરવાનો કોઈ હક્ક કે અધિકાર નથી કે તેના ઉપર કોઈપણ જાતનો બાંધકામ કરવા અધિકાર નથી. જેથી કોઈપણ ત્રાહીત ઈસમે સદર મિલ્કત સંબંધી કોઈ વ્યવહાર કરવો કરાવવો નહીં તેમ છતાં તેવો વ્યવહાર કરવામાં આવશે તો તેવા વ્યવહાર થકી વેચાણ રાખનાર ઈસમોને કોઈ હક્ક કે અધિકાર પ્રાપ્ત થશે નહીં અને તે અંગેની તમામ જવાબદારી જે તે ઈસમની રહેશે તેમજ અને નામદાર કોર્ટ સમક્ષ ચાલતા કૂનની પ્રકરણમાં જે હુકમ કરવામાં આવશે તે હુકમ સદર મિલ્કત વેચાણ રાખનારને બંધનકર્તા રહેશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ભરૂચ
તા. ૧૦/૧૨/૨૦૧૦

અમારા અસીલોની સૂચના મુજબ
એમ.એ. ભટ્ટી, એડવોકેટ–ગુ.હાઈકોર્ટ

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**૧. મલીક યુવાન** : ઉમર–૨૩ વર્ષ, નવ પાસ, કેબલ કામ ઈન્ટરનેટ ઓપરેટર, માસિક આવક ૪ હજાર રૂા. (વડોદરા તરફ) ખૂબ સૂરત, નેક દીનદાર કન્યા જોઈએ. (મો. ૯૮૯૮૦ ૧૧૪૫૯)

**૨. સિંધી યુવાન** : ઉમર–૩૦ વર્ષ, B.A., વ્યવસાય : ખાતર બિયારણની દુકાન, (રાધનપુર તરફ) મો. ૯૦૧૬૦ ૩૨૯૨૨, ૯૬૮૭૭ ૯૨૮૨૨

**૩. સુન્ની યુવતી** : ઉમર–૨૪ વર્ષ, સ્કૂલ ટીચર, પગાર–૩૦૦૦ રૂા. ઉર્દૂ, અરબી, ગુજરાતી, ઈંગ્લિશ જાણકાર, નમાઝી દીનદાર ખુબસૂરત) (જામનગર તરફ) (પસંદગી : **U.K.** ખાતે નેક છોકરાની તલાશ) મો. ૯૫૫૮૬ ૪૪૨૫૮

**૪. શેખ યુવતી** : ૨૮ વર્ષ, તલાક્ શુદા, બાર પાસ,ઘરકામમાં હોશિયાર, નેક દીનદાર નમાઝી, પર્દાવાળી (ઝઘડિયા તરફ) (મો. ૯૮૯૮૮ ૮૮૨૦૨)

**નોંધ : વધુ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલય**નો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## મન્કબત : દરશાને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضي الله عنه

અહમદ રઝા કા તાઝા ગુલિસ્તાં હૈ આજ ભી
ખુર્શિદે ઈલ્મ ઉન્કા દરખ્શાં હૈ આજ ભી
અરસા હુવા વો મર્દે મુજાહિદ ચલા ગયા
સીનોંમેં એક સોઝિશ પિન્હાં હૈ આજ ભી
ઈમાન પા રહા હૈ હલાવત કી નેઅમતેં
ઔર કુફ્ર તેરે નામસે લરઝાં હૈ આજ ભી
સબ ઉનસે જલનેવાલોં કે ગુલ હો ગએ ચિરાગ
'અહમદ રઝા' કી શમ્એ ફરોઝાં હૈ આજ ભી
કિસ તરહ ઈત્ને ઈલ્મ કે દરયા બહા દિએ
ઉલમાએ હક્ક઼ કી અક઼્લ તો હૈરાં હૈ આજ ભી
મગ઼્મૂમ અહલે ઈલ્મ ન હોં ક્યૂં તેરે લિએ
જબ ઈલ્મ ખૂદ હી સર બગરિબાં હૈ આજ ભી
ઈશ્કે઼ હ઼બીબે પાકમેં ડૂબા હુવા કલામ
સર ચશ્મએ નિશાતે સુખન દાં હૈ આજ ભી
તુમ ક્યા ગએ કે રૌનકે મેહફિલ ચલી ગઈ
શેઅરો અદબ કી ઝુલ્ફ પરેશાં હૈ આજ ભી
બઅદે વિસાલ ઈશ્કે઼ નબી કમ નહીં હુવા
રૂહે રઝા હુઝૂર પર કુર્બાં હૈ આજ ભી
બેશક ! કરમ હૈ યે જો તુમ્હારે કલામમેં
બેચૈન દિલકે ચૈન કા સામાં હૈ આજ ભી
ભર દી દિલોંમેં ઉલ્ફતો અઝમત રસૂલ કી
જો મખ્ઝને હલાવતે ઈમાં હૈ આજ ભી
જો ઈલ્મ કા ખઝીના કિતાબોંમેં હૈ તેરી
નામૂસે મુસ્તફા કા વો નિગરાં હૈ આજ ભી
'**મિર્ઝા**' સરે નિયાઝ ઝુકાતા હૈ ઈસ લિએ
ઈલ્મો અમલ પે આપ કા એહસાં હૈ આજ ભી

**ખુશખબર !**

## ભરૂચમાં નૂરી તર્બિયતી સેન્ટર શરૂ થયું !

સુન્ની દા'વતે ઈસ્લામી (ભરૂચ) શાખાની યાદી જણાવે છે કે કતોપોર બજાર, દાણા ગલી, ચબૂતરા સામે–ભરૂચ મુકામે મુબલ્લિગની તર્બિયત માટે "નૂરી તર્બિયતી સેન્ટર" શરૂ થયેલ છે જેમાં કાબેલ આલિમ તથા મુબલ્લિગો દીની તર્બિયત કરશે. દીની ઈલ્મ શીખવા એક દિવસ, ત્રણ દિવસ, અઠવાડિયુ, મહિનો કે ત્રણ મહિના વરસ રહીને મસાઈલ શીખો અને દીનના મુબલ્લિગ બની દીનની તબ્લીગ કરો.

**સંપર્ક નંબર** : મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ૯૪૨૬૮ ૦૨૭૭

**મદદની અપીલ !**

**જંબુસર** : જિ. ભરૂચ કપાસીયાપુરા ગંજખાના મસ્જિદની બાજુમાં "મદ્રસાએ અહમદ રઝા"નું બાંધકામ ચાલુ છે તેમાં હવે પથ્થર, સ્લેપ, પ્લાસ્ટરની જરૂર હોવાથી સખીદાતા સખાવતમાં આગળ આવે. મદદ મોકલવાનુ સ્થળ : **ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા** મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ તેમજ હાજી અ. રહીમ હિસામભાઈ (મુતવલ્લી) : ભાગલીવાડ મસ્જિદ–જંબુસર